# સાચું સુખ

## તમે પણ પ્રાપ્ત કરી શકો છો

____________________ ને

____________________

*તરફથી*

*ને સપ્રેમ ભેટ*

____________________

*મહેરબાની કરીને સંપર્ક કરશો*

____________________

____________________

____________________

____________________

True Happiness Can Be Yours
**સાચું સુખ તમે પણ પ્રાપ્ત કરી શકો છો.**

Copyright © 2004 by DENSU ®

First English Edition, 2000, USA.
First Gujarati Edition, 2006, January.

Copies 5,000

**SOUTH ASIA CO-ORDINATOR**
**DenSu Ministries**
P.O. BOX NO. : 969,
PERAMBUR BARRACKS,
CHENNAI - 600 012
E-mail : *southasia@densu.com*

સાઉથ એશિયા કો-ઓર્ડિનેટર
ડેનસૂ મિનિસ્ટ્રીઝ
પોસ્ટ બોક્સ નં. 969,
પેરામ્બૂર બૅરેક્સ
ચેન્નાઈ - 600 012.
ઈ-મેઈલ : *southasia@densu.com*

# પ્રકરણ - એક
## સાચું સુખ તમે પણ પ્રાપ્ત કરી શકો છો.



આપણે બધા જ સાચા સુખની આશા રાખીએ છીએ અને એ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ છીએ. આપણી રાષ્ટ્રીયતા, ન્યાત, ઉંમર, જાતિ, સામાજીક દરજ્જો, બુધ્ધિ, ધર્મ કે ભણતર ગમે તે હોય, પણ આપણે બધા જ સાચા સુખનો અનુભવ કરવા તથા તેને માણવાની ઈચ્છા રાખીએ છીએ.

સાચું સુખ પ્રાપ્ત કરવાની તથા તેનો અનુભવ કરવાની સર્વવ્યાપી ઈચ્છા સંબંધીની જે વાસ્તવિક્તા છે, એ વાસ્તવિક્તા આપણને જણાવે છે કે એ ઈચ્છા આપણા દૈનિક જીવનનો એક અખંડ ભાગ છે, અને સાચું સુખ મેળવવા પ્રયત્ન કરવો એ દરેક વ્યક્તિનો જન્મસિધ્ધ હક છે, અને એ શોધવું એમાં કશું ખોટું નથી.

સમગ્ર દુનિયાની વ્યવસ્થા જ એવી છે કે સાચું સુખ પ્રાપ્ત કરવા માટે

*આપણે હંમેશા કોઈપણ બાબત અને દરેક બાબત કરવા તૈયાર રહીએ છીએ, પરંતુ આપણાં જીવનોની બાબતો સંબંધી આપણે જો પ્રમાણિક હોઈશું, તો આપણે કબૂલ કરવું પડશે કે આપણે ખરેખર સુખી નથી; હજુપણ કાંઈક ખૂટે છે!*

*આ પુસ્તકના લેખકો માને છે કે દરેક વ્યક્તિ, પછી તે ગમે તે હોય, સાચા અર્થમાં સુખી જીવન પ્રાપ્ત કરવાને માટે હક્કદાર છે, અને તેથી જ, અમે હવે તમારી સાથે એ અંગે ચર્ચા કરીશું.*

**તમે પણ સાચું સુખ પ્રાપ્ત કરી શકો છો......**

આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં તે સારું હતું. પૃથ્વી એક અજાયબ સ્વર્ગ સમાન હતી, જ્યાં ઈશ્વરે તેમના પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે પ્રથમ પુરુષ અને સ્ત્રીને બનાવીને મૂક્યાં.

પોતાના સર્જનહારની સાથે રહીને એ બંને જણાં પૃથ્વી પર અમલ ચલાવતાં હતાં, તેથી તેઓનું જીવન અજાયબ આશીર્વાદોથી ભરેલું હતું. ઈશ્વરે એ બંને જણાને પૃથ્વી પરની સર્વ જીવંત વસ્તુઓ પર અમલ ચલાવવાનો અધિકાર આપ્યો, અને તેઓને સફળ થઇને વૃધ્ધિ પામવાનું તથા પૃથ્વીને ભરપૂર કરવાનું અને વશ કરવાનું જણાવ્યું. ઈશ્વરે એ બંને જણાને સર્વ બાબતો પર અધિકાર આપીને સર્વ પ્રાણીઓનાં નામ પાડવાનું તેઓને જણાવ્યું.

એદનવાડી, જે તેઓનું ઘર હતું, એ તો એક સ્વર્ગ હતું. ''એદન'' શબ્દનો અર્થ ખરેખર તો આનંદ અને ઉલ્લાસ થાય છે. એ બંને જણાં તેઓના સર્જનહારની સતત સંગતમાં રહેતાં હતાં. અને સર્જનહારે સર્જન કરેલી કૃતિઓની સાથે ભાઇચારાથી રહેતાં હતાં. ત્યાં ન તો કોઇ પાપ કે ન કોઇ પ્રકારની હિંસા, ન કોઇ માંદગી કે રોગ, ન કોઇ પ્રકારની ખોટ કે તંગી, મરણ પણ ન હતું. સર્વ લોકો માટે ઈશ્વરની આ જ યોજના હતી, અને આજે પણ છે!

પ્રથમ પુરુષ આદમ અને તેની પત્ની હવાના જીવન જેવું જીવન આ પૃથ્વી પર ક્યારેય કોઇ પામી શક્યું નથી, અને સમગ્ર માનવજાત માટે ઈશ્વરની ઈચ્છા એવી જ હતી- આદમ અને હવાથી જન્મેલ દરેક જણ માટે પણ. સુખી જીવન જીવવા માટે એ લોકો પાસે બધું જ ભરપૂરપણે હતું, પરંતુ એ લોકોના



સુખનું રક્ષણ કરવા માટે ઈશ્વરે એક બાબતની મનાઇ તેઓને ફરમાવી હતી.

**''વાડીના હરેક વૃક્ષ પરનું ફળ તું ખાયા કર; પણ ભલુંભૂંડું જાણવાના વૃક્ષનું ફળ તારે ખાવું નહિ; કેમ કે જે દિવસે તું ખાશે તે જ દિવસે તું મરશે જ મરશે.''**

ઈશ્વરે આદમ અને હવાને પસંદગી કરવાની છૂટ આપી હતી. ઈશ્વરે તેઓને કોઇ કઠપૂતળી કે રોબોટ તરીકે ઉત્પન્ન કર્યાં ન હતાં. ઈશ્વરની ઈચ્છા એવી હતી કે તેમની અને આદમ-હવા વચ્ચેનો સંબંધ વિશ્વસનીય અને એકબીજાનું માન જાળવનારો બની રહે. ઈશ્વર એવું ઈચ્છતા ન હતા કે એ બંને જણાં મરણ પામે, અને તેમણે તો એ બંને જણાને પેલા વૃક્ષનું ફળ ન ખાવા માટે જ જણાવ્યું હતું. એ બંને જણાએ ઈશ્વર પર વિશ્વાસ ન મૂક્યો અને નીચે જણાવ્યા મુજબ તેઓ છેતરાયા :

**હવે યહોવા ઈશ્વરનાં બનાવેલાં ખેતરનાં સર્વ જાનવરો કરતાં સર્પ ધૂર્ત હતો. અને તેણે સ્ત્રીને કહ્યું કે, ''શું ઈશ્વરે તમને ખરેખર એવું કહ્યું છે કે, ''વાડીના હરેક વૃક્ષનું ફળ તમારે ન ખાવું?'' સ્ત્રીએ સર્પને કહ્યું કે, ''વાડીનાં વૃક્ષોનું ફળ ખાવાની અમને રજા છે; પણ ઈશ્વરે કહ્યું છે કે, 'વાડીની વચ્ચેના વૃક્ષના ફળને તમારે ખાવું કે અડકવું નહિ, રખેને તમે મરો.''**

**અને સર્પે સ્ત્રીને કહ્યું કે, ''તમે નહિ જ મરશો; કેમકે ઈશ્વર જાણે છે કે તમે ખાશો તે જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, અને તમે ઈશ્વરના જેવા ભલુંભૂંડું જાણનારા થશો.'' અને તે વૃક્ષનું ફળ ખાવાને વાસ્તે સારું અને જોવામાં સુંદર, અને જ્ઞાન આપવાને ઈચ્છવાજોગ એવું એ વૃક્ષ છે, તે જોઈને સ્ત્રીએ ફળ તોડીને ખાધું; અને તેની સાથે પોતાનો પતિ હતો તેને પણ આપ્યું, અને તેણે ખાધું.**

**ત્યારે તે બંનેની આંખો ઊઘડી ગઈ, અને તેઓએ જાણ્યું કે, અમે નાગાં છીએ; અને અંજીરીનાં પાતરાં સીવીને તેઓએ પોતાને સારૂ આચ્છાદન બનાવ્યાં. અને દિવસને ઠંડે પહોરે યહોવા ઈશ્વર વાડીમાં ફરતા હતા, તેમનો અવાજ તેઓએ સાંભળ્યો અને તે માણસ તથા તેની પત્ની યહોવા ઈશ્વરની દૃષ્ટિથી વાડીનાં વૃક્ષોમાં સંતાઇ ગયાં. અને યહોવા ઈશ્વરે આદમને હાંક મારીને**

**કહ્યું કે, “તું ક્યાં છે?”**

**અને તેણે કહ્યું કે, “મેં વાડીમાં તમારો અવાજ સાંભળ્યો, ને હું નાગો હતો તે માટે બીધો, અને હું સંતાઇ ગયો.” અને તેમણે કહ્યું, “તને કોણે કહ્યું કે તું નાગો છે? જે વૃક્ષનું ફળ ખાવાની મના મેં તને કરી હતી તે તેં ખાધું છે શું?” અને આદમે કહ્યું કે, “મારી સાથે રહેવા સારૂ જે સ્ત્રી તમે મને આપી છે તેણે મને તે વૃક્ષનું ફળ આપ્યું, ને મેં ખાધું.” અને યહોવા ઈશ્વરે સ્ત્રીને કહ્યું, “આ તેં શું કર્યું છે?” અને સ્ત્રીએ કહ્યું કે, “સર્પે મને ભુલાવી, ને મેં ખાધું.”**

પોતાના સર્જનહાર પર વિશ્વાસ નહિં કરવાને કારણે તથા ઈશ્વરની આજ્ઞા નહિ પાળવાને પરિણામે આદમ અને હવા સમગ્ર માનવજાતને વિનાશના માર્ગે દોરી ગયાં. આદમ અને હવાના અવિશ્વાસ અને આજ્ઞાભંગને કારણે આ જગતમાં પાપે પ્રવેશ કર્યો, અને તેઓના એ અવિશ્વાસ અને આજ્ઞાભંગે માનવજાતને તેના સર્જનહારથી છૂટી પાડી દીધી. તેઓના અવિશ્વાસ અને પાપને કારણે સર્વ પ્રકારની ભૂંડાઇ તથા સ્વાર્થ, માંદગી, રોગ અને મરણ પણ આ જગતમાં પ્રવેશ્યાં.

માનવજાતના આદિ માતાપિતાએ પોતાના સર્જનહાર ઈશ્વર પર વિશ્વાસ કરવાને બદલે સર્પ, જે શેતાન હતો તેના પર વિશ્વાસ કરવાનું પસંદ કર્યું. પાપને કારણે માનવજાત ઈશ્વરથી કેવળ દૂર જ ન થઇ, પરંતુ શેતાને પૃથ્વી પરની માનવજાત પર કબજો જમાવી દીધો છે. પૃથ્વી પર સર્પ સહિતની સર્વ કૃતિઓ પર અમલ ચલાવવાનો અધિકાર ઈશ્વરે આદમ અને હવાને આપ્યો હતો, પરંતુ શેતાન પર અમલ ચલાવવા અધિકારનો ઉપયોગ કરવાને બદલે તેઓએ શેતાનની વાત માની, અને પોતાના સર્જનહારની સાથે રહીને રાજ કરવાને બદલે પાપ અને શેતાનના ગુલામ બની ગયાં.

પૃથ્વી પરનું તેઓનું તથા સમગ્ર માનવજાતનું જીવન ઈશ્વરે જે પ્રમાણે ઇચ્છયું હતું તે પ્રમાણે ન રહ્યું. જીવન ઈશ્વર તરફથી મળતા આશીર્વાદો અને ભરપૂરીપણાથી છલોછલ બની રહેવાને બદલે માત્ર એક અસ્તિત્વ કે નામનું જ રહ્યું. જગતની અંદર પાપના પ્રવેશને પરિણામે માણસને ઈશ્વરની દૂર જવું પડ્યું, અને પૃથ્વી પર શેતાનની પ્રવૃત્તિઓ વધી ગઇ, એ બે પરિણામો આપણને એ સમજવા માટે મદદરૂપ બને છે કે માનવજાત શા માટે આવી ગૂંચવાડા,



અંધાધૂંધી અને ઘોંઘાટભરી સ્થિતિમાં જીવી રહી છે, વળી લોકો શા કારણે સર્વ પ્રકારનાં સ્વાર્થીપણા, બિમારી અને રોગો, ગરીબી, આત્મહત્યા, ખૂન, જાતીય પાપ અને વિકૃતિ, સત્તા સામે બળવો, છૂટાછેડા, ડ્રગ્સ અને દારૂના વ્યસન તથા અન્ય પ્રકારની સામાજીક ભૂંડાઇથી ભરેલા નીચલા સ્તરના જીવનનો અનુભવ કરી રહ્યાં છે.

જગતની આજની આવી ગૂંચવાડાભરી પરિસ્થિતિ માટે તથા પોતાના જીવનમાં, કુટુંબમાં તથા દેશમાં તેઓને સામનો કરવી પડતી સમસ્યાઓને માટે મોટાભાગના લોકો જાણી જોઈને તથા શેતાનની પોતાની ચાલમાં આવી જઇને ઈશ્વરને તથા ‘અન્ય દેવી દેવતાઓ’ ને દોષિત માને છે. સાચી સમસ્યા શું છે અને એ સમસ્યાનો સાચો ઉકેલ શું છે, એ સમજ્યા વિના માનવજાત પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા, આગળ વધવા અને જીવન સફળ બનાવવા માટે સંઘર્ષ કરી રહી છે, વળી એ બધાનો અંત શું આવશે તે જાણવા લોકો વલખાં મારી રહ્યા છે, અને છેવટે તેઓને મરણ, ન્યાય અને ઈશ્વરની ગેરહાજરીવાળો અનંતકાળ પ્રાપ્ત થાય છે.

દરેક જગ્યાએ લોકો પોતાનામાં રહેલું ખાલીપણું ભરી દેવાના પ્રયત્નોમાં દરરોજ આમતેમ ભટકી રહ્યા છે. ઈશ્વરે પેદા કરેલું એ ખાલીપણું મનોરંજન, દુન્યવી આનંદપ્રમોદ, જાતીયતા, ડ્રગ્સ, દારૂ, રમતગમત, કારકીર્દિ, સંબંધો, અરે ધર્મ દ્વારા પણ ભરી શકાતું નથી, એ ખાલીપણું તો સર્જનહાર સાથેની સંગત દ્વારા જ ભરી શકાય છે. શેતાન અને તેનું રાજ્ય અમુક સમય સુધી જ આનંદ કે સુખ આપી શકે છે, પરંતુ એ તો અલ્પજીવી છે, અને છેવટે તો એથી પણ વધારે પીડા, યાતના અને ખાલીપણાનો અનુભવ થવા લાગે છે.

જેમના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે, એ ઈશ્વરે, પાપ અને અવિશ્વાસને કારણે પોતાનાથી દૂર ચાલી ગયેલા લોકો પર પ્રેમ દર્શાવવાનું અને તેઓને મહત્વ આપવાનું ચાલુ રાખ્યું છે. જો કે, આપણી પ્રત્યેનો તેમનો પ્રેમ એવો ને એવો જ હોવા છતાં આપણા સર્જનહાર પાપના પરિણામ સંબંધી તેમણે પોતે ઘડેલા નીતિનિયમોનો ભંગ કરતા નથી, નહિ તો તેમનાં વચનો વિશ્વાસ કરવા યોગ્ય ન રહેત. અને તેથી જ,

માનવજાતની અવઢવનો ઉકેલ લાવવા માટે ઈશ્વરે ઉપાય કે માર્ગ અપનાવવો પડ્યો, જેથી કરીને આપણી સાથે તે ફરીથી સંગત કરી શકે અને આપણે ફરીથી અગાઉની અસલ શાંતિ, આશીર્વાદ અને ભરપૂરીપણું તેમ જ તેમના વચનની સત્યતા અને સંપૂર્ણતાનો સ્વીકાર ઈશ્વર તરફથી આપણને આપવામાં આવેલ પૃથ્વી પરનો અધિકાર પ્રાપ્ત કરી શકીએ.

ઈશ્વરનો ન્યાય અદલ છે. માનવજાતનાં પાપ અને આજ્ઞાભંગની શિક્ષા થવી જ જોઈએ. પાપની શિક્ષા મરણ છે, આપણા દૈહિક જીવનનો જ અંત આવતો નથી, પરંતુ આત્મિક મરણ પણ થાય છે, જે ઈશ્વરથી દૂર ચાલ્યા જવાની બાબત છે.

પાપમાં મરણ પામનારા લોકો શા માટે નરકમાં જાય છે તેનું કારણ આ જ છે, અને એવા લોકો ઈશ્વરની હાજરીથી અનંતકાળ માટે દૂર ચાલ્યા જાય છે; નરક ખરેખર તો શેતાન અને તેના પતિત થયેલા દૂતો માટે તૈયાર કરવામાં આવેલ જગ્યા હતી.

જો કે, સમગ્ર માનવજાતનો નાશ કરવાને બદલે ઈશ્વરે માનવજાતનો તેના પાપમાંથી છૂટકારો થાય એ માટે એક માર્ગ તૈયાર કર્યો કે જેથી કરીને માનવજાત ઈશ્વર સાથેની સંગત તથા જે જીવન ઈશ્વર હંમેશા આપવા ઈચ્છતા હતા એ જીવન તે પ્રાપ્ત કરી શકે. આપણો ઉધ્ધાર કરવાને માટે, પાપની ગુલામીના બજારમાંથી આપણને પાછા ખરીદી લેવા માટે અને આપણાં જીવનો પરના શેતાનના અંકુશમાંથી આપણને મુક્ત કરવાને માટે ઈશ્વરે એક યોજના તૈયાર કરી. ઈશ્વરે એ કાર્ય તેમના પુત્ર ઈસુ ખ્રિસ્ત મારફતે પૂરું કર્યું.

**"કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે."** ઈશ્વરપુત્ર ઈસુનો જન્મ ઈસ્રાએલના બેથલેહેમ નગરમાં દૈવી રીતે થયો હતો. મરિયમ નામની એક કુંવારિકા ઈશ્વરપુત્ર ઈસુની માતા હતી. મરિયમ ગર્ભવતી બને અને ઈશ્વરના પવિત્ર બાળક ઈસુને જન્મ આપે એ માટે ઈશ્વરના પવિત્ર આત્માએ તેની પર આચ્છાદન કર્યું.



ઈસુના આ પૃથ્વી પરના આગમનનો હેતુ અને તેમના જીવનમાં બનનારી અન્ય ઘટનાઓ સંબંધી તેમના જન્મ અગાઉ સદીઓ પૂર્વે ભવિષ્ય ભાખવામાં આવ્યું હતું. તેમના જીવનની નાનામાં નાની બાબત સંબંધી કરવામાં આવેલી ભવિષ્યવાણીઓ સહિતની તમામ ભવિષ્યવાણીઓ અક્ષરસઃ પરિપૂર્ણ થઈ છે. ઈસુ ઈશ્વરની તથા માણસોની પ્રસન્નતા પ્રાપ્ત કરીને મોટા થયા અને અહીં પૃથ્વી પર ૩૩ વર્ષ સુધી જીવીને તેમના આગમનનો હેતુ પરિપૂર્ણ કર્યા પછી આકાશમાંના તેમના પિતા પાસે પાછા ફર્યા.

ઈસુ અન્ય માણસો કરતાં જુદા હતા. તેમને આ પૃથ્વી પરના પિતા ન હતા. તેમના શરીરમાં આદમનું લોહી ન હતું. ઈશ્વર તેમના પિતા હતા, તેમ છતાં જે રીતે ઉત્પત્તિમાં આદમ અને હવાનું શેતાન દ્વારા પરીક્ષણ થયું હતું, એ રીતે ઈસુનું પણ શેતાન દ્વારા પરીક્ષણ થયું હતું. ઈસુએ ક્યારેય પાપ કર્યું ન હતું. તેમણે શેતાનની દરેક યોજના અને ચાલ પર વિજય પ્રાપ્ત કર્યો. તેમણે હંમેશા ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કાર્યો કર્યા અને આકાશમાંના તેમના પિતાને સંપૂર્ણપણે આધીન રહીને જીવન જીવ્યા.

અને તેથી જ, ઈસુ ખ્રિસ્ત માનવજાતનો ઉધ્ધાર કરવાની ઈશ્વરની યોજના પરિપૂર્ણ કરી શક્યા. તે આપણી સમસ્યાનો ઈશ્વર તરફથી મળેલ ઉકેલ છે. આપણાં પાપોની શિક્ષા આપણને કરવાને બદલે ઈશ્વરે તેમના દીકરા ઈસુને શિક્ષા કરી. આ પૃથ્વી પર ચાલનાર એકમાત્ર સંપૂર્ણ અને પાપરહિત માનવી એવા ઈસુ ખ્રિસ્તે તમારે સારૂ, મારે સારૂ અને સમગ્ર માનવજાતને સારૂ પોતાના જીવનું બલિદાન આપ્યું. ઈસુ ખ્રિસ્ત આજથી ૨૦૦૦ વર્ષ પૂર્વે વધસ્તંભે જડાઈને મૃત્યુ પામ્યા અને આપણને પાપ અને પાપની અસરમાંથી મુક્ત કરવા તથા આપણાં જીવનો પરના શેતાનના અંકુશને દૂર કરવા માટે આપણાં પાપોની કિંમત ચૂકવવા માટે તેમણે તેમનું અમૂલ્ય રક્ત વહેવડાવ્યું.

ઈસુ ખ્રિસ્ત આપણા અવેજ બન્યા. એ વધસ્તંભ પર તેમણે આપણા બદલે શિક્ષા સહન કરી. **ઈસુ, જે પાપરહિત હતા તે આપણે સારૂ પાપરૂપ થયા, જેથી કરીને આપણે તેમનામાં ઈશ્વરના ન્યાયીપણારૂપ બનીએ.** તેમણે આપણી સાથે વ્યવહાર કર્યો. તે આપણા જેવા બની ગયા, જેથી કરીને તે જેવા છે તેવા આપણે પણ બનીએ. તેમણે વધસ્તંભ પર તેમના પોતાના શરીર પર

આપણાં પાપ, બિમારી અને રોગ લઇ લીધાં અને તેના બદલામાં આપણને તેમનું ન્યાયીપણું, તંદુરસ્તી અને ભરપૂર જીવન આપ્યાં. તેમણે આપણી નિષ્ફળતા લઇને બદલામાં પોતાનો વિજય આપણને આપ્યો. તે મરણ પામ્યા જેથી કરીને ઇશ્વરની જે ઇચ્છા હતી, એ ઇચ્છા પ્રમાણેનું ભરપૂર જીવન આપણે પ્રાપ્ત કરી શકીએ.

**ભવિષ્યવાણી પ્રમાણે ઇસુ ખ્રિસ્ત આપણાં પાપને સારૂ મરણ પામ્યા. તેમના સંબંધમાં અગાઉથી જણાવ્યા પ્રમાણે તેમને દાટવામાં આવ્યા અને ત્રીજે દિવસે તેમને ઊઠાડવામાં આવ્યા. એ પછી પિતરને તથા અન્ય શિષ્યોને તેમનું દર્શન થયું, અને એ પછીથી એકી સમયે પાંચસો કરતાં પણ વધારે તેમના અનુયાયીઓને તેમનું દર્શન થયું.** એ પછીથી થોડા સમયમાં ઇસુ ખ્રિસ્ત સ્વર્ગમાં ચઢી ગયા કે જ્યાં અત્યારે તેઓ તેમના પર વિશ્વાસ કરનારાઓને માટે તથા તેમનો તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કરનારા સર્વ લોકો માટે જગ્યા તૈયાર કરી રહ્યા છે. અને એક દિવસ, ઇસુ તેમના પર વિશ્વાસ કરનારા લોકોને સ્વર્ગમાં સદાકાળ સુધી રહેવાને માટે લઇ જવા સારૂ આવવાના છે.

ઇસુ ખ્રિસ્તે પાપ, માંદગી, રોગ, મરણ અને શેતાનની તમામ યોજનાઓ અને યુક્તિ-કુયુક્તિઓ પર વિજય મેળવ્યો છે. તેમણે આ બધું કાર્ય મારે સારૂ, તમારે સારૂ અને સમગ્ર માનવજાત તેમજ તેમની પાસે આવનાર અને વિશ્વાસ કરનાર, તેમણે વહેવડાવેલા તેમના રક્ત પર પોતાનો વિશ્વાસ પ્રગટ કરનાર, અને પોતાના અંગત તારનાર તથા પ્રભુ તરીકે તેમનો સ્વીકાર કરનારાઓ માટે કર્યું છે. **કેમકે જે કોઇ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે.**

આ પુસ્તકમાં લખવામાં આવેલ એકેએક વાત ઇશ્વરના વચન બાઇબલમાં નોંધવામાં આવેલ સત્યના આધારે લખવામાં આવી છે. બાઇબલ ઇશ્વર દ્વારા લખવામાં આવેલ એક રેકોર્ડ અને વૃતાંત છે, અને એ દ્વારા ઇશ્વર પોતાની ઓળખ માનવજાત આગળ પ્રગટ કરે છે. ઇશ્વર તેમણે આપેલાં વચનોને સદીઓથી પાળતા આવ્યા છે, જેથી કરીને તમે અને હું જાણી શકીએ કે આપણે કોની પર વિશ્વાસ કરવો જોઇએ, આપણાં પાપમાંથી આપણે કેવી રીતે બચી શકીએ અને આપણે કેવી રીતે ઉધ્ધાર પામીને આપણા સર્જનહાર,



આપણા તારનાર અને આપણા મિત્રમાં પુનઃસ્થાપિત થઇને ઇશ્વરની સાથેના સમાધાનમાં આવી શકીએ.

તમે હમણાં જ ઇસુ ખ્રિસ્ત વિષેનો શુભ સંદેશ સાંભળ્યો છે કે ઇસુ ખ્રિસ્ત આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં વધસ્તંભ પર તમારે બદલે મરણ પામ્યા અને તમને ઇશ્વર પાસે પાછા લઇ આવવા સારૂ તેમણે તમારાં પાપ પોતાને શિરે લીધાં. તમારે બદલે તેમણે શિક્ષા અને યાતના સહન કરી, કે જેથી કરીને જ્યારે તમારું મરણ થાય ત્યારે તમારે નરકમાં જવું ન પડે અને તમારે અનંતકાળની શિક્ષા ભોગવવી ન પડે. તમારું પાપ એક એવું દેવું છે કે જે તમે ભરી શક્તા નથી. તમારું એ દેવું ઇસુ ખ્રિસ્તે તમારા વતી પૂરેપૂરું ભરી દીધું છે. તમારો ઉધ્ધાર કરવા માટે ઇસુ ખ્રિસ્તે પોતાનો જ જીવ આપી દેવો પડ્યો, અને તમારી પ્રત્યેનો પ્રેમ પ્રગટ કરવા માટે તેમણે એ પ્રમાણે કરી દેખાડ્યું. ઇશ્વર તમારા પર પ્રેમ રાખે છે!

તમને પોતાની સંગતમાં પાછા લઇ આવવા માટે ઇશ્વરે પોતાના એકનાએક દીકરાને તમારી જગ્યાએ મરણ પામવાને માટે આપી દીધો, એ સત્યનો સ્વીકાર કરીને ઇશ્વરના પ્રેમનો પ્રત્યુત્તર તમે કેવી રીતે આપશો? વળી, તમારી પ્રત્યેના ઇસુના પ્રેમનો બદલો તમે કેવી રીતે વાળી આપશો કે જે તમને અનંતજીવન પ્રાપ્ત થાય એ માટે તમારા વતી મરણ પામવા તથા શિક્ષા સહન કરવા તૈયાર હતા? અને અત્યારે તમારી આગળ ઇસુને પ્રગટ કરનાર પવિત્ર આત્માને તમે કેવી રીતે પ્રત્યુત્તર આપશો? તમે કેવો પ્રતિસાદ આપશો? તમારી પાસે બે વિકલ્પો છે!

તમે ક્યાં તો સુવાર્તા પર વિશ્વાસ કરીને અથવા તો ઇસુ સંબંધીના શુભ સંદેશ પર વિશ્વાસ કર્યા વિના તેમનો નકાર કરવા દ્વારા પ્રત્યુત્તર આપી શકો છો. પોતાના જ જીવનનું બલિદાન આપનાર ઇશ્વરનાર ઇશ્વરના પુત્રરૂપી અમૂલ્ય ભેટનો સ્વીકાર કરી શકો છો અથવા તો કશું જ ન કરીને એટલે કે ઇસુનો તથા તે તમને જે આપવા ઇચ્છે છે તેનો નકાર કરીને પ્રત્યુત્તર આપી શકો છો. તમે ઇશ્વર પાસેથી માફી મેળવી શકો છો અને એ દ્વારા તમારા સર્જનહારની સાથે સમાધાનમાં આવી શકો છો, અથવા તો તમારાં પાપમાં તમે સદાકાળ સુધી મૂએલાં જ રહી શકો છો. પ્રભુના નામે વિનંતી કરીને તમે

તારણ પામી શકો છો અથવા તો ઈશ્વરથી દૂર રહીને આશાવિહીન સ્થિતિમાં ખોવાયેલા જ રહી શકો છો.

ઈશ્વર ઈચ્છે છે કે તમે તેમના પર વિશ્વાસ કરો અને તેમના દીકરાનો સ્વીકાર કરો તથા એ પ્રમાણે કરવાથી પ્રાપ્ત થતા આશીર્વાદો પ્રાપ્ત કરી લો, પરંતુ ઉત્પત્તિના સમયે આદમ અને હવાએ જે રીતે ઈશ્વર પર શંકા વ્યક્ત કરી હતી, તેમ તમે પણ ઈશ્વર પર શંકા કરો તથા તમે તેના અંકુશ હેઠળ રહો એવી ઈચ્છા શેતાન રાખે છે. તમે આશીર્વાદિત બનો એવી ઈચ્છા ઈશ્વર રાખે છે. પરંતુ શેતાન ઈચ્છે છે કે તમે શાપિત થાઓ. ઈશ્વર તમને મદદ કરવાની ઈચ્છા રાખે છે. પરંતુ શેતાન તમને નુકશાન પહોંચાડવાની ઈચ્છા રાખે છે. તમે પાપની અસરોથી મુક્ત રહો એવું ઈશ્વર ઈચ્છે છે. તમે પાપના બંધનમાં રહો એવું શેતાન ઈચ્છે છે. તમે ભરપૂરીપણા તથા દૈવી તાજગીમાં જીવન જીવો એવું ઈશ્વર ઈચ્છે છે. તમે તંગાશ અને બિમારીમાં જીવન જીવો એવું શેતાન ઈચ્છે છે. જીવનના અધિકારી ઈશ્વર છે. મરણનો અધિકારી શેતાન છે. ઈશ્વરની ઈચ્છા છે કે તમે તેમની સાથે સદાકાળ સુધી સ્વર્ગનું સુખ માણો. શેતાનની ઈચ્છા છે કે તમે તેની સાથે અનંતકાળ સુધી નરકની પીડા અને યાતના ભોગવો.

**ઈસુ ખ્રિસ્ત ભલું કરતા તથા શેતાનથી જે લોકો પીડાતા હતા તેઓ સર્વને સાજા કરતા ફર્યા.** તેમણે માંદાંઓને સાજાં કર્યાં, આંધળાઓને દેખતા કર્યા, બોબડાઓને બોલતા કર્યા. તેમણે ભૂતોને કાઢ્યાં, તેમણે મરણ પામેલાંઓને સજીવન કર્યાં, રક્તપિત્તિયાઓને સાજાં કર્યાં અને લંગડાઓને ચાલતા કર્યા. વિશ્વાસથી તેમની પાસે આવનાર ગમે તે પ્રકારની બિમારીવાળા કે રોગીઓને તેમણે સાજાપણું આપ્યું. તેમની પર વિશ્વાસ કરનાર દરેક જણનાં પાપ તેમણે માફ કર્યાં. **ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને સારૂ જગતમાં આવ્યા. અને શેતાનનાં કામોનો નાશ કરવા માટે તે પ્રગટ થયા.**

**ઈસુ ખ્રિસ્ત અનાદિકાળથી અનંતકાળ સુધી જીવતા છે. અને તે આજે, કાલે અને સદાસર્વકાળ એવા ને એવા જ છે.** ૨૦૦૦ વર્ષો પહેલાં જે કામો તેમણે કર્યાં હતાં એ કામો તે આજે પણ કરે છે. તમે ઈસુ પર ભરોસો મૂકી શકો છો. તે ખરેખર આપણને પ્રેમ કરે છે. **ઈશ્વરનાં તમામ વચનો ઈસુમાં હા અને**



**આમીન છે.** ઈસુએ જ્યારે કહ્યું કે, ''**માર્ગ, સત્ય તથા જીવન હું છું, મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવી શકતું નથી.**'' ત્યારે તેમના કહેવાનો અર્થ એ હતો કે, ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કર્યા સિવાયનો બીજો કોઈ માર્ગ ઈશ્વર પાસે લઈ જતો નથી. ઈસુએ કહ્યું, ''**પુનરૂત્થાન તથા જીવન હું છું : જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરણ પામે તો પણ તે જીવતો થશે; અને જે કોઈ જીવે છે અને મારા પર વિશ્વાસ રાખે છે, તે કદી મરણ પામશે જ નહિ.**''

બાઈબલ જણાવે છે, ''**પણ જેટલાંએ તેમનો (ઈસુનો) અંગીકાર કર્યો, એટલે જેટલાં તેમના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેમણે ઈશ્વરનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો.**'' વળી બાઈબલ એ પણ જણાવે છે કે, ''**જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને ઈશ્વરે તેમને મૂએલાંમાંથી પાછા ઊઠાડ્યા, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ.**'' વળી એ પણ લખેલું છે કે, ''**જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે.**''

પસંદગી કરવા માટેનો સમય હવે આવી ગયો છે, તમારા જીવનનો સૌથી મહત્વનો નિર્ણય કે જે તમારે કરવો જ પડે. તમે કોઈ આકસ્મિક રીતે આ જગ્યાએ આવી પહોંચ્યા નથી. ઈશ્વરનો પ્રેમ તમને આ બિંદુએ લઈ આવ્યો છે. ઈશ્વરનો પવિત્ર આત્મા તમને ઈશ્વર તરફ દોરી રહ્યો છે કે જેથી કરીને તમારું તારણ થાય અને તમે એક સંપૂર્ણ નવું જીવન પ્રાપ્ત કરી શકો - શાંતિ, આનંદ, સલામતી, સુખ અને ભરપૂરીપણાનું જીવન - અને સ્વર્ગમાંના અનંતકાળિક જીવનની ખાતરી.

જેમ તમે અત્યારે શેતાનના અંકુશ હેઠળ જીવન જીવી રહ્યા છો તેવું જ જીવન જો તમે જીવવાનું પસંદ કરશો, તો તમારે પાછા જઈને આ પ્રકરણ ફરીથી વાંચવું જોઈએ, અને પ્રાર્થના કરીને તમારો નિર્ણય બદલવો જોઈએ. જો તમે તમારા સર્જનહારની સાથે ફરીથી જોડાવાની, અને તમને જે સુખી જીવન આપવાની ઈચ્છા ઈશ્વર રાખતા હતા એ જીવન જીવવા જો તમે ઈચ્છો

છો, તો તમે અત્યારે જ આ નીચે જણાવેલી પ્રાર્થના બોલી શકો છો :

વહાલા ઈશ્વર,

હું તમારો આભાર માનું છું કે તમે મને તમારા સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે બનાવ્યો છે, અને મને ત્યજી દીધો નથી. વળી તમે મારા જીવનમાં રસ લઈને મારા પર એટલો બધો પ્રેમ દર્શાવ્યો છે કે પાપના બંધનમાંથી છોડાવવાને તથા શેતાનના અંકુશમાંથી મને મુક્ત કરવાને માટે તમે તમારા એકનાએક પુત્રને આપી દીધો કે તે મારે બદલે મરણદંડ ભોગવે. ઈસુ ખ્રિસ્તે મારે સારૂ વહેવડાવેલા રક્ત માટે હું તમારો આભારી છું.

હું, અહીં અને અત્યારે જ, ઈસુ ખ્રિસ્તના નામ પર વિશ્વાસ કરવાનો નિર્ણય લઉં છું, અને હું મારા હૃદયનું દ્વાર ખોલીને ઈસુનો મારા જીવનમાં મારા તારનાર, મને સાજાપણું આપનાર, મારા ઉધ્ધારક, મારું પુરું પાડનાર તરીકે સ્વીકાર કરું છું. મારા મુખથી હું ઈસુ ખ્રિસ્તને મારા પ્રભુ તરીકે કબૂલ કરું છું, અને મારા અંતઃકરણમાં વિશ્વાસ કરું છું કે તમે ઈસુને મૂએલામાંથી ઉઠાડ્યા છે, હું વિશ્વાસ કરું છું કે ઈસુ જીવતા છે, વળી એ પણ વિશ્વાસ કરું છું કે ઈસુ ગઈ કાલે, આજે અને સદાસર્વકાળ એવા ને એવા જ છે. તારણ પામવા માટે હું અત્યારે જ પ્રભુના નામે વિનંતી કરું છું !

મારું તારણ કરવા તથા મારાં સર્વ પાપની માફી આપીને ભૂલી જવા માટે હું તમારો આભાર માનું છું. મારા વાણી વર્તન અને જીવનમાં બદલાણ આવે એવું હું ઈચ્છું છું, અને મારી પ્રત્યેના તમારા પ્રેમને કારણે મારા અંતઃકરણમાં તમારી પ્રત્યે અને બીજાંઓ પ્રત્યે પ્રેમ પ્રગટ કરતું જીવન જીવવાનો ઈરાદો હું રાખું છું. હું વિશ્વાસપૂર્વક માનું છું કે તમે એકલા જ સાચા ઈશ્વર છો. મારા જીવનમાં હું તમને પ્રથમ સ્થાન આપું છું. આ પળથી જ હું મારું ભૂતકાળનું જીવન ત્યજી દઈને તમને તથા તમારી ઈચ્છાને જાણવા માગું છું. હું શેતાનની સાથેનો મારો સંબંધ તોડી નાખું છું અને તમારા તથા તમારા વચનના જ્ઞાનની વિરૂધ્ધની દરેક અને કોઈપણ વાતનો ત્યાગ કરું છું.

હું તમારો આભાર માનું છું કે તમે મારો હું જેવો છું તેવો જ સ્વીકાર કર્યો છે, તમારું બાળક બનાવવા બદલ પણ હું તમારો આભારી છું. વળી



જાણે કે મેં ક્યારેય પાપ કર્યાં ન હોય એવું માનીને તમે મને સંપૂર્ણ નવું અને તમારા આશીર્વાદોથી ભરેલું ભરપૂર જીવન આપ્યું છે તે માટે હું તમારો વિશેષ આભાર માનું છું. તમે મારા સ્વર્ગીય પિતા બન્યા છો એ માટે તથા અનંતજીવનની ભેટ આપવા બદલ હું તમારો આભાર માનું છું. તમારા પ્રેમ, માફી અને અંગીકાર મારી સમજ બહારનાં છે, પરંતુ એ બધાનો હું ખૂબ જ આભારસહિત અને નમ્ર હૃદયે સ્વીકાર કરું છું, અને તમારી સાથેના સંબંધમાં હું વધુ વૃધ્ધિ પામવા અને તમારા બાળક તરીકે હું કોણ છું એ જાણવાની ઈચ્છા રાખું છું.

તમારા અસ્તિત્વ કે તમારા વચન સંબંધી હું હવેથી શંકા રાખીશ નહિ. તમારા કહ્યા મુજબ તમે જે છો, એ પર હું વિશ્વાસ કરું છું. હું વિશ્વાસ રાખું છું કે જે કાંઈ કરવાનું વચન તમે આપ્યું છે, એ તમે અવશ્ય કરશો જ, વળી હું વિશ્વાસપૂર્વક માનું છું કે મારા માટે જે કાંઈ કરવાનું વચન તમે આપ્યું હતું, તે બધું જ તમે કર્યું છે. તદ્‌ઉપરાંત હું એ પણ સ્વીકારું છું કે હું જે કાંઈપણ છું, મારી પાસે જે કાંઈ છે તે બધું સર્વ તથા હું જે કાંઈપણ કરી શકું છું, તે બધું કેવળ તમારા થકી જ છે.

તેથી જ, તમારા બાળક તરીકે તમારા કુટુંબમાં મારું નવું અને યોગ્ય સ્થાન હું ગ્રહણ કરું છું. મારા નવા જીવન માટે હું તમારો આભાર માનું છું, અને મારા માટે તમારી દૃષ્ટિએ જે શ્રેષ્ઠ છે, એ જીવન જીવવા માટે હું તૈયાર છું. સ્વર્ગીય પિતા, કૃપા કરીને તમારા પવિત્ર આત્માથી મને ભરી દો, તમારા માર્ગો મને શીખવો અને તમારા પર પ્રેમ દર્શાવવા તથા સંપૂર્ણ સત્ય તરફ આગળ વધવા માટે તમારા પર વિશ્વાસ કરવા મારા જીવનને પૂરેપૂરી રીતે દોરવણી અને માર્ગદર્શન પૂરું પાડો. તમને પ્રસન્ન કરવા માટે મારે શું કરવુ જોઈએ તે મને હંમેશા જણાવો, અને એ પછીથી એ બાબત કરવા માટે મને હિંમત આપો. હું તમને ખરેખર પ્રસન્ન કરવાની ઈચ્છા રાખું છું.

હે ઈસુ, વધસ્તંભ પર તમે મારાં પાપ, માંદગી અને પીડાઓ તમારા શરીર પર ધારણ કર્યાં, અને મારાં પાપોને સારૂ જે શિક્ષા મારે સહન કરવાની હતી, તે શિક્ષા તમે સહન કરી છે, એ માટે હું તમારો આભાર માનું છું. વધસ્તંભ પર તમે વહેવડાવેલા તમારા રક્ત અને મારે માટે તમે કરેલાં પ્રેમસભર

કાર્યો જોઈને હું તમારે માટે જીવવાની ઈચ્છા રાખું છું, અને મારા જીવન દ્વારા તમને મહિમા આપું છું. હું તમારો આભાર માનું છું કે હવેથી તમે મારામાં જીવો છો અને મારી સાથે રહેવા માટે આવ્યા છો તથા હવેથી તમે મારાથી દૂર ચાલ્યા જશો નહિ. હે ઈસુ, હું તમારા પર વિશ્વાસ કરું છું. આમેન !

## મારો નિર્ણય

**સ્વર્ગ અને પૃથ્વી તથા પૃથ્વીની તળે રહેનાર સર્વ લોકો જાણી લે કે મેં પ્રભુ ઈસુ ખ્રિસ્તનો મારા જીવનના તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કર્યો છે. હું મારા હૃદયથી વિશ્વાસ કરૂં છું કે ઈશ્વરે તેમને મૂએલાંમાંથી સજીવન કર્યા છે, અને હું મારા મુખથી તેમનો પ્રભુ તરીકે સ્વીકાર કરું છું.**

**નામ :**

**તારીખ :**

**સમય :**

**સ્થળ :**

**SOUTH ASIA CO-ORDINATOR**
**DenSu Ministries**
P.O. BOX NO. : 969,
PERAMBUR BARRACKS, CHENNAI - 600 012
E-mail : southasia@densu.com

# પ્રકરણ - બે
## સાચું સુખ હવે તમારા હાથમાં છે.



*સાચું સુખ હવે તમારા હાથમાં જ છે. જો તમે પ્રકરણ-એક માં દર્શાવ્યા મુજબની પ્રાર્થના પ્રમાણિકપણે કરી છે તો સર્જનહાર ઈશ્વરની સાથેનો તમારો નવો અને જીવંત સંબંધ તેમના પુત્ર ઈસુ ખ્રિસ્ત મારફતે સ્થપાઈ ચૂક્યો છે.*

*ઈશ્વરે તમારે માટે તૈયાર કરેલ એ અજાયબ જીવનની કલ્પના સુધ્ધાં તમે કરી શકતા નથી, વળી વિશેષ બાબત તો એ છે કે એ જીવનનો અંત ક્યારેય આવશે નહિ, અને તમે દિન પ્રતિદિન એ જીવનમાં અને મહિમામાં અનંતકાળ સુધી વધતા જશો.*

*આ પુસ્તકનું બીજું પ્રકરણ ઈસુ સાથે તમારું નવું જીવન શરૂ કરવા માટેની જરૂરી માહિતી પૂરી પાડશે. જીવન જીવવા સંબંધીના તમારા વિચારો અને તમારા હેતુઓ સદંતર બદલાઈ જશે. તમને જણાઈ આવશે કે તમે એક*

*તદ્દન નવા જ વ્યક્તિ બની ગયા છો, જે જૂનું હતું એ ચાલ્યું ગયું છે, અને તેના સ્થાને નવું આવ્યું છે, જે સર્વ ઈશ્વર તરફથી છે.*

***તમારા હારેલા શત્રુ, શેતાન પર વિજય મેળવીને કેવી રીતે જીવન જીવવું, એ બાબત તમે પણ શીખી શકશો. ઈસુ આ પૃથ્વી પર જીવતા હતા ત્યારે શેતાનને હરાવીને વિજયી જીવન તે જીવતા હતા, અને એ પછીથી તેમણે તેમના મરણ, દફન અને પુનરુત્થાન દ્વારા શેતાનને સંપૂર્ણપણે હરાવ્યો. શેતાન ઉપર ઈસુએ પ્રાપ્ત કરેલા વિજય અને અધિકાર હવે તમને આપવામાં આવ્યા છે.***

### *સાચું સુખ હવે તમારા હાથમાં છે...*

ઈસુ ખ્રિસ્તે વહેવડાવેલા રક્ત પર વિશ્વાસ કરીને તમારા સર્જનહાર તરફ પાછા ફરવાના તમારા નિર્ણય બદલ અભિનંદન. તમારે સારૂ તેમણે વધસ્તંભ પર પોતાનો જીવ આપ્યો. તમારા જીવનનો આ સૌથી મહત્વનો નિર્ણય છે.

તારણ પામવા માટે પ્રભુને નામે વિનંતી કરવા તમારા તારનાર તરીકે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવાનો નિર્ણય તમે જ્યારે લીધો ત્યારના સમય, તારીખ અને સ્થળની નોંધ રાખવાનું મહેરબાની કરીને ભૂલશો નહિં. એ નોંધ તમારે સારૂ તથા શેતાન અને તેના સૈન્યને સારૂ એક અર્થપૂર્ણ સંભારણું બની રહેશે.

તમે જાણે કે ક્યારેય પાપ કર્યું ન હોય એમ માનીને ઈશ્વર સાથેનો સંબંધ હવે ફરીથી સ્થપાયો છે. પાપ કર્યા અગાઉ આદમ અને હવાને શેતાન પર જેવો અધિકાર હતો, એવો જ અધિકાર ખ્રિસ્ત મારફતે તમને હવે પ્રાપ્ત થયો છે, પરંતુ એનો અર્થ એવો નથી થતો કે શેતાન તમારા વિચારો પર પ્રભાવ પાડવાના પ્રયત્નો બંધ કરી દેશે, અને ઈસુ ખ્રિસ્ત મારફતે ઈશ્વર તરફ પાછા ફરવાના તમારા નિર્ણય સંબંધી તે તમારા મનમાં શંકા પેદા કરવાનું બંધ કરી દેશે.

ઈસુ ખ્રિસ્ત સાથેના તમારા સંબંધમાં ગમે તેટલો ફેરફાર આવ્યો કેમ ન હોય અને એ સંબંધમાં તમે ગમે તેટલા આગળ વધ્યા હો તેમ છતાં શેતાન સુધરવાનો નથી. તે મારી નાખવા, ચોરી લેવા અને નાશ કરવા માટે આવ્યો



છે, અને તે જે કુયુક્તિઓનો ઉપયોગ કરે છે એમાંની કેટલીક ભય, જૂઠાણું, દોષારોપણ, છેતરપિંડી, જુલમ અને ધૃણા છે. બાઇબલમાં શેતાનને "જૂઠાનો બાપ" કહેવામાં આવ્યો છે. તમારી પરનો તેનો અધિકાર ભાંગી ગયો છે, પરંતુ એ તમને એવું સમજાવવા પ્રયત્ન કરશે કે એવું કશું જ બન્યું નથી. યાદ રાખો કે તે જૂઠો છે.

જો કે, એક જણ એવા છે કે જે ક્યારેય બદલાનાર નથી અને એ તો ઈશ્વર, તેમનું વચન અને તેમના પુત્ર ઈસુ, જે જીવંત શબ્દ છે. તમારે શેતાનથી બીવાની જરૂર નથી. તમે હવે ઈશ્વરના એક બાળક છો, અને તમારા શત્રુ શેતાન કરતાં પણ વધારે મહાન એવા ઈસુ તમારામાં જીવે છે.

જે પ્રથમ બાબતમાં શેતાન તમારી પર હુમલો કરવા તથા તમને ભરમાવવા માટે પ્રયત્ન કરશે, એ બાબત તો ખ્રિસ્તનો તમારા તારનાર અને પ્રભુ તરીકે તમે હમણાં કરેલો નિર્ણય જ હશે. તે તમારા મનને રણસંગ્રામ બનાવી દેશે. તે તમારા મનમાં તમામ પ્રકારના વિચારો પેદા કરશે અને ઈશ્વર સાથેના તમારા નવા સંબંધ બાબતે તમારા મનમાં શંકા પેદા કરવા પ્રયત્ન કરશે. તે હવે તમારાથી ભયભીત થયેલો છે.

તેણે આદમ અને હવાને ઈશ્વર સાથેના તેઓના સંબંધ વિષે શંકા કરવા પ્રેર્યા, જેના પરિણામે તેઓએ ઈશ્વરની આજ્ઞાનો ભંગ કર્યો અને છેવટે ઈશ્વરથી તેઓને દૂર થવું પડ્યું. આદમ અને હવાએ તેઓને ઈશ્વર તરફથી આપવામાં આવેલ અધિકાર અને સત્તાનો ઉપયોગ કરવાની જરૂર હતી. રાનમાં જ્યારે શેતાન દ્વારા ઈસુ ખ્રિસ્તનું પરીક્ષણ થયું હતું ત્યારે ઈસુએ જે રીતે એકલા ઈશ્વરનાં વચન વડે જ શેતાનના પરીક્ષણનો જવાબ આપ્યો હતો, તેમ આદમ અને હવાએ જવાબ આપવાની જરૂર હતી. તમારે માટે ઈસુ એકલા જ નમૂનારૂપ છે, નહિ કે આદમ અને હવા.

આપણે અગાઉ જ આદમ અને હવાના પરીક્ષણ સંબંધી ચર્ચા કરી છે, પરંતુ હવે આપણે શેતાન દ્વારા ઈસુ ખ્રિસ્તના થયેલા પરીક્ષણની વિગતો તપાસીશું :

**ઈસુ પવિત્ર આત્માથી ભરપૂર થઈને યર્દનથી પાછા ફર્યા, અને ચાળીસ દિવસ સુધી આત્માથી અહીંતહીં રાનમાં દોરવાયા. તે દરમિયાન શેતાનથી**

**તેમનું પરીક્ષણ થયું. એ દિવસોમાં તેમણે કંઇ ખાધું નહિ, અને તે પૂરા થયા પછી તે ભૂખ્યા થયા.**

**શેતાને તેમને કહ્યું કે, "જો તું ઈશ્વરનો દીકરો હોય તો આ પથ્થરને આજ્ઞા કર કે, તે રોટલી થાય."**

**ઈસુએ ઉત્તર આપ્યો કે, "એમ લખેલું છે કે, માણસ એકલી રોટલીથી નહિ જીવશે, પરંતુ ઈશ્વરના મુખમાંથી નીકળેલ એકેએક શબ્દથી જીવશે."**

**પછી શેતાન ઈસુને એક ઊંચી જગાએ લઈ ગયો, અને એક પળમાં જગતનાં સઘળાં રાજ્ય તેમને દેખાડ્યાં. શેતાને ઈસુને કહ્યું કે, "આ બધાનો અધિકાર તથા મહિમા હું તને આપીશ; કેમ કે એ મારે સ્વાધીન કરેલું છે; અને જે હું આપવા ચાહું તેને હું આપું છું. માટે જો તું મારી આગળ પડીને ભજન કરશે તો તે સઘળું તારું થશે."**

**ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, "એમ લખેલું છે કે, 'તારે તારા ઈશ્વર પ્રભુનું ભજન કરવું, અને એકલા તેની જ સેવા કરવી.'"**

**પછી શેતાન તેમને યરૂશાલેમ લઈ ગયો, અને મંદિરના બુરજ પર તેમને ઊભા રાખીને શેતાને ઈસુને કહ્યું કે, "જો તું ઈશ્વરનો દીકરો હોય તો અહીંથી નીચે પડ. કેમકે લખેલું છે કે, "તે પોતાના દૂતોને તારા સંબંધી આજ્ઞા કરશે કે, તેઓ તારું રક્ષણ કરે; અને તેઓ પોતાના હાથ પર તને ધરી લેશે, રખેને તારો પગ પથ્થર પર અફળાય."**

**ઈસુએ તેને જવાબ આપ્યો કે, 'એમ લખેલું છે કે : "તારે પ્રભુ તારા ઈશ્વરનું પરીક્ષણ ન કરવું.' "**

**પછી શેતાન સર્વ પરીક્ષણ પૂરું કરીને કંઈક મુદત સુધી ઈસુની પાસેથી ગયો. ઈસુ આત્માના પરાક્રમે ગાલીલમાં પાછા આવ્યા, અને તેમના સંબંધીની વાત આસપાસના આખા પ્રદેશમાં ફેલાઈ ગઈ. તે તેઓનાં સભાસ્થાનોમાં બોધ કરતા અને સઘળાંથી માન પામતા.**

ઈસુ ખ્રિસ્ત તેમના ઈશ્વર સાથેના સંબંધ વિષે શંકા કરે, એ માટે શેતાને પ્રયત્ન કરી જોયા. તેણે ઈસુને કહ્યું, **"જો તું ઈશ્વરપુત્ર હોય તો?"** **"એમ લખેલું છે"** એમ કહીને ઈસુએ ઈશ્વરના વચન વડે જવાબ આપ્યો.



શેતાનને પરાજીત કરવામાં વિજયી બનનાર ઈસુ ખ્રિસ્તના દરેક પરીક્ષણ વખતે તેમને ઈશ્વર પર શંકા કરવા માટે જણાવવામાં આવ્યું. શેતાન તરફથી આવતા પરીક્ષણનો સામનો આપણે કેવી રીતે કરવો જોઈએ, તેનો ઉત્તમ નમૂનો આપણે માટે ઈસુના સ્વર્ગીય પિતા જ છે. આપણા મનમાં ગમે ત્યારે ઈશ્વરના વચનની વિરૂધ્ધ વિચારો આવે કે આપણે સાંભળીએ અથવા તો ઈશ્વરના વચનની વિરૂધ્ધ બનતી બાબતો જોઈએ કે અનુભવીએ, ત્યારે આપણે પણ ઈશ્વરના વચન વડે જ જવાબ આપીએ.

ઈશ્વરના દરેક સાચા બાળકનો ઈશ્વર સાથેનો સંબંધ વિશ્વાસ પર આધારિત હોવો જોઈએ. ઈશ્વરના વચન પર કરવામાં આવેલ અવિશ્વાસ અને શંકા આજ્ઞાભંગ અને પાપ તરફ દોરી જાય છે, અને માણસ ઈશ્વરથી દૂર જાય છે. તેથી જ, ઈશ્વરના વચન પર વિશ્વાસ અને ભરોસો રાખવાથી જ માણસ ઈશ્વર સાથે પુનઃ સંબંધ બાંધી શકે છે.

બાઈબલ જણાવે છે કે, **"પણ વિશ્વાસ વગર ઈશ્વરને પ્રસન્ન કરવા શક્ય નથી. કેમ કે ઈશ્વરની પાસે જે કોઈ આવે, તેણે તે છે, અને જેઓ ખંતથી તેમને શોધે છે તેઓને ઈશ્વર ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ."** ઈશ્વર પર વિશ્વાસ કરવો એટલે શું? ઈશ્વર જે કાંઈ કહે છે તે સત્ય જ છે, અને ઈશ્વર જે કાંઈ બોલે છે તે તે કરશે જ, એમ માનવું.

શેતાન જુઠ્ઠો છે, અને તે સત્યને ધિક્કારે છે. જૂઠું બોલી ન શકનાર ઈશ્વરને તે ધિક્કારે છે, વળી ઈશ્વર પર વિશ્વાસ કરવાની બાબતને તથા ઈશ્વર પર વિશ્વાસ કરનાર વ્યક્તિને પણ તે ધિક્કારે છે. તે ઈશ્વરનો શત્રુ છે, વળી સત્યનો પણ તે શત્રુ છે. ઈશ્વર પર વિશ્વાસ કરનાર તથા સત્યથી જીવન જીવનાર વ્યક્તિને પણ તે ધિક્કારે છે.

શેતાન દ્વારા આદમ અને હવાનું પરીક્ષણ થયું ત્યારે તેઓએ ઈશ્વર પર તથા ઈશ્વરના વચન પર વિશ્વાસ ન કર્યો. એથી ઊલટું, તેઓએ શેતાનની વાત માની અને તે પર વિશ્વાસ કર્યો, અને શેતાનના કહ્યા મુજબ કાર્ય કર્યું. તેઓએ ઈશ્વરના વચન કરતાં શેતાને પ્રેરેલા વિચારોને વધારે મહત્વ આપ્યું.

આ પુસ્તકના પ્રકરણ-એક માં તમારી સમક્ષ ઈશ્વરના વચન બાઈબલમાંથી તમે ઈશ્વર પાસે કેવી રીતે પાછા જઈ શકો છો, તમારા સર્જનહાર,

તમારાં પાપમાંથી છૂટકારો મેળવવો, તમારા જીવન સંબંધી ઈશ્વરની મૂળ યોજના અને હેતુ સંબંધી ઘણાં સત્યો રજૂ કરવામાં આવ્યાં છે, જેથી કરીને તમે શાંતિ, આનંદ અને આ જીવનના તથા અનંતકાળના સાચા સુખનો અનુભવ કરી શકો.

ઈશ્વરમાં તમારા વિશ્વાસનો પાયો આ સત્યો પર આધારિત છે. તમે તમારી લાગણીઓ કે તમારી બુધ્ધિના આધારે વિશ્વાસ કરી શકતા નથી. તમને ખાતરી હોવી જોઈએ કે તમે તારણ પામ્યા છો અને ઈશ્વર સાથેના સંબંધમાં તમે પુનઃસ્થાપિત થયા છો, કારણ કે તમે ઈશ્વરના વચન પર વિશ્વાસ કર્યો છે, અને ઈશ્વરે જે કાંઈ કરવા માટે તમને જણાવ્યું છે, તે તમે કર્યું છે !

એક બાબત ખાસ ધ્યાનમાં રાખશો કે તમારા તારણ અને ઈશ્વર સાથેના તમારા નવા સ્થપાયેલા સંબંધ વિષે તમારા મનમાં શંકા પેદા કરીને શેતાન તમારા પર હુમલો કરવાનો જ છે. તમારી લાગણીઓ અને બુધ્ધિ તમને એ સંબંધી શંકા કરવા પ્રયત્નો કરશે, એ રીતે અન્ય લોકો પણ તમને શંકા કરવા પ્રેરશે.

જો કે, હવેથી તમારામાં રહેનાર પવિત્ર આત્મા ઈશ્વરના વચન યાદ કરવામાં તમને મદદરૂપ બનશે, અને તમે જ્યારે ઈશ્વર પર તથા તેમણે આપેલાં વચનો પર વિશ્વાસ કરો છો, તેથી ઈશ્વરનો આત્મા તમારા આત્માની સાથે સાક્ષી પૂરશે કે હવેથી તમે તેમના બાળક છો. તમે જ્યારે ઈશ્વરના વચન પર વિશ્વાસ કરવાનું પસંદ કર્યું છે ત્યારે તમે માનો કે વિચારો છો તે કરતાં પણ વિશેષ અને બીજાંઓ તમને કહે છે તે કરતાં પણ વિશેષ એવી ઈશ્વરની શાંતિ તમને પ્રાપ્ત થશે.

ઈશ્વરે જે અધિકાર તમને આપ્યો છે તેનો ઉપયોગ કેવી રીતે કરવો, એ બાબત ખૂબ જ મહત્વની છે. એક ખ્રિસ્તી વ્યક્તિ તરીકે તમે હારેલાની જેમ નહિ, પરંતુ વિજેતાની જેમ જીવવાની ઈચ્છા રાખો છો, પરંતુ એ માટે તમારે ઈશ્વર તરફથી પ્રાપ્ત થતાં આત્મિક હથિયારોનો ઉપયોગ કરવો પડશે. તેથી, ઈશ્વરના વચન પર શંકા કરવા માટે શેતાન જ્યારે તમને પરીક્ષણમાં નાખે ત્યારે એ દરેક સમયે તમે શેતાનને હરાવી શકશો.

ઈશ્વર પર નવેસરથી કરેલા તમારા વિશ્વાસમાં અડગ ઊભા રહેવા



માટે હવે આપણે થોડો સમય પ્રયત્ન કરીશું. નીચે કેટલાક વિચારો, ભાવનાઓ અને શબ્દો આપ્યા છે, જે તમને ઈશ્વરના વચનમાંથી તમારા જવાબને સમર્થન આપવા મદદરૂપ બની શકે છે :

(૧) તમે ખરેખર તારણ પામ્યા નથી. તારણ પામવા માટે તમારે સારાં કાર્યો કરવાની જરૂર છે. તમે ઈસુને નામે વિનંતી કરી શક્તા નથી અને તારણ પામ્યાનો વિશ્વાસ તમને નથી.

એમ લખેલું છે, " **કેમ કે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો, અને એ તમારાથી નથી, એ તો ઈશ્વરનું દાન છે. કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે.**" અને હું ઈશ્વરના વચન પર વિશ્વાસ કરું છું.

એમ લખેલું છે કે, " **જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે.**" અને મેં પ્રભુના નામે વિનંતી કરી, અને હવે હું તારણ પામ્યો છું.

એમ લખેલું છે કે, " **જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને ઈશ્વરે તેમને મૂએલાંમાંથી પાછા ઉઠાડ્યા, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ.**" મેં મારા મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કર્યા છે, અને હું મારા અંતઃકરણમાં વિશ્વાસ રાખું છું કે ઈશ્વરે ઈસુને મૂએલાંમાંથી ઉઠાડ્યા છે, તેથી હું તારણ પામ્યો છું.

(૨) તમે ખરેખર ઈશ્વરના બાળક નથી. તમે હજી સુધી શેતાનના બાળક જ છો, અને તમારા જીવન પર હજુ સુધી શેતાન રાજ કરે છે.

એમ લખેલું છે કે, " **તેમણે અંધકારના અધિકારમાંથી આપણને છોડાવ્યા તથા પોતાના પવિત્ર પુત્રના રાજ્યમાં આણ્યા. તેમનામાં આપણને ઉધ્ધાર એટલે પાપોની માફી છે.**" અને હું ઈશ્વરના વચન પર વિશ્વાસ કરૂં છું.

એમ લખેલું છે કે, " **પણ જેટલાંએ તેમનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેમના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેમણે ઈશ્વરનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો.**" મેં ઈસુનો મારા તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કર્યો, અને મેં તેમના નામ પર વિશ્વાસ કર્યો. તેથી, હવેથી હું તેમનું બાળક છું. હું તેમના પર વિશ્વાસ કરું છું.

એમ લખેલું છે કે, "**પિતાએ આપણા પર કેટલો બધો પ્રેમ રાખ્યો છે**

**કે આપણે ઈશ્વરનાં છોકરાં કહેવાઈએ; અને ખરેખર આપણે તેમનાં છોકરાં છીએ.''** ઈશ્વરના પ્રેમ અને તેમના વચન તથા મને તેમનું બાળક બનાવવા બદલ હું ઈશ્વરનો આભાર માનું છું.

(૩) તમારાં પાપ સંબંધી તમને ખરેખર માફ કરવામાં આવ્યા નથી. તમારાં પાપ એટલાં બધાં છે કે ઈશ્વર તમને ક્યારેય માફ કરી શકે નહિ.

એમ લખેલું છે કે, **''એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી. કેમ કે ખ્રિસ્ત ઈસુમાં જીવનના આત્માનો જે નિયમ છે તેણે મને પાપના તથા મરણના નિયમથી મુક્ત કર્યો છે.''** હવેથી હું ખ્રિસ્ત ઈસુમાં છું અને પાપ અને મરણના નિયમથી મુક્ત થયેલો છું.

એમ લખેલું છે કે, **''બાળકો, હું તમને લખું છું, કારણ કે તેમના નામની ખાતર તમારાં પાપ માફ થયાં છે.''** પ્રભુ, તમારા નામને ખાતર મારાં પાપ માફ થયાં છે એ માટે હું તમારો આભાર માનું છું.

એમ લખેલું છે કે, **''તેઓનાં પાપનું તથા તેઓના અન્યાયનું હું ફરી સ્મરણ કરીશ નહિ.''** પ્રભુ, તમે મારાં પાપ સ્મરણમાં લાવતા નથી તેથી હું તમારો આભાર માનું છું.

(૪) તમારું તારણ થયું છે અને તમને અનંતજીવન પ્રાપ્ત થયું છે, એની ખાતરી તમને થતી નથી.

એમ લખેલું છે કે, **''કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેમના નામ પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે.''** પ્રભુ, હું અનંતજીવન પ્રાપ્ત કરી શકું એ માટે તમે મારા બદલે તમારા પુત્ર ઈસુને અર્પી દીધા તે માટે હું તમારો આભાર માનું છું.

એમ લખેલું છે કે, **''હું તેઓને અનંતજીવન આપું છું; અને કદી તેઓનો નાશ થશે નહિ, અને મારા હાથમાંથી કોઈ તેઓને છીનવી લેશે નહિ.''**

હે ઈસુ, તમારાં વચન સત્ય છે એ માટે તમારો આભાર માનું છું, વળી તમારા તરફથી પ્રાપ્ત થતી અનંતજીવનની ભેટને માટે પણ હું તમારો આભારી છું.



એમ લખેલું છે કે, **''કેમ કે પાપનો મુસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે.''** હું ઈશ્વરના વચન પર વિશ્વાસ કરું છું.

એમ લખેલું છે કે, **''ઈશ્વર જે કદી જૂઠું બોલી શક્તા નથી તેમણે અનંતજીવન વિષેનું વચન અનાદિકાળથી આપ્યું છે.''** હું વિશ્વાસપૂર્વક માનું છું કે ઈશ્વર જૂઠું બોલી શકે નહિ.

એમ લખેલું છે કે, **''જે વચન તેમણે આપણને આપ્યું છે તે એ જ, એટલે સર્વકાળનું જીવન.''**

એમ લખેલું છે કે, **''એ સાક્ષી એવી છે કે ઈશ્વરે આપણને અનંતજીવન આપ્યું, અને આ જીવન તેમના પુત્રમાં છે. જેને ઈશ્વરનો પુત્ર છે તેને જીવન છે; જેને ઈશ્વરનો પુત્ર નથી, તેને જીવન નથી. તમને અનંતજીવન છે એ તમે જાણો, માટે તમારા ઉપર, એટલે ઈશ્વરના પુત્રના નામ પર વિશ્વાસ રાખનારા ઉપર, મેં આ વાતો લખી છે.''** મેં ઈશ્વરના પુત્રનો સ્વીકાર કર્યો છે, અને તેથી મને અનંતજીવન આપવામાં આવ્યું છે. મને અનંતજીવન પ્રાપ્ત થયું છે એ વાત હું જાણી શકું એવી તમારી ઈચ્છાને માટે, હે ઈશ્વર, હું તમારો આભાર માનું છું.

(૫) તમારા જીવનમાં કોઈ બદલાણ આવ્યું નથી. તમે જેવા હતા એવા અત્યારે પણ છો, અને હવે તમારામાં કોઈ બદલાણ આવે એવી કોઈ આશા તમને નથી.

એમ લખેલું છે કે, **''માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે : જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે. પણ આ સર્વ ઈશ્વર તરફથી છે.''** હવેથી હું ખ્રિસ્ત ઈસુમાં છું, અને તેથી હું નવી ઉત્પત્તિ છું. હે ઈશ્વર, હું તમારો આભાર માનું છું. મારું જૂનું જીવન જતું રહ્યું છે અને તેના બદલામાં તમારા તરફથી નવું જીવન મને પ્રાપ્ત થયું છે, એ માટે હે ઈશ્વર, હું તમારો આભાર માનું છું. સૌથી વિશેષ એ માટે હું તમારો આભાર માનું છું કે એ નવું જીવન તમારા તરફથી એક મફત ભેટ સ્વરૂપે મને મળ્યું છે.

એમ લખેલું છે કે, **''કેમ કે જેઓને પવિત્ર કરવામાં આવે છે તેઓને તેમણે એક જ અર્પણથી સદાકાળને માટે પરિપૂર્ણ કર્યા છે.''** હે ઈશ્વર, હું

તમારો આભારી છું કે મને પવિત્ર કરતી વખતે તમે મને એક સંપૂર્ણ વ્યક્તિ તરીકે જુઓ છો, અને હે પ્રભુ, એ વાત હું વિશ્વાસપૂર્વક માનું છું!

એમ લખેલું છે કે, **"અને જે નવું માણસપણું તેના ઉત્પન્ન કરનારની પ્રતિમા પ્રમાણે તેના જ્ઞાનને અર્થે નવું કરાતું જાય છે, તે તમે પહેર્યું છે."** હે ઈશ્વર, તમારી પ્રતિમા પ્રમાણે તમે મને નવેસરથી ઘડી રહ્યા છો, એ માટે હું તમારો આભાર માનું છું.

ઈશ્વર સાથેના તમારા નવા સંબંધ વિષે તમારા મનમાં શંકા ઊભી કરવા માટે શેતાન કે અન્ય કોઇ પ્રયત્ન કરે ત્યારે તમારા આત્માના એ શત્રુને હરાવવા માટે ઈશ્વરના વચનમાંના આ શાસ્ત્રભાગો તમને સામર્થ્ય પૂરું પાડશે એવું અમે વિશ્વાસથી માનીએ છીએ. જ્યારે પણ તમારા મનમાં કોઇ બાબત સંબંધી શંકા જાગે ત્યારે વિશ્વાસપૂર્વક ઈશ્વરનાં વચનો બોલીને એ પરિસ્થિતિનો સામનો કરો, અને શેતાન તથા તેણે ઊભી કરેલી શંકાઓ તમારાથી દૂર ભાગી જશે.

તમે હવે જ્યારે તારણ પામ્યા છો અને ઈશ્વરનું બાળક બન્યા છો ત્યારે તમારા જીવનમાં ઈશ્વરનાં વચનો કેન્દ્રસ્થાને હોવાં જોઇએ. હવેથી તમારા જીવન ઉપર તમારા વિચારો, તમારી લાગણીઓ, તમે જે કાંઇ જુઓ છો કે સાંભળો છો, એ તમામ બાબતોનો અંકુશ ન હોવો જોઇએ. ઈશ્વરનાં વચનો સત્ય છે અને હવેથી સત્ય પ્રમાણે જ તમારું જીવનધોરણ હોવું જોઇએ.

તમે તારણ પામ્યા છો, કારણ કે ઈશ્વરનું વચન જ એ વાત પ્રગટ કરે છે. હવેથી તમે ઈશ્વરના બાળક છો, કારણ કે ઈશ્વરનાં વચન જ જણાવે છે કે તમે હવે તેમના બાળક છો. તમને અનંતજીવન પ્રાપ્ત થયું છે, કારણ કે ઈશ્વરનું વચન એ વાત પ્રગટ કરે છે. તમારાં પાપ માફ થયાં છે, કારણ કે ઈશ્વરનું વચન જણાવે છે તમારાં પાપ માફ કરવામાં આવ્યાં છે.

પ્રકરણ-બે માં જે સત્ય વિષે તમે હમણાં શીખ્યા છો, એ માટે પ્રાર્થના દ્વારા ઈશ્વરનો આભાર માનવા માટેની કેટલીક બાબતો તમારી મદદ માટે અહીં રજૂ કરવામાં આવી છે :



*વહાલા સ્વર્ગીય પિતાજી,*

*તમારા પુત્ર ઈસુ ખ્રિસ્ત મારફતે મારી આગળ તમે પ્રગટ થયા છો એ માટે તથા એમની મારફતે મને તમારી પાસે પાછા લઈ આવવા માટે હું તમારો ઘણો આભાર માનું છું. હું તમારું બાળક છું. હવેથી હું એક નવો વ્યક્તિ છું અને મારું સમગ્ર જીવન નવું બની ગયું છે, દંડ ભરવાની બાબતથી અને પાપના અધિકારથી હું બચી ગયો છું, અને તમે મારાં પાપને હવેથી ફરી ક્યારેય યાદ કરવાના નથી, આ બધી વાતો માટે હું તમારો આભાર માનું છું.*

*હે પિતાજી, હું તમારો આભારી છું કે હવે મેં અનંતજીવન તેમ જ ભરપૂર અને આશીર્વાદિત જીવન પ્રાપ્ત કરી લીધું છે. પ્રભુ, તમારો આભાર કે આ બધું તમે મારે માટે કર્યું છે, અને આમાંની એકપણ બાબત મારાં સારાં કાર્યોને કારણે નથી; પરંતુ એથી વિશેષ તો તમારી પર મૂકેલા મારા વિશ્વાસ અને તમારાં વચન બાઈબલમાં તમે મને આપેલી ખાતરીઓને કારણે જ છે. આ તો કેવળ તમારા તરફથી પ્રાપ્ત થયેલ એક મફત ભેટ જ છે, કારણ કે તમે મારા પર પ્રેમ રાખો છો, અને તમે મારી સાથે સંબંધ રાખવાની ઈચ્છા રાખો છો.*

*હે ઈસુ, તમે મારે માટે જે કર્યું છે, એ સર્વ માટે હું તમારો આભાર માનું છું. જે પ્રેમ તમે મારી પ્રત્યે દર્શાવ્યો છે, તે પ્રેમને માટે હું લાયક નથી, વળી એ પ્રેમ મારી સમજમાં ન આવે તેવો છે, પણ વિશ્વાસ દ્વારા હું એ પ્રેમને અનુભવી શકું છું. હું વિશ્વાસપૂર્વક માનું છું કે તમે મારા પર એટલો બધો પ્રેમ રાખ્યો છે કે મારા બદલે તમે પોતે વધસ્તંભે જડાઈ ગયા, એ માટે હું તમારો ઋણી છું.*

*વળી, હું એ પણ માનું છું કે તમે જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તમારા વહેવડાવેલા રક્ત મારફતે તેમ જ રાનમાં ચાળીસ દિવસ પછી જ્યારે તમારું પરીક્ષણ થયું ત્યારે ઈશ્વરનાં વચન વડે તમે શેતાનને હરાવ્યો છે.*

*મારા વતી તમે શેતાનને હરાવ્યો છે એ માટે તથા જે રીતે તમે ઈશ્વરનાં વચનોનો ઉપયોગ કરીને શેતાનનાં પ્રલોભનો અને કુયુક્તિઓ પર વિજય મેળવ્યો હતો તેનો નમૂનો મારી આગળ રજૂ કરવા માટે હે ઈસુ, હું તમારો*

આભાર માનું છું.

હું ગમે તે હોઉં, અનુભવતો હોઉં કે સાંભળતો હોઉં, પરંતુ તમારા વચન પર વિશ્વાસ કરીને જીવન જીવવા મારી સહાય કરો. મારે માટે આદમ અને હવા નહિ, પરંતુ ઈસુ ખ્રિસ્ત જ નમૂનો છે. પ્રભુ, તમે મને ગમે ત્યાં લઈ જશો, હું તમારી પાછળ જ ચાલીશ. તમે મને વધારે ને વધારે દર્શન આપો, અને મારા જીવન સંબંધીની તમારી ઈચ્છા પ્રગટ કરો. હે પ્રભુ, હું તમને ચાહું છું!

ઈસુના નામમાં મારી આ પ્રાર્થના છે, આમેન!

# પ્રકરણ-ત્રણ

# ઇશ્વર તમને સાચું સુખ આપવા ઇચ્છે છે



ઈશ્વર તમને સાચું સુખ આપવાની ઈચ્છા રાખે છે! ઈશ્વર ભલા અને પ્રેમાળ ઈશ્વર છે, વળી તે તમારું ભલું જ ઈચ્છે છે. ઈશ્વરમાં તમારા વિશ્વાસનું મહત્વ અને ઈશ્વરના બાળક બનવા માટેના તમારા અધિકાર સંબંધી હવે તમે જ્યારે સમજ્યા છો, ત્યારે ઈશ્વર કેવા છે એ જાણવાની શરૂઆત તમારે કરવાની છે, જેથી કરીને ઈશ્વરની સાથેનો તમારો સંબંધ વધુ દૃઢ બને.

ઈશ્વર કેવા છે, એ બાબત જાણવા તમારે વ્યક્તિગત રીતે ઈશ્વરની ઓળખ પામવી પડશે. ખ્રિસ્તી વ્યક્તિ હોવું એટલું જ પૂરતું નથી, પરંતુ ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્ત મારફતે તમારા સર્જનહાર સાથેનો તમારો ગાઢ સંબંધ હોવો જરૂરી છે.

*ઈશ્વર કેવા છે એ બાબત જે રીતે જગત, શેતાન અને ધર્મ આપણને જણાવે છે એ રીતે નહિ, પરંતુ ઈશ્વર ખરેખર કેવા છે, એ વાત જાણવા માટે આ પ્રકરણ તમને મદદરૂપ બનશે. ઈશ્વરનો આત્મા તમારી આગળ ઈશ્વરને જ્યારે પ્રગટ કરે છે ત્યારે ઈશ્વર પરનો તમારો પ્રેમ અને વિશ્વાસ વધુ દૃઢ બને છે, અને તમારા જીવનમાં તમે દરરોજ ઈશ્વરના આશીર્વાદો અને તેમની હાજરીનો અનુભવ કરશો.*

*ઈશ્વરની વ્યક્તિગત ઓળખ પ્રાપ્ત થયા પછીથી તમે ઈશ્વરની સંપૂર્ણ ઈચ્છા, તેમની યોજના અને તમારા જીવન સંબંધીનો ઈશ્વરનો હેતુ તમે જાણી શકશો.*

### *ઈશ્વર તમને સાચું સુખ આપવા ઈચ્છે છે....*

સત્યથી જીવન જીવવું એ તમને અજાયબ લાગશે, અને તમારા જીવનના દરેક દિવસે અને સાચા સુખ સહિત ઈશ્વર તરફથી અનેક આશીર્વાદો તમને પ્રાપ્ત થશે. ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્ત મારફતે તમે હવે તમારા સર્જનહાર ઈશ્વરના જીવંત સંબંધમાં પ્રવેશ્યા છો, આ સત્યરૂપી સૌથી મોટો આશીર્વાદ તમે પ્રાપ્ત કરી જ લીધો છે. તમારાં પાપની સજા તમારે ક્યારેય ભોગવવી પડશે નહિ, પરંતુ એના બદલે તમે ઈસુની સાથે અનંતકાળ સુધી રહેશો.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત મારફતે ઈશ્વર સાથેના તમારા સંબંધને લીધે તમે હવે સંપૂર્ણપણે નવી ઉત્પત્તિ છો. આ બધું સમજવા માટે તમારું બાકી રહેલું જીવન અને આખો અનંતકાળ તમારે ગાળવો પડે. ઈશ્વરે જ્યારે તમારું તારણ કર્યુ, ત્યારે તેમણે કાંઈક એવું કર્યું કે જે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી, અને તે એકદમ સમજી શકાય તેમ પણ નથી.

નવો જન્મ પામીને તમે હજી તો ખ્રિસ્તમાં એક નાનું બાળક જ છો, પરંતુ ઈશ્વરનાં વચનના પોષણથી તમે દિનપ્રતિદિન વૃધ્ધિ પામતા જશો. તમારામાં હવેથી રહેનાર પવિત્ર આત્મા ઈશ્વરનાં વચન તમારી આગળ પ્રગટ કરશે. તે તમને શીખવશે અને સર્વ સત્યમાં તમને દોરી જશે, અને તમારે માટે ઈશ્વરે જે કાંઈ કર્યું છે, એ સર્વ બાબતો તમને સમજાવા લાગશે.

તમે હવે પહેલાના જેવા વ્યક્તિ રહેશો નહિ. જૂનું સર્વ જતું રહ્યું છે, અને નવું આવ્યું છે; વળી એ સર્વ ઈશ્વર તરફથી છે. તમને કદાચ એવું લાગે



કે તમે લાયક વ્યક્તિ નથી અથવા આ બધા માટે હું યોગ્ય નથી, પરંતુ હવેથી તમે તમારી પોતાની જાત સંબંધી પહેલાંના જેવું વિચારી શકશો નહિ. તમારે સ્વીકારવું પડશે કે તમે ઈશ્વરની દૃષ્ટિમાં મૂલ્યવાન પાત્ર છો. શેતાનના પાપના બંધનવાળા બજારમાંથી ઈસુએ તમને કિંમત ચૂકવીને ફરીથી પાછા ખરીદી લીધા છે, અને એ કિંમત જ તમારું મૂલ્ય છે.

દા.ત. ઈશ્વરનું વચન શીખવે છે કે, તમે હવે ઈશ્વરનું બાળક છો, અને તેથી, તમે ઈશ્વરના વારસ છો અને ખ્રિસ્તની સાથે સહવારસ છો. આનો અર્થ એવો થાય છે કે સૃષ્ટિના સર્જનહાર તમારા સ્વર્ગીય પિતા છે. અને તેમનું જે કાંઇ છે એ સર્વ તમારું છે.

ઈશ્વરની દૃષ્ટિમાં તમે મૂલ્યવાન છો. તેમણે તમને ઉત્પન્ન કર્યા છે, અને તમારા જીવન સંબંધીની તેમની ઈચ્છા અને હેતુ સમગ્ર માનવજાત સંબંધીની તેમની મહાન પ્રેમ યોજના સાથે બરાબર બંધબેસતી છે. તમારો ઉધ્ધાર કરવા માટે આવી મોટી કિંમત ચૂકવીને તેમણે સાબિત કર્યું છે કે તમે તેમની દૃષ્ટિમાં મૂલ્યવાન છો. ઈશ્વરે એ કિંમત તેમના એકનાએક દીકરાનો જીવ આપીને તથા રક્ત વહેવડાવીને ચૂકવી છે. તેમણે ઈશ્વરના સંપૂર્ણ પુત્રને તમારા બદલે શિક્ષા કરી. તેમણે તમારા વતી ઈસુને મરણ પામવા અને તમારાં પાપ, બિમારીઓ અને પીડાઓ પોતાના પર લેવા દીધાં કે જેથી કરીને તમને તેમની પાસે પાછા લાવી શકાય.

એ પ્રેમ તો આપણી સમજ બહારનો છે. શેતાન કે અન્ય કોઈને પણ ક્યારેય એવી તક આપશો નહિ કે તે તમને બીજા નકામા અથવા તો ઓછી કિંમતના પાત્ર સમાન ગણે. તમારા સર્જનહારે તમારી કિંમત નક્કી કરી છે, અને એ કિંમત તો સદાકાળ માટે ચૂકવાઇ ગઇ છે. તમે જ્યારે જ્યારે તમારું મૂલ્યાંકન કરો છો અથવા તો ઈશ્વરની દૃષ્ટિમાં તમે કેટલા લાયક છો, એ વિષે વિચારો છો ત્યારે તમારા બદલે વધસ્તંભ પર મરણ પામનાર, તમારા સાજાપણા માટે માર સહન કરનાર અને તમારાં પાપને સારૂ તેમનું અમૂલ્ય રક્ત વહેવડાવનાર ઈસુ સંબંધી જ વિચાર કરો. ઈશ્વર અનંતકાળ સુધી ટકી રહે એવા પ્રેમ વડે તમને ચાહે છે, અને તમે અનંત મૂલ્ય ધરાવનાર વ્યક્તિ છો, ઈશ્વરની દૃષ્ટિમાં તમે અતિમૂલ્યવાન છો. હવે તમે અનંતકાળ સુધી ઈશ્વરના બાળક બનીને રહેશો. અને એ જ આ સત્ય છે!

બાઈબલ, ઈશ્વરનું વચન આપણને જણાવે છે, **" આપણે આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ઈસુની તરફ લક્ષ રાખીએ કે, જેમણે પોતાની આગળ મૂકેલા આનંદને લીધે શરમને તુચ્છ ગણીને મરણસ્તંભનું દુઃખ સહન કર્યું, અને જે ઈશ્વરના રાજ્યાસનની જમણી તરફ બેઠેલા છે."** ઈશ્વર સાથેનું તમારું નવું જીવન ઈસુ દ્વારા જ શક્ય બન્યું છે. તેમણે કહ્યું છે, **"માર્ગ, સત્ય તથા જીવન હું છું, મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવતું નથી."** ઈશ્વર પાસે જવાનો એકમાત્ર માર્ગ ઈસુ જ છે.

તમે હવે ઈસુના શિષ્ય છો. તમારું સમગ્ર જીવન હવે ઈસુ માટે જ છે. તમારે ઈસુ પર જ વિશ્વાસ કરવાની જરૂર છે. ઈસુ ખ્રિસ્ત ઈશ્વરનું આબેહૂબ સ્વરૂપ જ છે. બાઈબલ જણાવે છે, **"શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને પિતાના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેમનો મહિમા અમે દીઠો), તે કૃપા અને સત્યતાથી ભરપૂર હતા.** ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના જીવંત શબ્દ છે. તમારે ઈસુની જેમ ઓળખાવું જોઈએ.

**" કેમ કે ખોવાયેલું શોધવા તથા તારવા સારૂ માણસનો દીકરો આવ્યો છે."**, ખોવાયેલું એટલે સમગ્ર માનવજાત, એમાં તમારો અને મારો પણ સમાવેશ થઈ જાય છે. આ પૃથ્વી પર ઈસુ જે પાપરહિત અને સંપૂર્ણ જીવન જીવ્યા હતા, એ જીવન આપણા બધાને માટે હતું. શેતાન ઉપર જે વિજય તેમણે પ્રાપ્ત કર્યો હતો, એ વિજય આપણા બધા જ માટેનો હતો. તેમના શરીર પર જે માર અને શિક્ષા તેમણે સહન કર્યા એ બધા આપણે સારૂ હતા. વધસ્તંભ પર વહેવડાવવામાં આવેલું તેમનું રક્ત આપણા બધા માટે હતું, એ જ રીતે તેમનું મરણ, તેમનું દટાવું, તેમનું અધઃસ્થાનમાં જવું, તેમનું પુનરૂત્થાન, તેમનો મહિમા અને તેમનું સ્વર્ગારોહણ આ સર્વ બાબતો આપણા બધાને માટે હતી.

ઈસુ ખ્રિસ્ત આ પૃથ્વી પર કેવળ આપણે સારૂ જ આવ્યા. એ સિવાય તેમના આગમનનો બીજો કોઈ હેતુ ન હતો. તેમણે કોઈ બાબત સાબિત કરવાની ન હતી, વળી તેમણે કોઈને પ્રભાવિત પણ કરવાના ન હતા. તેમણે એવું એકપણ પાપ કર્યું ન હતું કે જેના કારણે તેમણે મરણ પામવું પડે, અને જ્યારે તે વધસ્તંભ પર મરણ પામ્યા, ત્યારે તેમણે તેમનું જીવન આપ્યું, જે જીવન



તેમની પાસેથી કોઈપણ છીનવી શકે તેમ ન હતું. તેમનું મરણ દૈવી પ્રેમ પ્રગટ કરતું એક સ્વૈચ્છિક કાર્ય હતું.

આપણે આપણી જાતની ઓળખ સંપૂર્ણપણે ઈસુની જે ઓળખ હતી, એ રીતે જ આપવાની છે, જેથી કરીને ઈસુ કોણ છે અને તેમણે આપણા વતી શું કર્યું છે, તે સમજી શકાય. સૌથી મહાન સત્યોમાંનું એક સત્ય આપણા વતી ઈસુએ જે કર્યું છે, તે છે.

બીજા શબ્દોમાં કહીએ તો, ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર જડવામાં આવ્યા અને તે મરણ પામ્યા, ત્યારે એ જ વધસ્તંભ પર તમે પણ જડાયા અને મરણ પામ્યા. ઈસુ ખ્રિસ્તને જ્યારે દફનાવવામાં આવ્યા હતા ત્યારે તમને પણ તેમની સાથે દફનાવી દેવામાં આવ્યા. ઈસુ ખ્રિસ્ત જ્યારે અધઃસ્થાનમાં ગયા, ત્યારે તમે પણ અધઃસ્થાનમાં ગયા હતા. ઈસુ ખ્રિસ્તને જ્યારે મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યા ત્યારે તમને પણ ઉઠાડવામાં આવ્યા હતા. ઈસુ ખ્રિસ્તને જ્યારે સ્વર્ગમાં ઉંચકી લેવામાં આવ્યા ત્યારે તમને પણ ઉંચકી લેવામાં આવ્યા હતા.

ઈસુ ખ્રિસ્તે જે કાંઈ કર્યું છે એ સર્વ તમારે માટે અને મારે માટે કર્યું છે. **"ઈસુ ખ્રિસ્ત સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને, તથા ઘણા લોકની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવા આવ્યા હતા."** તેમણે કહ્યું છે કે, **"એ જીવન મારી પાસેથી કોઈ લેતું નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું."** ઈસુ ખ્રિસ્ત જ્યારે વધસ્તંભ પર આપણા બદલે મરણ પામ્યા, ત્યારે પ્રેમનું એ કાર્ય પિતા અને પુત્રએ જાણી જોઈને કર્યું હતું.

આપણા સ્વર્ગીય પિતા, સૃષ્ટિના સર્જનહાર ઈશ્વર કેવા છે, એ બાબત જગતની આગળ પ્રગટ કરવા સારૂ પણ ઈસુ આ પૃથ્વી પર આવ્યા હતા. શેતાને માણસજાતને ભૂલાવામાં નાખી ત્યારે જ ખબર પડી કે ઈશ્વર કેવા છે. શેતાને ઊભાં કરેલાં જૂઠાણાઓ મારફતે ઈશ્વરનું ચિત્ર હકીકતમાં તો પોતાનાં બાળકોનું કેવળ ભલું જ ઈચ્છનાર અને સ્વર્ગીય પ્રેમાળ પિતા તરીકે વધુ સારી રીતે જુદા સ્વરૂપે ઉપસ્યું છે.

આપણા શત્રુના કપટને કારણે, ઈશ્વર ખરેખર કેવા છે તથા આપણા બધા પ્રત્યેનો તેમનો પ્રેમ કેવો છે, એ સંબંધીના અજ્ઞાનને કારણે સદીઓથી

લોકો ઈશ્વરથી દૂર ભાગી રહ્યા છે. ઈશ્વર તરફ પાછા ફરવાના એકમાત્ર માર્ગ તરીકે જ નહિ, પરંતુ આપણાં રોજબરોજનાં જીવનોમાં આપણા સ્વર્ગીય પિતાની સાથે આપણે તેમનાં બાળકો તરીકે કેવી રીતે વર્તવું જોઈએ, એ બાબતનો નમૂનો પૂરો પાડનાર તેમના દીકરા ઈસુ દ્વારા ઈશ્વરે પોતાનો સ્વભાવ અને ચારિત્ર્ય સ્પષ્ટપણે પ્રગટ કર્યાં છે.

તેમનાં બાળકો તરીકે હવેથી આપણે ઈશ્વરથી બીવાની જરૂર નથી. તે આપણને ક્યારેય શિક્ષા કરશે નહિ, કારણ કે તેમણે આપણા બદલે ઈસુને શિક્ષા કરી છે. **"આપણને ઈશ્વરના કોપને સારૂ નહિ, પણ તારણ પ્રાપ્તિને સારૂ નિર્માણ કરવામાં આવ્યા છે."** ઈશ્વરનાં બાળકો તરીકે આપણે તેમનાથી દૂર દોડી જવું ન જોઈએ અને તેમનાથી સંતાઈ જવું ન જોઈએ. આપણે તેમની તરફ ઝડપથી જવું જોઈએ અને તેમની નજીક પહોંચી જવું જોઈએ.

તમારા સ્વર્ગીય પિતા તરીકેનું ઈશ્વરનું ચિત્ર, તમારે તમારા પૃથ્વી પરના પિતા તમારી સાથે જે રીતે વ્યવહાર કરે છે તેમના જેવું રજૂ કરવું ન જોઈએ. તમારા સ્વર્ગીય પિતાનું ચિત્ર તમારે ઈશ્વર દ્વારા લખવામાં આવેલ વચનના આધારે, અને ઈશ્વરના જીવંત શબ્દ ઈસુ પરથી પ્રગટ કરવાનું છે.

અને એ પછીથી જ તમે જે રીતે રાખવો જોઈએ એ રીતે ઈશ્વરની સાથે સંબંધ રાખી શકશો, અને ઈશ્વરના બાળક તરીકે વારસો પ્રાપ્ત કરી શકશો.

બાઈબલનાં કેટલાંક મૂલ્યવાન વચનો અહીં રજૂ કર્યાં છે :

**હે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન !**

**મારા ખરા અંતઃકરણ, તેમના પવિત્ર નામને સ્તુત્ય માન !**

**રે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન,**

**તેમના સર્વ ઉપકારો તું ભૂલી ન જા.**

**તે મારાં સઘળાં પાપ માફ કરે છે**

**અને મારા સર્વ રોગ મટાડે છે.**



**તે મારો જીવ નાશથી બચાવે છે અને મને કૃપા તથા પ્રેમ વડે મને આશીર્વાદ આપે છે.**

**તે મારા જીવનને ઉત્તમ વસ્તુઓથી ભરી દે છે, જેથી કરીને હું ગરૂડની જેમ જુવાન અને શક્તિશાળી રહું છું.**

**યહોવા જુલમનો ભોગ બનેલાઓની તરફેણમાં ન્યાયચૂકાદા આપે છે, અને તેઓને તેઓના હક્ક આપે છે.**

**યહોવા દયાળુ અને કરૂણાળુ છે, તે કોપ કરવામાં ધીમા અને અવિરત પ્રેમથી ભરપૂર છે.**

**તે સદા ધમકી આપ્યા કરશે નહિ, વળી તે સદાકાળ કોપ રાખશે નહિ.**

**તે આપણાં પાપ પ્રમાણે આપણને શિક્ષા કરતા નથી,**

**અને આપણા અન્યાયના પ્રમાણમાં તેમણે આપણને બદલો આપ્યો નથી.**

**જેમ પૃથ્વીથી આકાશ ઊંચું છે, તેમ તેમના ભક્તો પર તેમનો પ્રેમ વિશાળ છે.**

**પૂર્વ જેટલું પશ્ચિમથી દૂર છે, તેટલાં આપણાં પાપો તેમણે આપણાથી દૂર કર્યાં છે.**

**જેમ પિતા પોતાનાં છોકરાં પર દયાળુ છે, તેમ યહોવા તેમના ભક્તો પર દયાળુ છે.**

આપણા સ્વર્ગીય પિતાનું શું આ એક સુંદર ચિત્ર નથી ? ઈશ્વરનાં પ્રેમ, ભલાઈ, કૃપા, દયાની આ તો એકમાત્ર ઝલક જ છે. ઈશ્વર સંબંધીનું આ વર્ણન તો ઈસુ ખ્રિસ્તના જન્મ અગાઉ ઘણાં વર્ષો પૂર્વે નોંધવામાં આવ્યું હતું. પરંતુ હવે તો ઈસુ પોતે જ આપણે માટે ઈશ્વરની પ્રતિમા છે.

બાઈબલમાં લખવામાં આવ્યું છે કે, **"પુત્ર ઈશ્વરના ગૌરવનું તેજ તથા તેમના સત્વની આબેહૂબ પ્રતિમા છે, અને તે પોતાના પરાક્રમના શબ્દથી સઘળાંને નિભાવી રાખે છે. તે પાપનું પ્રાયશ્ચિત કરીને સ્વર્ગીય પિતાને જમણે હાથે બેઠા છે."**

વળી, બાઈબલમાં એ પણ લખેલું છે કે, **“કેમ કે આપણે સારૂ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે; અને તેને અદ્‌ભૂત મંત્રી, પરાક્રમી ઈશ્વર, સનાતન પિતા અને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે.”**

ઈસુએ પોતે જ કહ્યું છે કે, **“જેણે મને જોયો છે તેણે પિતાને જોયા છે.** ઈશ્વર આપણી પાસેથી એવી અપેક્ષા રાખે છે કે તે ખરેખર જેવા છે, તેવા જ આપણે તેમને ઓળખીએ. વળી આપણે માટે તેમણે જે કર્યું છે, તે આપણે જાણીએ કે જેથી કરીને આપણે તેમની સાથે નિકટનો અંગત સંબંધ બાંધી શકીએ, અને એ પછીથી જ આપણે તેમની ઈચ્છા મુજબનાં પાત્રો બની શકીશું, અને અહીં અને અત્યારે તથા સદાસર્વકાળ સુધી આપણે આપણાં જીવનો ભરપૂરપણે માણી શકીશું.

વળી ઈસુએ એમ પણ કહ્યું છે કે, **“મેં તમને મિત્ર કહ્યા છે; કેમ કે જે વાતો મેં મારા પિતા પાસેથી સાંભળી હતી તે બધી મેં તમને જણાવી છે.”** હવેથી તમે ઈસુ ખ્રિસ્તના એક મિત્ર છો, અને તે એવી ઈચ્છા રાખે છે કે તેમણે તેમના સ્વર્ગીય પિતા પાસેથી જે કાંઈ જાણ્યું છે, તે સર્વ તમે પણ જાણો.

હવેથી તમારામાં રહેનાર ઈશ્વરનો આત્મા તમારી આગળ પિતા અને પુત્રને પ્રગટ કરશે, જેથી કરીને જે રીતે તમારે ઓળખવા જોઈએ એ રીતે તમે તેઓને અંગત રીતે અને વધુ નિકટથી ઓળખી શકો. જેમ લખેલું છે કે, **“જે વાનાં કોઈ આંખે જોયાં નથી, અને કોઈ કાને સાંભળ્યા નથી, અને માણસના મનમાં પેઠાં નથી, જે વાનાં ઈશ્વરે પોતાના પર પ્રેમ કરનારાઓને સારૂ સિધ્ધ કર્યાં છે, એ વાનાં તો ઈશ્વરે આત્માથી આપણી સમક્ષ પ્રગટ કર્યાં છે. કેમ કે આત્મા સર્વને, હા, ઈશ્વરના ઊંડા વિચારોને પણ શોધે છે. આપણે જગતનો આત્મા પામ્યા નથી, પરંતુ જે આત્મા ઈશ્વર તરફથી છે એ પામ્યા છીએ, જેથી કરીને ઈશ્વરે આપણને છૂટથી જે આપ્યું છે તે આપણે સમજી શકીએ.”**

ઈશ્વરના વચનના આ શાસ્ત્રભાગમાંથી આપણે જાણી શકીએ છીએ કે આપણી કુદરતી અને શારીરિક ઈન્દ્રિયોથી આપણે ઈશ્વરને વ્યક્તિગત રીતે ઓળખી શકતા નથી, પરંતુ ઈશ્વરના પવિત્ર આત્મા દ્વારા જ ઈશ્વરની વ્યક્તિગત ઓળખ પ્રાપ્ત થઈ શકે છે. ઈશ્વરે આપણે માટે તૈયાર કરેલી તથા



છૂટથી આપણને આપેલી તમામ સારી બાબતોને આપણે જાણીએ એવી અપેક્ષા ઈશ્વર આપણી પાસેથી રાખે છે. હા, ઈશ્વર ઈચ્છે છે કે આપણે તેમને સારી રીતે ઓળખીએ, અને તેમના તરફથી મળતા તમામ આશીર્વાદો પ્રાપ્ત કરી લઈએ.

એમ લખેલું છે કે, **“જેમણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેમની સાથે બધુંએ કેમ નહિ આપશે?”** વળી એવું પણ લખેલું છે કે, **“ન્યાયથી વર્તનારને માટે ઈશ્વર કોઈપણ સારી બાબત રોકી રાખશે નહિ.”** અને **“દરેક ઉત્તમ દાન તથા દરેક સંપૂર્ણ દાન ઉપરથી, પ્રકાશોના પિતા જેમનામાં વિકાર થતો નથી તેમ જ જેમના ફરવાથી પડછાયો પણ પડતો નથી, તેમની પાસેથી ઊતરે છે.”**

તેથી આપણે જોઈએ છીએ કે ઈશ્વર આપણે માટે જે ઉત્તમ છે તેની જ હમેશાં ઈચ્છા રાખે છે. આપણને પાપ, બિમારી, રોગ અને પીડા તથા શેતાનની તમામ પ્રકારની ચુંગાલમાંથી મુક્ત કરવા માટે ઈસુ ખ્રિસ્તે આપણા બદલે માર ખાધો, દુઃખ સહન કર્યું અને મરણ પામ્યા. પોતાના અમૂલ્ય રક્ત વડે ઈસુ ખ્રિસ્તે જ્યારે પાપ તથા પાપના શ્રાપમાંથી આપણો ઉધ્ધાર કર્યો ત્યારથી જ ઈશ્વરની આપણાં સંબંધી એવી ઈચ્છા છે કે ઈસુ ખ્રિસ્તે વિશ્વાસુપણે ખરીદેલી ઉત્તમ બાબતો અને આશીર્વાદો આપણે પ્રાપ્ત કરીએ.

તમારે એક વાત સમજવી જરૂરી છે કે, **જેમ તમારો આત્મા કુશળ છે તેમ તમે હવેથી સર્વ વાતે કુશળ અને તંદુરસ્ત રહો.** એવું ઈશ્વર ઈચ્છે છે. આ જ બાબત બાઈબલ સ્પષ્ટપણે શીખવે છે, વળી ઈસુ ખ્રિસ્ત આ પૃથ્વી પર જીવતા હતા ત્યારે તેમણે આ જ બાબતનો નમૂનો દરેક જણની આગળ મૂક્યો હતો. બાઈબલ આપણને શીખવે છે, **“ઈશ્વરે કેવી રીતે નાસરેથના ઈસુને પવિત્ર આત્માથી તથા સામર્થ્યથી અભિષિક્ત કર્યા, અને તે ભલું કરતા તથા શેતાનથી જેઓ પીડાતા હતા તેઓ સર્વને સાજા કરતા ફર્યા, કેમ કે ઈશ્વર તેમની સાથે હતા.”**

ઈસુએ માંદાંઓને સાજાં કર્યાં, આંધળાઓને દેખતા કર્યા, બહેરાઓને સાંભળતા કર્યા અને બોબડાઓને બોલતા કર્યા, તેમણે ભૂતોને કાઢ્યા,

મૂએલાંઓને ઉઠાડ્યા, રક્તપિત્તિયાઓને શુધ્ધ કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. વિશ્વાસથી તેમની પાસે આવનાર ગમે તે પ્રકારની ગંભીર બિમારી કે રોગવાળી દરેક વ્યક્તિને તેમણે સાજાપણું આપ્યું. તેમના પર વિશ્વાસ કરનાર દરેક જણનાં પાપ તેમણે માફ કર્યાં. **પાપીઓને તારવા માટે ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યા, અને શેતાનનાં કામોનો નાશ કરવા માટે તે પ્રગટ થયા.**

ઈસુ ખ્રિસ્ત જીવતા છે, અને **તે ગઈકાલે, આજે તથા સદાસર્વકાળ એવા ને એવા જ છે.** ૨૦૦૦ વર્ષ પહેલાં જે ચમત્કારો તેમણે કર્યા હતા એ ચમત્કારો આજે પણ તે કરે છે. તેમની પાસે આવનાર દરેક જણની જરૂરિયાત તે પૂરી કરતા હતા અને તે હમેશાં બધા લોકો પ્રત્યે કરૂણા દર્શાવતા હતા. જ્યારે જરૂર હતી ત્યારે તેમણે ચમત્કારિક રીતે હજારો લોકોને ખોરાક પૂરો પાડ્યો હતો. તેમણે લોકો પર જે રીતે પ્રેમ દર્શાવ્યો છે અને તેઓની સંભાળ લીધી છે, એવી સંભાળ અને પ્રેમ હજી સુધી કોઈએ પ્રગટ કર્યા નથી કે ભવિષ્યમાં કરશે પણ નહિ. ઈસુ ખરેખર એવા જ છે !

ઈશ્વરનાં બાળકો તરીકે આપણે આપણા સ્વર્ગીય પિતા પાસેથી કઈ બાબતની અપેક્ષા રાખી શકીએ, એ જાણવું ખૂબ જ મહત્વનું છે, આપણે માટે ઈશ્વરની ઈચ્છા હમેશાં સારી જ હોય છે. એમ લખેલું છે કે, **"આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો; જેથી ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો."** ઈશ્વરની ઈચ્છાને સારી, માન્ય અને સંપૂર્ણ ઈચ્છા તરીકે વર્ણવવામાં આવી છે.

શેતાન કે અન્ય કોઈપણ વ્યક્તિને તમારી સમક્ષ કોઈપણ બાબત વિષે ઈશ્વરના વચનમાં લખવામાં આવ્યા મુજબથી જુદી રીતે રજૂ કરવાની તક આપશો નહિ. તેમની પર વિશ્વાસ કરનાર દરેક જણ માટે હમેશાં સારું કરનાર **ઈસુની તરફ જો તમે લક્ષ રાખશો.** તો તમારું મન નવીનીકરણનો અનુભવ પ્રાપ્ત કરશે. ઈસુએ સ્વર્ગમાંના તેમના પિતાની ઈચ્છા મુજબ જ હમેશાં કાર્ય કર્યું.

તેથી હવે તમે જાણી શકશો કે તમારા સંબંધી ઈશ્વરની ઈચ્છા એવી છે કે તમે આશીર્વાદ પ્રાપ્ત કરો, સાચા અર્થમાં સુખી થાઓ, સારી તંદુરસ્તી



પ્રાપ્ત કરો, દરેક રીતે સમૃધ્ધ થાઓ, તમારાં પાપ માફ થાય અને શેતાનનાં તમામ પ્રકારનાં બંધનમાંથી તમે મુક્ત થાઓ. એનું કારણ તમે જાણો છો કે ઈશ્વરનું વચન જ એ પ્રમાણે કહે છે, અને ઈસુએ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે આ પૃથ્વી પર કાર્ય કર્યું.

પ્રકરણ-ત્રણ માં જે બાબતો તમે શીખ્યા છો તેને ફરીથી પ્રાર્થના દ્વારા યાદ કરવા માટેની અત્યારે આ એક સારી તક છે.

*વહાલા સ્વર્ગીય પિતાજી,*

*તમે જે છો, અને જેવા છો તે માટે હું તમારો આભાર માનું છું. વળી, તમે ક્યારેય બદલાવાના કે ક્યારેય જૂઠું બોલનાર નથી, એવો મને પૂરેપૂરો વિશ્વાસ છે. હું તમારો ખૂબ જ આભારી છું કે મને સાચું સુખ આપવાની તમારી ઈચ્છા છે, અને તમે મારું હમેશાં સારું જ ઈચ્છો છો, એનું કારણ તમે એ પ્રકારના જ છો. તમે અજાયબ ઈશ્વર છો !*

*હે પ્રભુ, મને સર્વ સત્યોમાં દોરવણી આપનાર અને ઈસુને તથા મારે સારૂ જે બાબતો તમે તૈયાર કરી છે, એ સર્વ બાબતો મારી સમક્ષ પ્રગટ કરનાર પવિત્ર આત્મા માટે હું તમારો આભાર માનું છું. હે ઈશ્વર, તમારો આભાર માનું છું, કારણ કે તમે એવું ઈચ્છો છો કે હું તમારા સંબંધી વધુને વધુ જાણું; વળી તમારો આભાર માનું છું કે તમે મારાથી કોઈપણ બાબત ગુપ્ત રાખતા નથી.*

*હે ઈસુ, તમારો આભાર કે તમે મને તમારા એક મિત્ર તરીકે ગણ્યો છે, અને તેથી તમે મારી આગળ સર્વ વાતો પ્રગટ કરો છો, જેથી કરીને હું તમને વધારે નજીકથી અને વ્યક્તિગત રીતે ઓળખી શકું, અને આપણી વચ્ચેનો સંબંધ વધુ દઢ બને.*

*હે પ્રભુ, હું જાણું છું કે ખ્રિસ્તમાં હું એક બાળક જ છું, મેં ઈસુ તરફ લક્ષ રાખ્યું છે, તેથી પ્રભુમાં દઢ બનવા માટે હું વૃધ્ધિ પામું એવી મારી ઈચ્છા છે. મારા દૈનિક જીવનમાં એક નવા ખ્રિસ્તી વ્યક્તિ તરીકે હું જીવું છું, તેથી તમે મારે માટે સર્વ ઉત્તમ બાબતો રાખી મૂકી છે, તે જાણીને હું આનંદથી નાચી ઊઠું છું.*

*તમારી દૃષ્ટિએ હું કેટલો મૂલ્યવાન છું, એ વાત તમે મને જણાવો છો તેથી હે પ્રભુ, હું તમારો આભાર માનું છું. હું ક્યારેય કોઈ વ્યક્તિને કોઈ બાબત જુદી રીતે પ્રગટ કરવાની તક આપીશ નહિ. હું ઈશ્વરનું એક બાળક છું, અને તમારું જે કાંઈ છે એ સર્વ તમે મને વારસામાં આપ્યું છે. તમે મારી સર્વ જરૂરિયાતો પૂરી પાડો છો. મારામાં ભરપૂરીપણું છે, હું સમૃધ્ધ અને તંદુરસ્ત છું, અને મારો જીવ પણ સમૃધ્ધ થતો જાય છે. આ સર્વ બાબતો ઈસુના કારણે અને તેમની સાથેની મારી ઓળખને લીધે જ છે. તમારો પ્રેમ મારી કલ્પના બહારનો છે.*

*હે પ્રભુ ઈસુ, હું તમારો આભાર માનું છું કે તમે મારે માટે તથા મારા જેવા બીજા અનેક જણ માટે જ આ પૃથ્વી પર આવ્યા હતા. તમે સેવા કરાવવાને નહિ, પરંતુ સેવા કરવાને તથા મારે સારૂ તમારી જાતનું અર્પણ કરવા માટે આવ્યા હતા. લોકોને સાજાં કરીને, તેઓને તારણ પમાડીને તથા બંધનમાંથી છોડાવીને તમે મને પિતાનાં દર્શન કરાવ્યાં છે, તે માટે તમારો આભાર માનું છું. તમે મારા હક્કમાં પણ આ સર્વ બાબતો કરશો, તે હું જાણી શક્યો છું તે માટે આ મારી પ્રાર્થના ઈસુના નામમાં કરૂં છું, આમેન.*

# પ્રકરણ-ચાર

## સાચું સુખ ઈસુ તમારામાં હોય એ છે.



*સાચું સુખ ઈસુ તમારામાં હોય એ છે! સાચા અર્થમાં સુખી થવા માટે તમારે જો કોઈ બાબત કે કોઈ વ્યક્તિની જરૂર હોય તો તે તમારામાં રહેનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ છે.*

*તમારા તારનાર અને પ્રભુ તરીકે ઈસુ પર વિશ્વાસ કરવા માટે તમે આવ્યા છો. તમારા જીવનનાં તમામ ક્ષેત્રોમાં ઈસુ પર વિશ્વાસ કરવાની રીત તમે હવે શીખી શકશો.*

*ઈસુને સંપૂર્ણપણે ઓળખવા માટે આખી જીંદગી જોઈએ, પરંતુ આ ચોથા પ્રકરણમાં ઈસુ ખ્રિસ્તના ઘણા મુખ્ય ગુણો તમને જોવા મળશે, અને તેથી તમારી સંપૂર્ણતા તેમનામાં શોધો.*

*તમને જણાઈ આવશે કે ઈશ્વરત્વની પૂરેપૂરી સંપૂર્ણતા શરીર સ્વરૂપે ઈસુમાં મૂર્તિમાન છે, અને તેમનામાં તમે સંપૂર્ણ થયા છો. બીજા શબ્દોમાં કહીએ તો તમારામાં કશું ખૂટતું નથી, તમારે જ્યારે પણ કોઈ બાબતની જરૂર પડે તો એ દરેક બાબત તમારામાં રહેનાર ખ્રિસ્તમાં ઉપલબ્ધ છે.*

*ઈશ્વરના વચનમાંનું આ એક ભયંકર સત્ય છે. માની લો કે તમારે જ્યારે પણ કોઈ બાબત કે કોઈ વ્યક્તિની જરૂર પડે તો તે બાબત કે વ્યક્તિ તો તમારામાં દરરોજ હાજર જ હોય છે.*

## સાચું સુખ ઈસુ તમારામાં હોય એ છે...

હવેથી ઈસુ ખ્રિસ્ત તમારામાં રહે છે અને તમે તેમનામાં રહો છો. બાઈબલ જણાવે છે કે, **"કેમ કે ખ્રિસ્તમાં ઈશ્વરત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે; અને તમે તેમનામાં સંપૂર્ણ થયા છો."** બીજા શબ્દોમાં કહીએ તો, તમારામાં કશું ખૂટતું નથી. ઈશ્વર તમને જે પ્રકારના બનાવવાની ઈચ્છા રાખતા હતા, તેવા તમે હવે બની ગયા છો.

આ સંપૂર્ણતા ઈસુમાં છે, અને તમે તેમનામાં રહો છો અને તે તમારામાં રહે છે, તેથી તમારામાં કશું ખૂટતું નથી. તમારી દરેક જરૂરિયાત હવેથી ખ્રિસ્ત દ્વારા અને એ પછીથી અન્ય દ્વારા પૂરી કરવામાં આવે છે. તમારામાં રહેનાર ખ્રિસ્ત મહિમાની આશા છે.

બાઈબલમાંના શાસ્ત્રભાગમાંથી નીચેની કલમો વાંચો અને એ પર મનન કરો; અને તમે કેટલા આશીર્વાદિત છો એ સમજવા એ કલમો તમને મદદરૂપ બનશે :

**યહોવા મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ.**

**તે લીલા બીડમાં મને સુવાડે છે, તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે,**

**તે મારા આત્માને તાજો કરે છે.**

**પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.**

**જો કે, મરણની છાયાની ખીણમાં હું ચાલું, તો યે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ, કેમ કે તમે મારી સાથે છો.**



**તમારી લાકડી તથા તમારી છડી મને દિલાસો દે છે.**

**મારા શત્રુઓના દેખતાં તમે મારે વાસ્તે ભાણું તૈયાર કરો છો, તમે મારા માથા પર તેલ ચોળ્યું છે,**

**મારો પ્યાલો ઊભરાઈ જાય છે.**

**નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે,**

**અને હું સદાકાળ સુધી યહોવાના ઘરમાં રહીશ."**

ઈસુ અહીં ઘેટાંપાળક તરીકે પ્રગટ થયા છે, અને તમે તેના ઘેટાંમાંના એક છો. અગાઉનાં પ્રકરણોમાં, અમે તમને ઈશ્વરના બાળક તરીકે ગણ્યા છે, અને તમે ઈશ્વરના એક બાળક જ છો. જો કે, આ પ્રકરણમાં ઈસુ ખ્રિસ્ત સાથેના તમારા બીજી રીતના સંબંધ વિષે પણ આપણે ચર્ચા કરીશું.

ઈશ્વરના વચનમાંથી આ શાસ્ત્રભાગ વારંવાર વાંચી જાઓ, અને પવિત્ર આત્માની દોરવણીમાં એ શાસ્ત્રભાગ તમને કેટલા અંશે લાગુ પડે છે એ સમજવા પ્રયત્ન કરો. ઈશ્વર તેમના વચન મારફતે તમારા અંતઃકરણને સ્પર્શ કરવા ઈચ્છે છે. ઈશ્વર તમને તેમની પોતાની ઓળખ આપવા માગે છે, જેથી કરીને તે તમારી પર તેમનો પ્રેમ પ્રગટ કરી શકે અને તમારી કલ્પના કરતાં પણ વિશેષ આશીર્વાદો આપી શકે.

**"કેમ કે ઈશ્વરનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે, તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજ્જાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે. તેની આગળ કોઈપણ સૃષ્ટ વસ્તુ ગુપ્ત નથી."** તમે જ્યારે ઈશ્વરના વચન પર મનન કરશો તથા તેમાં પ્રગટ કરવામાં આવેલ ઈશ્વરની ભલાઈ અને પ્રેમને સ્વીકારશો ત્યારે ઈશ્વરનો આત્મા તમારા જીવનને ઊંડે સુધી સ્પર્શ કરશે, તમારામાં બદલાણ લાવશે, તમારા હૃદય અને જીવને વધુ ઉદાર બનાવશે, અને તમે ખ્રિસ્તના પ્રેમનો વધુને વધુ અનુભવ પામતા જશો.

ઈસુ તમારા ઘેટાંપાળક છે, તે તમને દોરશે તથા તમારી સર્વ જરૂરિયાતો પૂરી પાડશે અને તમને શાંતિ તથા આશીર્વાદ આપશે. તમને

કશાની ખોટ પડશે નહિ. તે ઉત્તમ ઘેટાંપાળક છે જે તમને જીવનના માર્ગે દોરી જાય છે અને તમને સર્વ પ્રકારની ભૂંડી બાબતોથી બચાવે છે. તમારે બીવાની કે ચિંતા કરવાની જરૂર નથી. તમારો ઘેટાંપાળક તમારી સર્વ જરૂરિયાતો પૂરી પાડે છે, તમારું રક્ષણ કરે છે અને શાંતિ અને આનંદ આપીને તમને આશીર્વાદિત કરે છે.

**"તારા ખરા હૃદયથી યહોવા પર ભરોસો રાખ, અને તારી પોતાની જ અક્કલ પર આધાર ન રાખ. તારા સર્વ માર્ગોમાં તેની આણ સ્વીકાર, એટલે તે તારા રસ્તાઓ પાધરા કરશે."** તમારી જાત પર ભરોસો ન રાખો ! **"એક એવો માર્ગ છે કે, જે માણસોને ઠીક લાગે છે, પણ તેનું પરિણામ મોતનો માર્ગ છે."** ઈસુને અનુસરો. **"તે માર્ગ, સત્ય તથા જીવન છે."** તે તમને અવળે માર્ગે ક્યારેય દોરશે નહિ.

**"ઈસુ તમને ક્યારેય છોડી દેશે નહિ કે ત્યજી દેશે નહિ. ", "પિતાના હાથમાંથી તમને કોઈ છીનવી શકતું નથી.", "મરણ કે જીવન, દૂતો કે અધિકારીઓ, વર્તમાનનું કે ભવિષ્યનું કે, પરાક્રમીઓ, ઊંચાણ કે ઊંડાણ કે, કોઈપણ બીજી સૃષ્ટ વસ્તુ, ઈશ્વરનો જે પ્રેમ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને જુદા પાડી શકશે નહિ."**

ઈસુમાં તમે સુરક્ષિત છો. ઈશ્વરના વચન બાઈબલમાંથી નીચેનો શાસ્ત્રભાગ વાંચો અને તેની પર મનન કરો.

**પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે તે સર્વસમર્થની છાયામાં રહેશે. હું યહોવા વિષે કહીશ કે, "તે મારા આશ્રય તથા કિલ્લો છે, એ જ મારા ઈશ્વર છે, તેમના પર હું ભરોસો રાખું છું."**

**કેમ કે તે પારધીના પાશથી અને નાશકારક મરકીથી તને બચાવશે. તે પોતાનાં પીછાંથી તને ઢાંકશે, અને તેમની પાંખો તળે તને આશ્રય મળશે, તેમનું વિશ્વાસુપણું તારી ઢાલ અને બખતર બનશે.**

**રાત્રે જે ધાસ્તી લાગે છે તેથી, અથવા તો દહાડે ઊડનાર તીરથી, અંધારામાં ચાલનાર મરકીથી કે, બપોરે મહામારીથી તું બીશ નહિ.**

**તારી બાજુએ હજાર અને તારે જમણે હાથે દશ હજાર માણસો પડશે; પણ તે તારી પાસે આવશે નહિ. તું માત્ર નજરે જોશે અને તું દુષ્ટોને મળેલો બદલો દેખશે.**



**જો તું પરાત્પર ઈશ્વર, યહોવા, જે મારા આશ્રય છે, તેમને તારું નિવાસસ્થાન બનાવીશ - તો તારા પર કંઈ દુઃખ આવી પડશે નહિ, મરકી તારા તંબુની પાસે આવશે નહિ. તને તારા સર્વ માર્ગોમાં સંભાળવાને માટે તે પોતાના દૂતોને આજ્ઞા આપશે. તેઓ પોતાને હાથે તને ધરી રાખશે, રખેને તારો પગ પથ્થર પર અફળાય.**

**તું સિંહ અને સાપ પર પગ મૂકશે, તું સિંહના બચ્ચાને તથા અજગરને છૂંદી નાખશે. "તે મારા પર પ્રેમ રાખે છે," એવું યહોવા કહે છે, "તેથી હું તેને બચાવીશ. તેણે મારું નામ જાણ્યું છે, તેથી હું તેનું રક્ષણ કરીશ.**

**તે મને અરજ કરશે, એટલે હું તેને ઉત્તર દઈશ; હું સંકટ સમયે તેની સાથે રહીશ; હું તેને છોડાવીને માન આપીશ. લાંબા આયુષ્યથી હું તેને તૃપ્ત કરીશ, અને તેને મારું તારણ દેખાડીશ."**

તેમના પુત્ર, ઈસુ ખ્રિસ્ત મારફતે તમારા સર્જનહાર સાથેના તમારા સંબંધનું આ એક સુંદર પ્રકટીકરણ છે. ઈશ્વર તમારી ખૂબ જ સંભાળ રાખે છે. આ વચનો વારંવાર વાંચતા રહો, અને એ શું કહે છે તે વિષે વિચાર કરો, અને એ વચનો ઈશ્વરે તમને વ્યક્તિગત રીતે ઉદ્દેશીને જણાવ્યા છે એવું માનીને તેની પર વિશ્વાસ કરો.

ઈસુના જેવો પ્રેમ તમારી પર કોઈએ દર્શાવ્યો નથી. **એ કારણથી પિતા, જેમના નામ પરથી આકાશમાંના તથા પૃથ્વી પરના દરેક કુટુંબને નામ આપવામાં આવે છે.**

**મારી પ્રાર્થના છે કે પિતા પોતાના મહિમાની સંપત્તિ પ્રમાણે પોતાના આત્મા વડે તમને આંતરિક મનુષ્યત્વમાં સામર્થ્યથી બળવાન કરે; અને વિશ્વાસથી તમારાં હૃદયોમાં ખ્રિસ્ત વસે; જેથી તમારાં મૂળ પ્રીતિમાં ઘાલીને અને તેમાં પાયો નાખીને, તમે સર્વ સંતોની સાથે ખ્રિસ્તની પ્રીતિની પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ તથા ઊંડાઈ કેટલી છે તે સમજી શકો, અને ખ્રિસ્તની પ્રીતિ જે માણસની સમજશક્તિની બહાર છે, તે તમે સમજી શકો કે, તમે ઈશ્વરની સર્વ સંપૂર્ણતા પ્રમાણે સંપૂર્ણ થાઓ.**

**હવે જે આપણામાં કાર્ય કરનાર સામર્થ્ય પ્રમાણે આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં, આપણે સારૂ પુષ્કળ કરી શકે છે, તેમને ખ્રિસ્ત ઈસુમાં તથા મંડળીમાં સર્વકાળ સુધી પેઢી દરપેઢી મહિમા હો ! આમેન.**

તમારી સમજ બહારના ઈશ્વરના પ્રેમ, તેમની સંપત્તિ, તેમની દયા, તેમની ભલાઈ, તેમની કૃપા, તેમની માફી, તેમના સામર્થ્ય કે તેમની શાંતિ તમે ક્યારેય ખાલી કરી શકતા નથી. ઈશ્વર પાસે જે કાંઈ છે એ સર્વસ્વ તમારું છે, અને તેમનું સર્વસ્વ પુષ્કળ છે.

ઈશ્વરનું જે કાંઈ છે તે, અને ઈશ્વર પોતે જે કાંઈ છે તે સર્વસ્વ, તમારામાં વાસો કરનાર અને તમે જેમનામાં રહો છો, તે ઈસુ સાથે સંકળાયેલું છે. **ઈસુ ખ્રિસ્ત ગઈકાલે, આજે અને સદાસર્વકાળ એવા ને એવા જ છે.** તે જીવતા છે, અને બે હજાર વર્ષ પૂર્વે તે જ્યારે આ પૃથ્વી પર રહેતા હતા ત્યારે તેમના પર વિશ્વાસ કરનારા લોકો માટે તેમણે જે કર્યું હતું, એ બધું જ તે તમારે માટે પણ કરશે.

ઈસુ પાપીઓને તારવા માટે આ જગતમાં આવ્યા હતા. તે ખોવાયેલાઓને શોધવા તથા તારવા માટે આવ્યા હતા. **ઈસુ ભલું કરતા તથા શેતાનથી જેઓ પીડાતા હતા તેઓ સર્વને સાજા કરતા ફર્યા.** પાપને કારણે માનવજાત પર આવેલા શ્રાપને ઉલટાવી નાખવા અને આપણને યોગ્ય માર્ગે પાછા લાવવા તેમ જ ઈશ્વર અને આપણી વચ્ચે સમાધાન કરાવવા માટે તે આવ્યા હતા. તે આપણને અનંતજીવન આપવા માટે આવ્યા હતા.

અનંતજીવનની વિશેષતામાં તે કેવળ સદાસર્વકાળ સુધી ટકનાર જીવન જ નથી, પરંતુ અહીં અને હમણાં પણ તે વિશેષ પ્રકારનું જીવન છે. પાપની અસરોવાળા કોઈ બંધનમાં કે શેતાનની કુયુક્તિઓમાંની કોઈ કુયુક્તિના સકંજામાં આપણે ન રહીએ, એવું ઈશ્વર ઈચ્છે છે. તેમણે જ્યારે માંદાઓને સાજાં કર્યાં, પાપીઓને માફ કર્યાં, ભૂતો કાઢ્યા, ભૂખ્યાઓને ખવડાવ્યું, અને તેમની પર વિશ્વાસ કરનારાઓની જરૂરિયાતો પૂરી કરી ત્યારે ઈસુ ખ્રિસ્તે એ બાબત સ્પષ્ટ કરી હતી. એ જ બાબત તે તમારે સારૂ અને મારે સારૂ આજે કરશે.

એક પ્રસંગે, **ઈસુ જ્યારે પિતરના ઘેર આવ્યા, ત્યારે પિતરની સાસુને તાવ આવ્યો હોવાથી પથારીમાં સૂતેલી તેમણે જોઈ. ઈસુએ પિતરની સાસુના હાથને સ્પર્શ કર્યો અને તેનો તાવ જતો રહ્યો, અને ઊભા થઈને તેણે ઈસુની સેવા કરી.**



**અને સાંજ પડી, ત્યારે ભૂત વળગેલા ઘણા લોકોને તેમની પાસે લાવવામાં આવ્યા, અને તેમણે શબ્દથી એ અશુધ્ધ આત્માઓને બહાર કાઢ્યા, અને સર્વ માંદાઓને તેમણે સાજાં કર્યાં.**

**યશાયા પ્રબોધકે જે કહ્યું હતું કે, ''તેમણે પોતે આપણા મંદવાડ લીધા, અને આપણા રોગ ભોગવ્યા'' એ પૂરું થાય એ માટે એ સર્વ બાબતો થઈ.**

ઈસુનો જન્મ થયો એ પહેલાં સદીઓ પૂર્વે લખવામાં આવ્યું હતું :

**ખચીત તેમણે આપણાં દરદ માથે લીધાં છે, અને આપણાં દુઃખ વેઠ્યાં છે; પણ આપણે તો તેમને હણાયેલા, ઈશ્વરથી માર પામેલા, તથા પીડિત થયેલા માન્યા.**

**પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયા, આપણાં પાપોને લીધે તે કચડાયા, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેમને શિક્ષા થઈ, અને તેમના સોળથી આપણને સાજાપણું મળ્યું છે.**

**આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયા છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાએ તેમના પર આપણ સર્વનાં પાપનો ભાર મૂક્યો છે.**

ઈશ્વરના વચનમાં આ વાત લખવામાં આવી એ પછીથી વર્ષો પછી ઈસુ મરણ પામ્યા :

**લાકડા પર તેમણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ; તેમના ઘાઓથી તમે સાજા થયા. કેમ કે તમે ભૂલાં પડેલાં ઘેટાંના જેવા હતા; પણ હવે તમારા જીવોના પાળક તથા અધ્યક્ષની પાસે પાછા આવ્યા છો.**

તમારે એક વાત સમજવી અને તેના પર વિશ્વાસ કરવો ખૂબ જ જરૂરી છે કે તમારાં પાપ માફ કરવામાં આવે અને તમને સાજાપણું પ્રાપ્ત થાય

એ માટે જ ઈસુ ખ્રિસ્ત તમારા બદલે મરણ પામ્યા, તમારાં પાપ, બિમારીઓ, રોગો અને પીડાઓ તેમણે સહન કર્યાં.

વળી એમ પણ લખેલું છે કે, **"વહાલાઓ, હું પ્રાર્થના કરું છું કે જેમ તારો આત્મા કુશળ છે તેમ તું સર્વ વાતે કુશળ તથા તંદુરસ્ત રહે."**

ઈશ્વરે તમારાં પાપ માફ કર્યાં છે, અને ઈસુ ખ્રિસ્તનાં દુઃખો, મરણ, દફન અને પુનરૂત્થાન મારફતે ઈશ્વરે તમારા શરીરને સાજાપણું આપ્યું છે. જેમ તમારાં પાપની માફી મેળવવાનો તમને અધિકાર છે, એ જ રીતે ઈસુ દ્વારા ખરીદવામાં તથા આપવામાં આવેલા વિશેષ અધિકારથી પાપ અને શેતાનના બંધનથી મુક્ત એવું તંદુરસ્ત જીવન તમે જીવી શકો છો.

તમને જીવન મળે અને તે પણ ભરપૂર મળે, એ માટે ઈસુ આવ્યા હતા. તમારા સ્વર્ગીય પિતા ઈચ્છે છે કે તમે ભરપૂર અને સંપૂર્ણ જીવન જીવો. તમારે માટે તેમની ઈચ્છા એવી છે કે તમે વિજયવંત, પવિત્ર, તંદુરસ્ત, સમૃધ્ધ અને સર્વ સમજશક્તિની બહાર એવા ઈશ્વરના પ્રેમ અને શાંતિથી ભરપૂર એવું જીવન જીવો.

શેતાન ચોરી કરવા, મારી નાખવા અને નાશ કરવા માટે આવ્યો હતો, અને તે એવું ઈચ્છે છે કે તમે પાપ, વ્યસન, અનૈતિકતા, બિમારી, પીડા, રોગ, ગરીબી, તંગી, સંઘર્ષ, ધિક્કાર, લોભ, જૂઠાણા અને તમારા જીવન સંબંધી ઈશ્વરની ઈચ્છાને તમારામાંથી છીનવી લેવાનો પ્રયત્ન કરનાર તમામ માનસિક, શારીરિક અને લાગણીયુક્ત યાતનાઓ અને મુશ્કેલીઓના બંધનમાં જકડાયેલા જ રહો.

તમારે તમારા હૃદયમાં અને અંતઃકરણમાં એક વાતનો સ્વીકાર કરવો પડશે કે તમારા જીવન સંબંધી ઈશ્વરની જે ઈચ્છા છે, એ ઈચ્છા પ્રમાણે જ તમે જીવન જીવશો અને તમારા સંબંધી ઈશ્વરની ઈચ્છા જ હમેશાં શ્રેષ્ઠ બની રહેશે. તમારા સંબંધી ઈશ્વરની ઈચ્છા એ તમારી જ ઈચ્છા હોવી જોઈએ, અને એ ઈચ્છાને આધીન થઈને પવિત્ર આત્માની દોરવણી હેઠળ કાર્ય કરો કે જેથી કરીને તમારા જીવનમાં ઈશ્વરની ઈચ્છા પૂરી થઈ શકે.

તમારા હૃદયમાં તમારે એ વાતનો પણ સ્વીકાર કરવો પડશે કે શેતાનને



ઈશ્વરના વચન વડે હરાવવા માટે તમારે શેતાનને તથા તેની સર્વ કુયુક્તિઓ અને બદઈરાદાઓનો સામનો કરવાનો છે, વળી તમારા જીવન સંબંધી શેતાનના ઈરાદા અને ઈશ્વરની ઈચ્છા વચ્ચેનો તફાવત તમારે જાણવાનો છે.

એમ લખેલું છે કે, **"તમે ઈશ્વરને આધીન થાઓ. શેતાનની સામા થાઓ એટલે તે તમારી પાસેથી નાસી જશે. તમે ઈશ્વરની પાસે જાઓ, એટલે તે તમારી પાસે આવશે."**

તમારા જીવનના દરેક ક્ષેત્રમાં તમારે માટે ઈશ્વરની ઈચ્છા શું છે, એ જાણવાની ઈચ્છા તમારે રાખવી જ જોઈએ. તમારે વિશ્વાસ રાખવો જોઈએ કે ઈશ્વર તમારે માટે એટલે તેમના બાળક માટે, જે કાંઈ કરવાનું કહે છે તે તે અવશ્ય કરશે જ. તમારા શરીર અને તમારા આત્માને કિંમત આપીને ખરીદવામાં આવ્યાં છે. તેથી, તમારા શરીર અને આત્મામાં ઈશ્વર તરફથી પ્રાપ્ત થતી તંદુરસ્તીની આશા તમે રાખી શકો છો, અને તમારે કંઈ કરવાનું રહેતું નથી.

એમ લખેલું છે કે, **"તમારામાં જે પવિત્ર આત્મા છે, જે તમને ઈશ્વર પાસેથી મળેલો છે તેનું મંદિર તમારું શરીર છે, એ તમે નથી જાણતા ? વળી તમે પોતાના નથી, કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા; તો તમારા શરીર વડે ઈશ્વરને મહિમા આપો."**

ઈશ્વર તરફથી પ્રાપ્ત થતાં માફી અને સાજાપણું તમારા શરીર અને આત્મામાં જ્યારે પ્રગટ થાય છે ત્યારે ઈશ્વરને મહિમા મળે છે. ઈસુ જ્યારે કોઈ પાપીને માફ કરે છે અને બિમારને સાજો કરે છે ત્યારે ઈશ્વરને મહિમા મળે છે. શેતાન લોકોને પાપ, બિમારી અને રોગના બંધનમાં જકડી રાખીને ઈશ્વરને મળતો મહિમા લૂંટી લેવાની ઈચ્છા રાખે છે, પરંતુ શેતાન હારેલો છે, અને ઈશ્વર પર તથા તેમના વચન પર વિશ્વાસ કરનાર વ્યક્તિ આજે પણ ઈશ્વર તરફથી મળતાં સાજાપણાનું સામર્થ્ય અને માફી મેળવી શકે છે.

તમને માફ કરવાની તથા તમારું તારણ કરવાની ઈશ્વરની ઈચ્છા હતી, એ વાત જેમ તમે જાણતા હતા, એ રીતે જ સાજાપણું પ્રાપ્ત કરવા માટે પણ ઈશ્વરની ઈચ્છા જાણવી તમારે માટે જરૂરી છે. પોતે સર્જેલા માણસની સંપૂર્ણ સંભાળ ઈશ્વર લે છે. ઈશ્વર તમારી સર્વ જરૂરિયાતો પૂરી કરવાની

ઈચ્છા રાખે છે. ઈસુએ તેમના પર વિશ્વાસ કરનાર અને સાજાપણું પ્રાપ્ત કરવા માટે તેમને વિનંતી કરનાર કોઈપણ વ્યક્તિની અવગણના ક્યારેય કરી નથી, અને કરશે પણ નહિ !! માફી અને સાજાપણું પ્રાપ્ત કરવા માટે તેમની પર વિશ્વાસ કરનાર દરેક જણને તેમણે હમેશાં સાજાં કર્યાં હતાં અને માફ કર્યાં હતાં, અને આજે પણ તે એ પ્રમાણે કરી રહ્યા છે.

બે હજાર વર્ષો પૂર્વે, ઈસુ જ્યારે આ પૃથ્વી પર જીવતા હતા ત્યારે તેમના સેવાકાર્ય સંબંધી બાઈબલમાં નોંધવામાં આવેલી કેટલીક બાબતો આપણે વાંચીએ :

**ઈસુ એક શહેરમાં હતા ત્યારે એક કોઢિયો ત્યાં આવ્યો. તેણે જ્યારે ઈસુને જોયા, ત્યારે ઈસુના પગે પડીને વિનંતી કરતાં કહ્યું, "પ્રભુ, જો તમે ચાહો તો તમે મને શુધ્ધ કરી શકો છો." ઈસુએ પોતાનો હાથ લંબાવીને એ માણસને સ્પર્શ કર્યો. તેમણે કહ્યું, "હું ચાહું છું, તું શુધ્ધ થા !" અને એ માણસ તરત જ કોઢથી શુધ્ધ થયો.**

આ કોઢિયા માણસે પૂછ્યું કે ઈસુ તેને સાજો કરે તેમાં ઈશ્વરની ઈચ્છા છે કે કેમ. ઈસુએ સ્પષ્ટ જવાબ આપ્યો, **"હું ચાહું છું."** આ જ જવાબ ઈસુ આજે પણ આપશે. સાજાપણું આપવા સંબંધી ઈશ્વરની ઈચ્છા હમેશાં હોય છે.

**ઈસુ નાઈન નામના એક શહેરમાં ગયા, અને તેમના શિષ્યો અને ઘણા લોકો પણ તેમની સાથે ગયા. શહેરના પ્રવેશદ્વાર આગળ તે પહોંચ્યા ત્યારે વિધવા માતાના એકનાએક દીકરાને લોકો દાટવા માટે લઈ જતા ઈસુએ જોયા. એ વિધવાની સાથે ઘણા લોકો ત્યાં હતા.**

**પ્રભુએ જ્યારે એ વિધવાને જોઈ, ત્યારે તેમનું હૃદય એ વિધવા પ્રત્યેની કરૂણાથી ભરાઈ ગયું અને તેમણે એ વિધવાને કહ્યું, "રડ મા." એ પછી તે પેલી ઠાઠડી પાસે જઈને તેને અડકયા, અને ઠાઠડી લઈ જનારા શાંત ઊભા રહ્યા. તેમણે કહ્યું, "જુવાન માણસ, હું તને કહું છું, ઊઠ !" અને એ મરણ પામેલો માણસ બેઠો થયો અને વાત કરવા લાગ્યો, અને ઈસુએ તેને તેની માતાને સોંપી દીધો.**

ઈસુ એટલા બધા પ્રેમાળ અને કરૂણાળુ છે કે તે મૂએલાંઓને પણ ઉઠાડે છે.



**એક દિવસ ઈસુએ તેમના શિષ્યોને કહ્યું, "આપણે આ સરોવરને પેલે પાર જઈએ." તેથી તેઓ હોડીમાં બેસીને સામે પાર જઈ રહ્યા હતા, એ દરમિયાન ઈસુ હોડીમાં જ સૂઈ ગયા. સરોવરમાં પવનનું મોટું તોફાન આવ્યું, તેથી હોડી પાણીથી ભરાઈ જવા લાગી, અને શિષ્યો જોખમમાં આવી પડ્યા. શિષ્યોએ ઈસુ પાસે જઈને તેમને જગાડ્યા અને કહ્યું, "ઉપદેશક, ઉપદેશક, અમે ડૂબી જઈશું !" ઈસુએ ઊઠીને પવનને તથા સમુદ્રના મોજાંઓને ધમકાવ્યા, અને બધું શાંત પડ્યું."**

હા, પવન અને સમુદ્ર પણ ઈસુને આધીન રહે છે.

**ઈસુ જ્યારે યરીખો આવી પહોંચ્યા ત્યારે એક આંધળો ભિખારી માર્ગની બાજુએ બેસીને ભીખ માગતો હતો. લોકોના ટોળાને ત્યાંથી પસાર થતા તેણે જ્યારે સાંભળ્યું ત્યારે તેણે પૂછ્યું કે આ બધું શું થઈ રહ્યું છે. લોકોમાંના કેટલાકે તેને જવાબ આપ્યો, "નાસરેથના ઈસુ અહીંથી પસાર થઈ રહ્યા છે." ત્યારે એ આંધળા ભિખારીએ મોટે સાદે બૂમ પાડી, "હે ઈસુ, દાઉદના દીકરા, મારી પર દયા કરો !"**

**રસ્તેથી પસાર થનારા લોકોએ એ ભિખારીને ધમકાવીને શાંત રહેવા જણાવ્યું, પરંતુ તે વધારે મોટેથી બૂમ પાડવા લાગ્યો, "ઓ દાઉદના દીકરા, મારી પર દયા કરો !" ઈસુએ એ ભિખારીને પોતાની પાસે લઈ આવવા માટે હુકમ કર્યો. જ્યારે એ ભિખારી નજીક આવ્યો ત્યારે ઈસુએ તેને પૂછ્યું, "હું તારે સારૂ શું કરું, એ વિષે તારી શી ઈચ્છા છે?" તેણે જવાબ આપ્યો, "પ્રભુ, હું દેખતો થાઉં."**

**ઈસુએ તેને કહ્યું, "તું દેખતો થા; તારા વિશ્વાસે તને સાજો કર્યો છે." એ માણસ તરત જ દેખતો થયો, અને ઈશ્વરની સ્તુતિ કરતો કરતો ઈસુની પાછળ ગયો. જે લોકોએ આ જોયું હતું તેઓએ પણ ઈશ્વરની સ્તુતિ કરી."**

ઈસુએ આ માણસના વિશ્વાસની નોંધ લીધી. તેણે ઈસુ પર વિશ્વાસ કર્યો અને દેખતો થયો. આ કારણે જ ઈશ્વરના વચન પર વિશ્વાસ કરવાની બાબત પર આપણે વિશેષ ભાર મૂકીએ છીએ. **"વિશ્વાસ વિના ઈશ્વરને પ્રસન્ન કરવા અશક્ય છે."** યાદ રાખો, વિશ્વાસ એટલે જે કાંઈ કરવા માટેનું વચન

ઈશ્વરે આપ્યું છે તે ઈશ્વર અવશ્ય કરશે જ એવો ભરોસો રાખવો. તેમના વચન પર વિશ્વાસ કરવો. આ બાબતથી ઈશ્વર પ્રસન્ન થાય છે.

લોકોનાં ટોળાં ધક્કામુક્કી કરીને ઈસુની પાછળ ચાલતા હતા. **અને એક સ્ત્રીને બાર વરસથી લોહીવા હતો, એ સ્ત્રીએ ઘણા ડૉકટરોની સારવાર હેઠળ ઘણું બધું સહન કર્યું હતું, અને તેની સર્વ સંપત્તિ એ સારવારની પાછળ તેણે ખર્ચી નાખી હતી, પણ સુધારો થવાને બદલે તેની તબિયત વધારે લથડી હતી.**

**જ્યારે તેણે ઈસુ સંબંધી સાંભળ્યું, ત્યારે ટોળામાં આવીને ઈસુની પાછળ ઊભી રહી અને ઈસુના ઝભ્ભાને તેણે સ્પર્શ કર્યો, કારણ કે એ સ્ત્રીએ મનમાં વિચાર્યું હતું કે, ''જો હું કેવળ ઈસુના લૂગડાની કોરને પણ અડકીશ, તો હું સાજી થઈશ.'' અને તેણે તેના શરીરમાં અનુભવ્યું કે તેને તેના દુઃખમાંથી છૂટકારો મળ્યો છે.**

**ઈસુને તરત જ ખબર પડી ગઈ કે તેમનામાંથી પરાક્રમ નીકળ્યું છે. તેમણે ટોળામાં આમતેમ નજર ફેરવીને પૂછ્યું, ''મારા લૂગડાંને કોણ અડક્યું?''**

**તેમના શિષ્યોએ જવાબ આપ્યો, '' તમે જુઓ છો કે તમારી આજુબાજુ લોકો ટોળે વળે છે. અને તેમ છતાં તમે એવું પૂછો છો કે 'મને કોણ અડક્યું?' '' પરંતુ તેમના લૂગડાને કોણ અડક્યું હતું એ જાણવાને ઈસુએ આમતેમ જોવાનું ચાલુ રખ્યું.**

**એ પછી, પોતાના હક્કમાં શું બન્યું છે, એ જાણીને પેલી સ્ત્રી આગળ આવીને ઈસુના પગે પડી, અને બીકથી ધ્રુજવા લાગી, તેણે ઈસુને સમગ્ર વાત જણાવી. તેથી ઈસુએ એ સ્ત્રીને કહ્યું, ''દીકરી, તારા વિશ્વાસે તું સાજી થઈ છે. શાંતિથી જા અને તારા દુઃખમાંથી તું મુક્ત થા.''**

અહીં આપણે ફરી એકવાર જોઈએ છીએ કે, ડૉક્ટરો પેલી સ્ત્રીને સાજી કરી શક્યા ન હતા, પરંતુ એ સ્ત્રીના વિશ્વાસને કારણે ઈસુએ તેને સાજી કરી હતી. તમે પોતે પણ વિશ્વાસ કરીને સાજાપણું પ્રાપ્ત કરી શકો છો.

ઈશ્વરના વચનમાં નોંધવામાં આવેલા ચમત્કારોમાંના આ તો થોડાક જ છે, પરંતુ **ઈસુએ કરેલાં બીજાં કામો પણ ઘણાં છે, જો તેઓમાંનું દરેક**



**લખવામાં આવે તો એટલાં બધાં પુસ્તકો થાય કે તેનો સમાવેશ આ જગતમાં થાય નહિ, એમ હું ધારું છું.**

ઈશ્વરની દૃષ્ટિએ, તારણ એટલે પાપની અસરમાંથી સમગ્ર માનવજાતનો બચાવ અને છૂટકારો તથા સર્વ લોકો માટે ઈશ્વરની મૂળભુત ઈચ્છાને ફરીથી સંપૂર્ણપણે આધીન થવું.

ઈશ્વરને મર્યાદિત ન રાખો. ઈશ્વર દ્વારા લખવામાં આવેલ વચન બાઈબલ તથા ઈશ્વરના જીવંત શબ્દ, ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો. ઈશ્વરને ઓળખવા માટે તમારાથી થઈ શકે એ બધું જ કરો, અને તમારે માટે તેમણે જે કાંઇ કર્યું છે, એ માટે સર્વ માનમહિમા ઈશ્વરને આપો. શેતાનને હવે તમારામાંથી ચોરીને લઈ જવા ન દો. તે જૂઠો છે.

આ પુસ્તકનું હવે પછીનું પ્રકરણ ઈસુ દ્વારા તમારે માટે આપવામાં આવેલાં તમારાં કૃપાદાનો કેવી રીતે પ્રાપ્ત કરી લેવા, એ સંબંધીનું શિક્ષણ તમને આપશે. ઈશ્વરે આપેલી ખાતરીઓની સાર્થક્તા કેવી રીતે જાણવી અને તેમને વ્યક્તિગત રીતે ઓળખીને મળતાં કૃપાદાનોનો અનુભવ કેવી રીતે કરવો તે તમે શીખી શક્શો. આપણે પ્રકરણ ચારનો અંત અહીં લાવીએ તે સારું. તમે હમણાં જે શીખ્યા છો તે માટે ઈશ્વરની આભારસ્તુતિ પ્રગટ કરતી એક પ્રાર્થના આપણે કરીએ.

*વહાલા સ્વર્ગીય પિતાજી*

*તમારી સર્વ પરિપૂર્ણતા ઈસુમાં મૂર્તિમાન થયેલી છે, એ માટે તમારો આભાર. તેમનામાં હું સંપૂર્ણ છું. મારી પાસે ઈસુ છે, તેથી હવે હું સાચો સુખી છું. મારે ફરીથી હવે કોઈ બાબત કે કોઈક જણની જરૂર પડશે નહિ. હું ઈસુમાં છું, અને તે મારામાં રહે છે. મારી પાસે ઈસુ છે, અને ઈસુ પાસે હું છું. હવેથી અમે તમારી સાથે એક છીએ.*

*પ્રભુ, તમારો આભાર કે કોઈપણ સૃષ્ટ વસ્તુ મને તમારા પ્રેમથી અલગ કરી શક્તી નથી. હવેથી હું તમારા પડછાયા હેઠળ રહું છું. તેથી કોઈ સંકટ મારી પાસે આવી શક્તું નથી, અને તમે મને લાંબા આયુષ્યથી તૃપ્ત કરો છો એ માટે હું તમારો આભાર માનું છું.*

હે પ્રભુ, માંદગી અને રોગ મારા પર હવે લાંબો સમય રાજ કરશે નહિ. હું જેમ શેતાનનો સામનો કરું છું તેમ માંદગી અને રોગનો પણ સામનો કરીશ.

વળી, તમારા વચન પ્રમાણે તમે મારી પાસે આવશો અને તમારી છત્રછાયા હેઠળ મને ધરી રાખશો, એ વાતની ખાતરી સાથે જેમ હું તમારી પાસે માફી મેળવવા આવ્યો હતો, તેમ સાજાપણું મેળવવા હું તમારી પાસે હંમેશા આવીશ. તમારું વચન જીવંત છે અને તે મારા જીવનમાં કાર્ય કરે છે, તેથી હું તમારો આભાર માનું છું.

હું તમારો પુષ્કળ આભાર માનું છું કે હું જ્યારે ઈસુ તરફ દૃષ્ટિ કરું છું ત્યારે હે ઈશ્વર, મને તમારા દર્શન થાય છે. વળી હું તમારો એટલા માટે પણ ખૂબ ખૂબ આભાર માનું છું કે ઈસુ જ્યારે આ પૃથ્વી પર જીવતા હતા ત્યારે તેમની પર વિશ્વાસ કરનારા લોકો માટે તમે ઈસુ મારફતે જે કાંઈ કર્યું હતું, તે તમે મારે માટે પણ કરશો એવા વિશ્વાસ સાથે હું તમારા પર આધાર રાખું છું.

વહાલા પ્રભુ, મારા જીવનમાં કાર્ય કરવા માટે હું તમને રોકીશ નહિ. તમે ખરેખર જેવા છો તેવા જ તમને જાણવાની કે ઓળખવાની મારી ઈચ્છા છે. હું તમારા વચનને આધીન થઈશ અને હું જે કાંઈ જોઉં છું કે સાંભળું છું કે અનુભવું છું કે વિચારું છું, તેની પરવા કર્યા વિના તમારા વચનમાં તમે જે કાંઈ કહો છો તે પર હું વિશ્વાસ કરીશ. હું જાણું છું કે તમારું વચન સત્ય છે, વળી તમે ક્યારે જૂઠું બોલતા નથી કે મને કોઈપણ રીતે છેતરતા નથી. હું જાણું છું કે અગાઉ મારી પર કોઈએ દર્શાવ્યો ન હોય એવો પ્રેમ તમે મારા પર રાખો છો, અને હું પણ તમારા પર પ્રેમ રાખું છું.

ઈસુના નામમાં મારી પ્રાર્થના છે, આમેન!

## પ્રકરણ - પાંચ
## સાચું સુખ એટલે સફળતાપૂર્વક પ્રાર્થના કરવી.



સાચું સુખ એટલે સફળતાપૂર્વક પ્રાર્થના કરવી! દુનિયાભરના કરોડો લોકો દરરોજ પ્રાર્થના કરતા હોય છે, પરંતુ બહુ જ થોડા લોકોને તેઓની પ્રાર્થનાનો જવાબ મળતો હોય છે.

સાચી પ્રાર્થના એ કોઈ ધાર્મિક વિધિ કે પરંપરા કે ક્રિયાંકાડ નથી કે જે આપણે કોઈક ઉચ્ચ પ્રકારની શક્તિ પ્રાપ્ત કરવા કે 'દેવો' ને પ્રસન્ન કરવા માટે કરીએ છીએ. સાચી પ્રાર્થના એટલે ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્ત મારફતે આપણા સર્જનહાર ઈશ્વરની સાથે સીધેસીધી વાતચીત.

એક સફળ ખ્રિસ્તી વ્યક્તિ તરીકે જીવન જીવવા માટે પ્રાર્થના કરતાં શીખવું ઈશ્વરના વચન અનુસાર અનિવાર્ય છે. ઈશ્વરનાં બાળકો તરીકે સૌથી વધુ મૂલ્યવાન બાબતોમાંની આ એક બાબત છે.

*ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે સંજોગો કે પરિસ્થિતિઓમાં આપણે પ્રાર્થના કરી શકીએ છીએ, અને આપણા સ્વર્ગીય પિતા આપણી પ્રાર્થના સાંભળે, અને તેમના વચનમાં તેમણે આપેલ ખાતરી મુજબ પ્રાર્થનાનો ઉત્તર તે આપે, એવી અપેક્ષા આપણે રાખીએ છીએ.*

*તમારા સ્વર્ગીય પિતાની સાથે કેવી રીતે વાતચીત કરી શકાય, અને તમારી સર્વ જરૂરિયાતો ઈશ્વર પાસેથી કેવી રીતે પ્રાપ્ત કરી શકાય એ બાબતની જાણકારી આ પ્રકરણમાં આપવામાં આવી છે.*

***સાચું સુખ એટલે સફળતાપૂર્વક પ્રાર્થના કરવી.***

સાચી પ્રાર્થના એટલે ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્ત મારફતે આપણા સર્જનહારની સાથે સીધેસીધી વાતચીત. પ્રકરણ એકના અંતે તમે કરેલી પ્રાર્થનાએ તમને ઈશ્વરની સાથેના સંબંધમાં પુનઃસ્થાપિત કર્યા છે. તમે ઈશ્વરના બાળક બન્યા, અને તે તમારા સ્વર્ગીય પિતા બન્યા. એ સૌથી મહત્વની પ્રાર્થના તમારે હંમેશા કરવાની છે.

ઈશ્વરના એક બાળક તરીકે તમારી સફળતામાં પ્રાર્થના મહત્વની ભૂમિકા ભજવતી રહેશે. ઈશ્વરને વધુ નિકટતાથી ઓળખવાના કાર્યમાં તમારે તમારા સ્વર્ગીય પિતાની સાથે વાત કરવામાં સમય ફાળવવો જ જોઇએ. ઈશ્વરની સાથેના તમારા વ્યક્તિગત સંબંધને દૃઢ બનાવવા માટે તેમની સાથે વાત કરવી ખૂબ જ જરૂરી છે.

પૃથ્વી પરના કેટલાક પિતાઓને તેમનાં બાળકોની સાથે વાત કરવાનું ગમતું નથી, પરંતુ ઈશ્વરને તો પોતાનાં બાળકો સાથે વાતચીત કરવાનું ઘણું ગમે છે. પ્રાર્થના સાંભળવા માટેનો સમય ઈશ્વર પાસે ન હોય એવું ક્યારેય બનતું નથી. જેમ કોઇ બાળક તેના પિતાની સાથે સ્વાભાવિક રીતે વાત કરે છે તેમ પ્રાર્થના પણ સ્વાભાવિક રીતે થઇ શકે છે, અને કોઇપણ વિષય કે બાબત માટે પ્રાર્થના થઇ શકે, એમાં સ્તુતિ, આભારસ્તુતિ અને તમારે પોતાને માટે તથા અન્ય લોકોને માટે પણ વિનંતીનો સમાવેશ થાય છે.

દરેક પ્રકરણના અંતે આપવામાં આવેલી પ્રાર્થનાઓમાં મોટેભાગે આભાર અને સ્તુતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઈશ્વર જે છે, અને તમારે માટે તથા સમગ્ર માનવજાત માટે તેમણે જે કર્યુ છે તેને માટે તમે ઈશ્વરનો



આભાર માન્યો છે. પોતાના વિષે ઈશ્વરે તમારી આગળ જે વાત પ્રગટ કરી છે, તે ઈશ્વરને પાછી જણાવવાની બાબતને સ્તુતિ કહેવામાં આવે છે, અને એ પછીથી ઈશ્વર જે છે એ માટે તેમનો આભાર માનવામાં આવે છે.

સ્તુતિ અને આરાધના દ્વારા તમે તમારા વિચારોને શબ્દોનું સ્વરૂપ આપીને ઈશ્વરની આભારસ્તુતિ કરો છો. તમે ઈશ્વરની સ્તુતિ અને આરાધના કરતાં ગીતો પણ ગાઇ શકો છો. સ્તુતિ અને આરાધનામાં તમે તમારી સમગ્ર વ્યક્તિત્વને સામેલ કરી શકો છો. સ્તુતિ અને આરાધનામાં તમે તમારા સમગ્ર વ્યક્તિત્વને સામેલ કરી શકો છોઃ તમારો આત્મા, તમારું મન, તમારી લાગણીઓ અને તમારું શરીર. તમે મોટે સાદે ઈશ્વરની સ્તુતિ કરી શકો છો. તમે પ્રભુની આગળ આનંદથી નાચી શકો છો. તમે સંગીતના સાધનો સાથે ઈશ્વરની સ્તુતિ કરી શકો છો. તમે તમારા હાથ ઊંચા કરીને અથવા શાંત રહીને ઈશ્વરનો આભાર માનતાં માનતાં તેમની સ્તુતિ કરી શકો છો.

સ્તુતિ અને આરાધના તમારા હૃદયના ઊંડાણમાંથી આવવા જોઇએ અને એ દ્વારા ઈશ્વર પ્રત્યેના ઊભરાઇ જતા તમારા પ્રેમ અને આભારની લાગણી પ્રગટ થવા જોઇએ. ઈશ્વરની સ્તુતિ કરવા માટે કોઇ એક ચોક્કસ રીત નથી, કોઇ ચોક્કસ શબ્દો નથી. જેમ ઈશ્વરનાં બાળકો વિવિધ પ્રકારનાં હોય છે તેમ સ્તુતિ અને આરાધના પણ જુદી જુદી રીતે થઇ શકે છે, અને તેમની પ્રત્યેના પ્રેમ અને આભારની લાગણી તમે પ્રગટ કરો છો એ સાંભળવાનું તથા જોવાનું ઈશ્વરને ગમે છે.

બાઇબલ જણાવે છે, **“ માટે ઈસુ દ્વારા આપણે ઈશ્વરને સ્તુતિરૂપ યજ્ઞ, એટલે તેમનું નામ કબૂલ કરનારા હોઠોના ફળનું અર્પણ, નિત્ય કરીએ.”**

બાઇબલ જણાવે છે, **“પણ તમે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા તથા પ્રભુના ખાસ લોક છો કે, જેથી જેણે અંધકારમાંથી પોતાના આશ્ચર્યકારક પ્રકાશમાં આવવાનું આમંત્રણ આપ્યું છે, તેમના સદ્ગુણો તમે પ્રગટ કરો.** વળી, બાઇબલ એ પણ જણાવે છે, **“દરેક સંજોગમાં આભારસ્તુતિ કરો, કેમ કે તમારા વિષે ખ્રિસ્ત ઈસુમાં ઈશ્વરની મરજી એવી છે.”**

ઈશ્વરનો આભાર માનવા તથા તેમની સ્તુતિ કરવા માટે તમારી પાસે અનેક કારણો છે. તમે સ્તુતિ અને આભાર વ્યક્ત કરતું વલણ અપનાવો.

તમારો સ્વભાવ હંમેશા આભારી ભાવથી ભરેલો રાખો. માન અને મહિમાને યોગ્ય એવા ઈશ્વરને તમે કેવળ માન મહિમા જ નહિ આપશો, પરંતુ તમારા પોતાનાં હૃદય અને આત્મામાં ઊભરાતા આનંદ અને ખુશીનો પણ તમે અનુભવ કરશો. તમે જ્યારે ઈશ્વરની સ્તુતિ કરો છો અને તેમનો આભાર માનો છો ત્યારે ઈશ્વર તમારા જીવનમાં ખાસ બાબતો કરશે.

સાચી પ્રાર્થના ઈશ્વર તરફથી પ્રાપ્ત કરવા માટેનું એક માધ્યમ કે નિમિત્ત પણ છે. ઈશ્વરે તેમનાં બાળકોને જે આશીર્વાદો આપવા સંબંધી વચન આપ્યું છે, એમાંના અનેક આશીર્વાદો વિષે આપણે ચર્ચા કરી છે. જો કે, પાપોની માફીની જેમ, ઈશ્વર તરફથી મળતા સર્વ આશીર્વાદો વિશ્વાસપૂર્વક કરેલી પ્રાર્થના દ્વારા પ્રાપ્ત કરાવા જોઈએ.

દા.ત. દરેક વ્યક્તિનાં પાપોની કિંમત ચૂકવવા માટે ઈસુ ખ્રિસ્ત મરણ પામ્યા, તેમ છતાં દરેક વ્યક્તિ તારણ પામ્યો નથી. શા માટે? કારણ કે તેઓએ પોતાના તારણ માટે જેમ તમે પ્રભુના નામે વિશ્વાસપૂર્વક વિનંતી કરી હતી તેમ તેઓ પ્રભુને નામે વિશ્વાસથી વિનંતી કરતા નથી. ઈશ્વરે આપણને અનંતજીવન પ્રાપ્ત કરાવવાને માટે ક્યારની યે કિંમત ચૂકવી દીધી છે, અને એ અનંતજીવન મફત ભેટ હોવા છતાં, દરેક જણે એ ભેટ વિશ્વાસથી પ્રાપ્ત કરવાની જરૂર છે, પરંતુ બધા લોકો એ કરતા નથી.

એ જ રીતે, ઈસુએ સમગ્ર માનવજાતની બિમારીઓ, રોગો, પીડાઓ તેમના પોતાના શરીરે લઈ લીધાં છે તેમ છતાં ઘણા લોકો સાજાપણું પ્રાપ્ત કરી શક્તા નથી, કારણ કે સાજા થવા માટે તેઓ સાજાપણું આપનાર ઈસુને નામે વિશ્વાસથી વિનંતી કરતા નથી.

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે આપણા સ્વર્ગીય ઈશ્વરપિતા આપણને આશીર્વાદ આપવાની, આપણને માફી આપવાની, આપણને સાજા કરવાની, આપણી સર્વ જરૂરિયાતો પૂરી પાડવાની તથા આપણને સર્વ બાબતો પૂરી પાડવાની, આપણાં જીવનોમાં આપણને દોરવણી તથા માર્ગદર્શન આપવાની ઈચ્છા રાખે છે, પરંતુ આ બધું આપોઆપ થઈ જતું નથી. એ બધું પ્રાપ્ત કરવા માટે તમારે પ્રાર્થનામાં વિનંતી કરવી પડે. પ્રાર્થના પર વિશ્વાસ કરવો એટલે જે આશીર્વાદો આપણને આપવાનું વચન ઈશ્વરે આપ્યું છે તે આશીર્વાદો આપણે પ્રાપ્ત કરવા.



બાઈબલ જણાવે છે, **" ઈશ્વરની પાસે જવાની હિંમત આ છેઃ જો આપણે તેમની ઈચ્છા પ્રમાણે માગીએ, તો તે આપણું સાંભળે છે. અને જો આપણે જાણીએ કે તે આપણું સાંભળે છે તો તેમની પાસે જે કાંઈ આપણે માગ્યું છે તે આપણને મળે છે, એ પણ આપણે જાણીએ છીએ."** ઈશ્વરની ઈચ્છા પ્રમાણે માગવું એટલે જ તેમના વચન પ્રમાણે માગવું, અથવા તો વધુ ચોક્કસતાપૂર્વક કહીએ તો, તેમણે આપેલા વચન પ્રમાણે માગવું.

આપણે જ્યારે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે, એટલે કે ઈશ્વરના વચન અનુસાર માગીએ છીએ ત્યારે આપણે ખાતરીપૂર્વક કહી શકીએ છીએ કે ઈશ્વર તેમના વચન અનુસાર જવાબ આપશે જ. અને એટલા માટે જ આપણે જાણીએ છીએ કે આપણી પ્રાર્થનાઓનો પ્રત્યુત્તર મળશે, અને આપણે જે માગ્યું છે તે આપણને મળશે જ. પોતાનાં બાળકોની પ્રાર્થનાઓનો જવાબ આપવાનું ઈશ્વરને ગમે છે.

ઈસુએ કહ્યું છે કે, **"માગો, તો તમને અપાશે; શોધો, તો તમને જડશે; ઠોકો, તો તમારે સારૂ ઉઘાડાશે. કેમકે જે હરેક માગે છે તે પામે છે; જે શોધે છે તેને જડે છે; અને જે ઠોકે છે તેને સારૂ ઉઘાડવામાં આવશે. તમારામાં એવું કયું માણસ છે કે, જો તેને દીકરો તેની પાસે રોટલી માગે, તો તે તેને પથ્થર આપશે? અથવા જો માછલું માગે, તો તે તેને સાપ આપશે? તે માટે જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંના પિતાની પાસે જેઓ માગે છે તેઓને કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે?**

તેમના બાળક તરીકે તમે તમારા સ્વર્ગીય પિતાની પાસે હિંમતથી જઈ શકો છો, અને તમારે જવું પણ જોઈએ. તે તમારા પર પ્રેમ રાખે છે, અને તમારે માટે જે ઉત્તમ છે તે કરવાની ઈચ્છા તે રાખે છે. યાદ રાખો કે, તમારા વતી મરણ પામવાને માટે તેમના દીકરા ઈસુને તેમણે મોકલી આપ્યા, જેથી કરીને તે તમારી સાથેનો આ નવો સંબંધ સ્થાપી શકે. તમારે જેની જરૂરિયાત છે એ સર્વ પ્રકારની બાબતો ઈશ્વર પાસે અમર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ છે. પ્રભુ માટે કોઈપણ બાબત મુશ્કેલ નથી. તેમના પર વિશ્વાસ રાખો અને પ્રાર્થના દ્વારા તેમની નજીક જાઓ.

વર્ષો પહેલાં, ઈસુ ખ્રિસ્તના શિષ્યો પ્રાર્થના કેવી રીતે કરાય, એ વિષે

પૂછવા તેમની પાસે ગયા. ઈસુએ જવાબ આપ્યો, **“જેની તમને અગત્ય છે, તે તેમની પાસે માગ્યા અગાઉ તમારા પિતા જાણે છે. માટે તમે આ પ્રમાણે પ્રાર્થના કરોઃ ઓ આકાશમાંના અમારા પિતા, તમારું નામ પવિત્ર મનાઓ. તમારું રાજ્ય આવો. જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાઓ. દિવસની રોટલી આજ અમને આપો. અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા છે, તેમ તમે અમારાં ઋણો માફ કરો. અને અમને પરીક્ષણમાં ન લાવો, પણ ભૂંડાઈથી અમારો છૂટકો કરો. કેમ કે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તમારાં છે. આમેન.”**

ઈસુ પાસેથી આપણે શીખીએ કે, આપણે ઈશ્વર પાસે માગીએ એ પહેલાંથી જ ઈશ્વર આપણી જરૂરિયાતો જાણે છે, અને આપણા સ્વર્ગીય પિતા તરીકે તેમને આપણે સંબોધી શકીએ છીએ. ઈશ્વરના નામને આપણે પવિત્ર માનવાનું છે, તેમના નામને માન, મહિમા અને ગૌરવ આપવાનું છે. ઈશ્વર ભલે આપણા પિતા અને મિત્ર છે, વળી તે આપણા પર પુષ્કળ પ્રેમ રાખે છે; તેમ છતાં જે માનમહિમા અને ગૌરવ આપણે તેમને આપવાનો છે, તે આપણે તેમને આપવાં જ જોઇએ.

વળી, ઇસુએ આપણને એ માટે પણ પ્રાર્થના કરતાં શીખવ્યું છે કે ઈશ્વરનું રાજ્ય આ પૃથ્વી પર આવે અને જેમ આકાશમાં ઈશ્વરની ઈચ્છા પૂરી કરવામાં આવે છે તેમ આ પૃથ્વી ઉપર પણ તેમની ઈચ્છા પૂરી કરવામાં આવે. ઈશ્વરનું રાજ્ય એટલે આપણાં જીવનો પર ઈશ્વરનું વર્ચસ્વ અને સર્વસત્તાધીશપણું. બીજા શબ્દોમાં કહીએ તો, આકાશમાં જેમ આપણા સ્વર્ગીય પિતાનું રાજ ચાલે છે, અને તેમની ઈચ્છા પ્રમાણે જ બધું થાય છે તેમ આ પૃથ્વી પરનાં આપણાં જીવનોમાં એકલા ઈશ્વરપિતાની જ ઈચ્છા પ્રમાણે કાર્ય થાય, તે જ આપણાં જીવનોમાં પ્રભુ હોય. આપણે પ્રાર્થના કરીએ કે આકાશમાં આપણા માટે જે કાંઇપણ કરવામાં આવે છે તે બધું અત્યારે આ પૃથ્વી પર આપણું થાય.

આ એક ભયંકર સત્ય છે, જે આપણને એ જાણવા મદદરૂપ બને છે કે ઈશ્વરની ઉત્તમ, શુભ અને સંપૂર્ણ ઈચ્છા પ્રમાણે આપણે કેવી રીતે પ્રાર્થના કરવી જોઈએ. જેમ ઈશ્વર અત્યારે સ્વર્ગમાં રાજ કરે છે, તેમ અત્યારે અહીં



આ પૃથ્વી પર દરેક પરિસ્થિતિમાં રાજ કરે, કેવળ એ માટે જ આપણે પ્રાર્થના ન કરીએ; પરંતુ આપણે એ માટે પણ પ્રાર્થના કરીએ કે અત્યારે જે રીતે સ્વર્ગમાં તેમની ઈચ્છા પૂરી કરવામાં આવે છે, તેમ આ પૃથ્વી પર પણ તેમની ઈચ્છા પૂરી કરવામાં આવે.

દા.ત. જો આજે તમે દુઃખી કે નિરાશ છો, તો આનંદ અને ઉત્તેજન પ્રાપ્ત કરવા માટે આકાશમાંના તમારા પિતાને વિનંતી કરવાની બાબત તમે જાણતા હશો, વળી તમે જાણતા હશો કે તમારે માટે ઈશ્વરની ઈચ્છા આ પ્રકારની છે. કારણ કે સ્વર્ગમાં દુઃખ અને નિરાશા નથી.

વળી, જો તમે કદાચ બિમાર છો અથવા તો પીડામાં છો, તો હમણાં અને અહીં જ એ બિમારીમાંથી સાજા થવા અથવા પીડામાંથી મુક્ત થવા માટેની તમારા સંબંધી ઈશ્વરની ઈચ્છા જાણવા તમે પ્રયત્ન કરશો. તેથી જ, તમે વિશ્વાસસહિત પ્રાર્થના કરી શક્શો કે ઈશ્વર તમને એ બિમારી અને પીડામાંથી સાજાપણું આપે.

ઈશ્વર તેમના મહિમાની સંપત્તિ પ્રમાણે તેમના દીકરા ઈસુ ખ્રિસ્ત મારફતે આપણી સર્વ જરૂરિયાતો પૂરી પાડશે, એવો વિશ્વાસ રાખીને પ્રાર્થના કરવાથી આપણી સર્વ દૈનિક જરૂરિયાતો પૂરી કરાશે, એવી અપેક્ષા રાખવાનું ઈસુએ આપણને શીખવ્યું છે. આપણી જરૂરિયાત ગમે તે હોય, આપણે એ માટે પ્રાર્થના કરી શકીએ છીએ, અને ઈશ્વર રોજેરોજ એ પૂરી કરશે એવી આશા આપણે રાખી શકીએ. યાદ રાખો કે, **યહોવા આપણા પાળક છે, અને આપણને કશાની ખોટ પડશે નહિ.**

ઈસુએ આપણને એ પણ શીખવ્યું છે કે, આપણે જ્યારે પાપ કરીએ છીએ ત્યારે **આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુધ્ધ કરવાને માટે ઈશ્વર વિશ્વાસુ અને ન્યાયી છે.** આપણે ઉધ્ધાર પામેલા અને હવેથી ઈશ્વરનાં બાળકો હોવા છતાં આપણે હજુ પણ પાપ કરતા રહીએ છીએ.

આપણી વિરૂધ્ધ પાપ કરનાર માટે પ્રાર્થના કરવાનું તથા તેમને માફ કરવા માટેનું શિક્ષણ પણ આપણને આપવામાં આવ્યું છે. આ પ્રમાણે આપણે એટલા માટે કરવું જોઈએ કે આપણે ઈશ્વરની વિરૂધ્ધ પાપ કર્યું હોવા છતાં પણ ઈશ્વરે આપણને માફ કર્યા છે.

ભૂંડાથી છૂટકારો મેળવવા તથા આપણે પરીક્ષણમાં ન પડીએ, એ માટે પ્રાર્થના કરવા ઈસુએ આપણને જણાવ્યું છે. આપણે બધા પાપ કરવાના પરીક્ષણમાં આવી પડીએ છીએ. શેતાન પરીક્ષણમાં પાડનાર છે, વળી આપણા પોતાના હૃદયની ઇચ્છાઓને વશ થઇને આપણે પાપ કરવાનાં પરીક્ષણમાં અવારનવાર પડી જઇએ છીએ, પરંતુ પરીક્ષણ એ કોઇ પાપ નથી. જ્યારે આપણું પરીક્ષણ કરવામાં આવે છે ત્યારે આપણે પાપનો સામનો કરવો જોઇએ, અને ભૂંડાથી છૂટકારો મેળવવા માટે આપણે પ્રાર્થના કરી શકીએ છીએ.

ઈસુએ તેમના શિષ્યોને કહ્યું, **''જાગતા રહો અને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન પડો. આત્મા તત્પર છે ખરો, પણ શરીર અબળ છે.''**

ઈસુ વિષે આ પ્રમાણે પણ લખવામાં આવ્યું છે કે, **''કેમ કે આપણી નિર્બળતા પર જેને દયા આવી શકે નહિ એવો નહિ, પણ સર્વ વાતે જે આપણી પેઠે પરીક્ષણ પામેલા છતાં નિષ્પાપ રહ્યા એવા આપણા પ્રમુખયાજક છે. એ માટે દયા પામવાને, તથા અગત્યને પ્રસંગે સહાયને સારૂ કૃપા પ્રાપ્ત કરવાને, આપણે હિંમતથી કૃપાસનની પાસે આવીએ.''**

તેથી, આપણે જ્યારે પાપ કરવાના પરીક્ષણમાં આવી પડીએ છીએ ત્યારે પરીક્ષણ અને પરીક્ષણ કરનાર ઉપર વિજય પ્રાપ્ત કરનાર ઈસુ ખ્રિસ્તની સાથે આપણે એકરૂપ થઈએ, અને આપણી જરૂરિયાતના સમયે આપણા પર કૃપા અને દયા દર્શાવવા આપણા સ્વર્ગીય પિતા હમેશાં તત્પર હોય છે, એ વાતની ખાતરી સાથે હિંમતથી કૃપાના આસન પાસે આપણે જઈએ.

પ્રાર્થના સંબંધીનું શિક્ષણ આપવાના અંતે ઈસુ એક સત્ય પ્રગટ કરતાં જણાવે છે કે આપણે સર્વકાળ સુધી ટકનાર આપણા સ્વર્ગીય પિતાના રાજ્યમાં અને પરાક્રમમાં તથા મહિમામાં વિશ્વાસ કરીએ છીએ. આપણી પ્રાર્થનાઓનો જવાબ આપવા માટે ઈશ્વરનું રાજ્ય અને પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી ઉપલબ્ધ છે. પોતાનાં બાળકો માટે જે કાંઈપણ કરવાનું વચન ઈશ્વરે આપ્યું છે, તે તે પૂરું કરશે જ, એવા વિશ્વાસ સાથે આપણે જ્યારે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આ પૃથ્વી પરની આપણી સર્વ જરૂરિયાતો પૂરી કરવા માટે ઈશ્વર સ્વર્ગના સ્રોત ઉપલબ્ધ બનાવે છે.



ઈસુએ કહ્યું છે કે, **''એ માટે હું તમને કહું છું કે, પ્રાર્થના કરતાં જે સર્વ તમે માગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે.''** આ વાત સમજવી અને તેને અમલમાં મૂકવી ખૂબ જ જરૂરી છે. તમે જ્યારે પ્રાર્થના કરો છો, ત્યારે તમે જે માગી રહ્યા છો તે તમને મળ્યું છે, એવો વિશ્વાસ રાખો. તમે જે કાંઈ માગ્યું છે, તે પ્રાપ્ત થયેલું તમે ન જુઓ ત્યાં સુધી રાહ ન જુઓ, પરંતુ ઈશ્વરે જવાબ આપ્યો છે એમ માનીને વિશ્વાસથી તમારો જવાબ સ્વીકારી લો, અને તો જ એ બાબત તમે જોશો.

દૃષ્ટિ વિશ્વાસ નથી, પરંતુ વિશ્વાસ દૃષ્ટિ છે ! ઈસુએ થોમા નામના તેમના એક શિષ્યને એકવાર કહ્યું હતું કે, **''તેં મને જોયો છે માટે તેં વિશ્વાસ કર્યો છે.''** યાદ રાખો, **''હવે વિશ્વાસ તો જે વસ્તુઓની આશા આપણે રાખીએ છીએ તેની ખાતરી છે, અને અદૃશ્ય વસ્તુઓની સાબિતી છે.''** આપણે આપણા સ્વર્ગીય પિતાના વચન પર ભરોસો રાખીએ છીએ, તેથી કોઈ વસ્તુ પર વિશ્વાસ કરવા માટે આપણે એ વસ્તુને જોવી પડતી નથી. આવો વિશ્વાસ જ ઈશ્વરને પ્રસન્ન કરી શકે છે. **''વિશ્વાસ વિના ઈશ્વરને પ્રસન્ન કરવા અશક્ય છે.''**

યાદ રાખો કે, ઈશ્વર સાથેનો આપણો સંબંધ ઈશ્વરનાં વચનોની સત્યતા અને અખંડપણામાં આપણે કરેલા વિશ્વાસ પર આધારિત છે. ઈશ્વર તેમના વચન બાઈબલમાંથી આપણને જે કાંઈ કહે છે અથવા તો પ્રગટ કરે છે તેની પર વિશ્વાસ રાખીને ગમે તે પરિસ્થિતિમાં પણ આપણે એ પ્રમાણે કાર્ય કરીએ છીએ. આપણે જ્યારે પ્રાર્થના કરીએ છીએ ત્યારે ઈશ્વરે આપેલી ખાતરીઓ પ્રમાણે કાર્ય થશે, એવી આશા સાથે આપણે ઈશ્વરનાં વચન પર વિશ્વાસ કરતા હોઈએ છીએ.

પ્રાર્થના સંબંધી ઈસુએ રજૂ કરેલા બીજા વિચારો નીચે પ્રમાણે છે :

**''હું તમને ખચીત કહું છું કે, જે કંઈ તમે પૃથ્વી પર બાંધશો, તે આકાશમાં બંધાશે; અને જે કંઈ તમે પૃથ્વી પર છોડશો, તે આકાશમાં છોડાશે. વળી હું તમને કહું છું કે, જો પૃથ્વી પર તમારામાંના બે કંઈ પણ વાત સંબંધી એક ચિત્તના થઈને માગશે, તો મારા આકાશમાંના પિતાથી તેઓને સારૂ તે કરાશે. કેમ કે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું.**

**"હું તમને ખચીત ખચીત કહું છું કે, હું જે કામો કરું છું તે જ મારા પર વિશ્વાસ રાખનાર પણ કરશે, અને એના કરતાં પણ મોટાં કામો કરશે; કેમ કે હું પિતાની પાસે જાઉં છું. અને જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ, જેથી પિતા દીકરામાં મહિમાવાન થાય. જો તમે મારે નામે કંઈ મારી પાસે માગશો, તો તે હું કરીશ."**

**"જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે."**

**"તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, ને તમને નીમ્યા છે કે, તમે જઈને ફળ આપો, અને તમારાં ફળ કાયમ રહે; જેથી તમે મારે નામે જે કંઈ પિતાની પાસે માગો તે તમને તે આપે."**

**"તે દહાડે તમે મને કંઈ પૂછશો નહિ, હું તમને ખચીત ખચીત કહું છું કે, જો તમે પિતા પાસે કંઈ માગશો તો તે તમને મારે નામે તે આપશે. હજી સુધી મારે નામે તમે કંઈ માગ્યું નથી, તમારો આનંદ સંપૂર્ણ થાય માટે માગો, ને તમને મળશે."**

આપણા સ્વર્ગીય પિતાની સાથેનો આપણો સંબંધ ઈસુને કારણે જ શક્ય બન્યો છે, અને ઈસુને કારણે જ ઈશ્વર આપણી પ્રાર્થનાઓનો જવાબ આપે છે. આપણે માટે ઈસુ ખ્રિસ્ત જ સર્વસ્વ છે. ઈસુ વિના આપણે કશું જ નથી. અને તેને કારણે જ ઈસુ ખ્રિસ્તના નામે પ્રાર્થના કરવાથી આપણે આપણા સ્વર્ગીય પિતાની પાસે જઈ શકીએ છીએ. આપણે જ્યારે ઈસુના નામે માગીએ છીએ, ત્યારે જાણે કે ઈસુ પોતે જ આપણા વતી પિતાને વિનંતી કરતા હોય છે.

ઈસુએ કહેલી ઉપર મુજબની વાતો પરથી તમને જણાશે કે, ઈસુના નામમાં સંપૂર્ણ ભરોસો મૂકવાથી જ આપણે આપણા સ્વર્ગીય પિતાની પાસે જઈ શકીએ છીએ, અને ઈશ્વર આપણી પ્રાર્થનાઓનો જવાબ ત્યારે જ આપે છે. તમે જ્યારે ઈસુના નામે માગો છો, ત્યારે તમે જે કાંઈ માગ્યું છે તે તથા તેથી વિશેષ પ્રાપ્ત કરવાની આશા રાખો. તમને મદદરૂપ થવા માટે તમે જેને વિનંતી કરી રહ્યા છો, તે તો આ સમસ્ત સૃષ્ટિને ઉત્પન્ન કરનાર સર્જનહાર છે કે જેમણે આ બધાનું સર્જન કર્યું છે, તેમને યાદ કરો. તે શબ્દ બોલ્યા, અને એ શબ્દ પ્રમાણે બધું ઉત્પન્ન થયું !



એમ લખેલું છે, **"હવે જે આપણામાં કાર્ય કરનાર સામર્થ્ય પ્રમાણે આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં, આપણે સારૂ પુષ્કળ કરી શકે છે."**

તમારે હવેથી ચિંતા કરવાની કે કોઈ બાબતે અધીરા બનવાની જરૂર નથી. એમ લખેલું છે, **"કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો ઈશ્વરને જણાવો. અને ઈશ્વરની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે."** ઈશ્વરની શાંતિની ખોટ તમે ગમે તે સમયે અનુભવતા હો, એ સમયે તમે તમારી સર્વ ચિંતાઓ આભારસ્તુતિસહિત પ્રભુ પર નાખો, અને તમને ઈશ્વરની શાંતિ પ્રાપ્ત થશે.

તમારા ખ્રિસ્તી જીવનમાં એવા ઘણા સમયો આવે છે કે જ્યારે શું કરવું જોઈએ તેની તમને સમજ પડતી નથી, એવા સમયે તમારે ઈશ્વરના જ્ઞાનની ખાસ જરૂર હોય છે. એમ લખવામાં આવ્યું છે કે, **"તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય, તો ઈશ્વર જે સર્વને ઉદારતાથી આપે છે, અને ઠપકો આપતા નથી, તેમની પાસેથી તે માગે; એટલે તેને તે આપવામાં આવશે. પરંતુ કંઈપણ સંદેહ રાખ્યા વગર વિશ્વાસથી માગવું; કેમ કે જે કોઈ સંદેહ રાખે છે, તે પવનથી ઊછળતા તથા અફળાતા સુમદ્રના મોજાના જેવો છે. એવા માણસે પ્રભુ તરફથી તેને કંઈ મળશે એવું ન ધારવું. બે મનવાળું માણસ પોતાનાં સઘળાં કાર્યમાં અસ્થિર છે."** જ્ઞાન કે ડહાપણ પ્રાપ્ત કરવા માટે તમે ઈશ્વરને હમેશાં વિનંતી કરી શકો છો, પરંતુ જે જ્ઞાનની તમારે જરૂર છે એ જ્ઞાનની જ અપેક્ષા તમે ઈશ્વર પાસેથી રાખી શકો છો.

પ્રાર્થના જ તમને ઈશ્વર તરફ લઈ જનારી જીવાદોરી છે. બાઈબલ જણાવે છે, **"પ્રાર્થનામાં ખંતથી મંડ્યા રહો, અને તેમાં આભારસ્તુતિ કરીને જાગૃત રહો."**, **"કેમ કે ન્યાયીઓ પર પ્રભુની નજર છે; અને તેઓની પ્રાર્થનાઓ તેમને કાને પડે છે."** દરરોજ પ્રાર્થના કરવાની ટેવ પાડો, એથી પણ વિશેષ દિવસમાં વધારે વખત પ્રાર્થના કરવા પ્રયત્ન કરો. એક શાંત જગ્યા શોધી કાઢીને ત્યાં દરરોજ પ્રભુની સાથે સમય ગાળો.

ઈસુ પ્રાર્થનામાં સમય ગાળતા હતા, એ સંબંધીની નીચે જણાવેલી કલમો ઈશ્વરનાં વચનોમાંથી લેવામાં આવી છે :

"અને લોકોને વિદાય કર્યા પછી ઈસુ પ્રાર્થના કરવાને પહાડ પર એકાંતે ગયા; અને સાંજ પડી ત્યારે તે ત્યાં એકલા હતા."

"અને સવારે પોહ ફાટતાં પહેલાં ઘણા વહેલા ઊઠીને ઈસુ બહાર ગયા, અને ઉજ્જડ ઠેકાણે જઈને તેમણે ત્યાં પ્રાર્થના કરી."

"તે દિવસોમાં ઈસુ ઘેરથી નીકળીને કોઈ એક પહાડ પર પ્રાર્થના કરવા ગયા; અને તેમણે ઈશ્વરની પ્રાર્થનામાં આખી રાત કાઢી."

"ઈસુ એકાંતે રાનમાં જઈને પ્રાર્થના કરતા હતા."

ઈસુ ખ્રિસ્ત પ્રાર્થના દ્વારા ઈશ્વરની સાથે એકાંતમાં સમય ગાળવાની બાબતને પ્રાધાન્ય આપતા હતા, અને ઈશ્વરની સાથે આપણો સંબંધ જાળવી રાખવા માટે આપણામાંના દરેક જણે ઈસુને અનુસરવું જરૂરી છે.

આપણે અત્યારે જ ઈશ્વરને પ્રાર્થના કરીને તેમનો આભાર માનીએ :

*વહાલા સ્વર્ગીય પિતાજી,*

*તમે જે છો, તે માટે હું તમારી આભારસ્તુતિ કરું છું. તમે ખૂબ જ અજાયબ અને અદ્ભૂત છો. તમારી ભલાઈ અને મહિમા જોઈને હું આશ્ચર્ય પામું છું. ઈસુ ખ્રિસ્તના નામે કરવામાં આવતી પ્રાર્થના દ્વારા તમે મને તમારી પાસે આવવા દો છો, એ માટે હું તમારો આભાર માનું છું. તમે તમારા એક બાળક તરીકે મારા પ્રત્યે તમારો પ્રેમ પ્રગટ કરો છો તેથી હું તમારી સ્તુતિ કરૂં છું.*

*હું તમારો આભાર માનું છું કે તમારા કૃપાસન પાસે હિંમતપૂર્વક આવવા માટે તમે મને આમંત્રણ આપો છો, જેથી કરીને મારી જરૂરિયાતના સમયે હું તમારી દયાનો અનુભવ કરી શકું. પ્રભુ, તમારો આભાર કે, મારી પ્રાર્થનાઓ સાંભળવા તથા તેનો પ્રત્યુત્તર આપવા માટે તમે હમેશાં તત્પર રહો છો. ઈસુના નામે તમારી પાસે હું આવું છું ત્યારે હું હિંમતપૂર્વક તમારી સાથે વાત કરી શકું છું તે માટે તમારો આભાર !*

*પ્રભુ, હું તમારો આભાર માનું છું કે તમારાં બાળકોને ઉત્તમ ભેટો આપવાનું તમને ગમે છે; વળી, હું તમારી પાસે માગણી કરું એ પહેલાંથી તમે*



*મારી સર્વ જરૂરિયાતો જાણો છો. તમારો આભાર કે, તમારાં વચનો દ્વારા તમે તમારી ઈચ્છા મારી સમક્ષ પ્રગટ કરી છે, જેથી કરીને હું હમેશાં તમારી ઈચ્છા પ્રમાણે પ્રાર્થના કરી શકું, અને તેને કારણે જ હું હમેશાં આશા રાખું છું કે તમે મારી પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપો.*

*મારે માટે તમે જેમ આકાશમાં ઈચ્છા રાખો છો, તેમ આ પૃથ્વી પર પણ રાખો છો તે માટે હું તમારો ખૂબ જ આભાર માનું છું. હે સ્વર્ગીય પિતા, હું હમણાં જ માગું છું કે તમારું રાજ્ય મારા જીવનમાં આવે અને આજથી જ મારા જીવનનો કબજો લઈને રાજ કરે. તમે મારાં પાપોની માફી આપો છો, તે માટે હું તમારો આભાર માનું છું, અને બીજાંઓ જ્યારે મારી વિરૂધ્ધ પાપ કરે ત્યારે તેઓને હું માફ કરતો રહીશ.*

*ઈસુ ખ્રિસ્ત મારફતે તમારા મહિમાની સંપત્તિ પ્રમાણે તમે આજની મારી સર્વ જરૂરિયાતો પૂરી પાડો એવી મારી વિનંતી છે. મારો જીવ સમૃધ્ધ થઈ રહ્યો હોવા છતાં તમારા વચન પ્રમાણેની તંદુરસ્તી અને સમૃધ્ધિમાં જીવવા હું માનું છું. હું તમારો આભાર માનું છું કે તમે મને ભરપૂરીપણે ઉત્તમ વાનાંઓ આપ્યાં છે. એ માટે, તથા તમે મારી જરૂરિયાત કરતાં પણ વિશેષ આપો છો, વળી મારે કોઈ બાબતે ચિંતા કરવી પડતી નથી એ માટે હું તમારો આભાર માનું છું.*

*સર્વ સમજશક્તિની બહાર એવી તમારી શાંતિને માટે તથા ઈસુ ખ્રિસ્તમાં તે આજે મારા અંતઃકરણ અને મનનું રક્ષણ કરે છે એ માટે હું તમારો આભાર માનું છું. પાપ, બિમારી અને કોઈ પ્રકારની તંગી કે ખોટ મારા પર રાજ કરતાં નથી, વળી મારા પ્રભુ હું તારનાર અને સાજાપણું આપનાર ઈસુ ખ્રિસ્ત મારફતે હું આજે વિજયી બન્યો છું, તેથી હું તમારો વિશેષ આભાર માનું છું.*

*તમારા મહિમા અને ગૌરવને ખાતર વિશ્વાસ અને પ્રેમનું જીવન જીવવા જરૂરી એવા જ્ઞાન અને ડહાપણ તમે મને હમણાં જ પૂરાં પાડો એવી મારી નમ્ર વિનંતી છે. સર્વ સત્યમાં મને આજે દોરનાર પવિત્ર આત્મા માટે હું તમારો આભાર માનું છું. તમને પસંદ પડે એવું જીવન જીવવા મને શીખવો,*

કે જેથી કરીને તમારી ઈચ્છા મુજબનું પાત્ર હું હમેશાં બની રહું, અને હું તમારી ઈચ્છા હમેશાં પૂરી કરી શકું. તમે મારી પ્રાર્થનાઓ સાંભળો છો એ માટે તમારો આભાર.

ઈસુના નામમાં મારી આ પ્રાર્થના છે, આમેન !

# પ્રકરણ-છ
# સાચું સુખ એટલે આત્મામાં જીવન



સાચું સુખ એટલે આત્મામાં જીવન! તમે જ્યારે ઈસુ ખ્રિસ્તનો તમારા અંગત તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કર્યો હતો ત્યારથી જ પવિત્ર આત્માએ તમારા જીવન પર પ્રભાવ પાડ્યો છે.

ઈશ્વરના આત્મા દ્વારા તમને શીખવવામાં આવ્યું અને એ પછીથી પવિત્ર આત્મા દ્વારા તમે નવો જન્મ પામ્યા. હવેથી તમારામાં પવિત્ર આત્મા રહે છે અને તે તમારા જીવનની દરેક બાબત સંબંધી તમને દોરવણી અને માર્ગદર્શન આપવાની ઈચ્છા રાખે છે.

તમારામાં પવિત્ર આત્મા વસતો હોવાથી તમે તમારા જીવનની સ્વાભાવિક સમજશક્તિથી પર એવા ઉચ્ચ સ્થાને જઈ શકો છો. ખ્રિસ્તમાં તમે

*ઉત્તેજન પામ્યા છો અને તમને જીવતા કરવામાં આવ્યા છે, વળી તમે ઘણું બધું કરી શકો છો.*

*તમે ક્યારેય કલ્પના પણ કરી નહિ હોય એ રીતે પવિત્ર આત્મા તમારા જીવનના દરેક ક્ષેત્રમાં હવેથી તમને દોરશે અને ચલાવશે. ઈશ્વરનો આત્મા તમારા આત્મા સાથે એકરૂપ થઈને સાક્ષી પૂરશે કે તમે ઈશ્વરના બાળક છો, અને હવેથી તમે ઈશ્વરની સાથે જોડાયેલ હોવાથી તમે જે કાંઈ કરો છો એ દરેક બાબતમાં ઈશ્વરનો આત્મા તમને દોરશે, અને તમે તેમની દોરવણી હેઠળ ચાલશો.*

### *સાચું સુખ એટલે આત્મામાં જીવન...*

ટૂંક સમયમાં સમગ્ર માનવજાત માટે પોતાનો જીવ આપીને પોતાના સ્વર્ગીય પિતાની પાસે પાછા જવાનો સમય નજીક આવી પહોંચ્યો છે, એ જાણીને ઈસુ ખ્રિસ્તે જગતમાંના તેમના લોક અને જેઓ તેમના પર વિશ્વાસ રાખતા હતા એવા લોકોને તેમણે કહ્યું :

**‘‘અને હું પિતાને વિનંતી કરીશ, અને તે તમને બીજો સંબોધક તમારી પાસે સદા રહેવા માટે આપશે, એટલે સત્યનો આત્મા, જેને જગત પામી નથી શકતું તે; કેમ કે તેને તે જોતું નથી, અને તેને ઓળખતું નથી; પણ તમે તેને ઓળખો છો; કેમ કે તે તમારી સાથે રહે છે, તે તમારામાં વાસો કરશે. હું તમને અનાથ નહિ મૂકીશ.’’**

**‘‘હજી હું તમારી સાથે રહું છું તે દરમિયાન મેં તમને એ વચનો કહ્યાં છે. પણ સંબોધક, એટલે પવિત્ર આત્મા, જેને પિતા મારે નામે મોકલી આપશે, તે તમને બધું શીખવશે, અને મેં જે જે તમને કહ્યું તે બધું તે તમારા સ્મરણમાં લાવશે. હું તમને શાંતિ આપીને જાઉં છું, મારી શાંતિ હું તમને આપું છું; જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી. તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો, અને બીવા પણ ન દો.’’**

**‘‘પણ સંબોધક, એટલે સત્યનો આત્મા, જે પિતાની પાસેથી નીકળે છે, તેને હું પિતાની પાસેથી તમારી પાસે મોકલી દઈશ; તે જ્યારે આવશે, ત્યારે તે મારા સંબંધી સાક્ષી આપશે. અને તમે પણ સાક્ષી આપશો, કેમ કે તમે**



**આરંભથી મારી સાથે છો.’’, ‘‘કોઈ તમને ઠોકર ખવડાવે નહિ; માટે મેં તમને એ વચનો કહ્યાં છે.’’**

**‘‘હું તમને સત્ય કહું છું, મારું જવું તમને લાભકારક છે; કેમ કે જો હું નહિ જાઉં, તો સંબોધક તમારી પાસે આવશે નહિ; પણ જો હું જાઉં, તો હું તેને તમારી પાસે મોકલી દઈશ.’’, ‘‘જ્યારે સત્યનો આત્મા આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે. કેમ કે તે પોતાના તરફથી બોલશે નહિ; પણ જે કંઈ તે સાંભળશે તે જ તે બોલશે; અને જે જે થનાર છે તે તમને કહી દેખાડશે.’’**

**‘‘તે મને મહિમાવાન કરશે, કેમ કે મારું જે છે તેમાંનું લઈને તે તમને કહી દેખાડશે. જે પિતાનાં છે, તે સર્વ મારાં છે; અને તેટલા માટે મેં કહ્યું કે, મારું જે છે તેમાંનું લઈને તે તમને કહી દેખાડશે.’’**

ઈસુ ખ્રિસ્ત આ પૃથ્વી પરના તેમના શરીરમાં રહીને તેમના શિષ્યો સાથે ત્રણ વર્ષ સુધી જીવ્યા. શિષ્યો પ્રથમવાર ઈસુ પાસેથી શીખ્યા, અને ઈસુએ તેઓની સર્વ જરૂરિયાતો પૂરી પાડી. તેથી જ, ઈસુ તેઓને શાંતિ, ઉત્તેજન અને ખાતરી આપવા માગતા હતા કે તે જ્યારે તેમના પિતા પાસે સ્વર્ગમાં જઈ રહ્યા છે, ત્યારે જે રીતે ઈશ્વર તેઓની સાથે અગાઉ હતા તે રીતે હવે પછી પણ સાથે રહેશે.

ઈશ્વરનું વચન બાઈબલ આપણને શીખવે છે કે, એક ખરા અને સાચા ઈશ્વર છે, જે ત્રણ વ્યક્તિ તરીકે પ્રગટ થયા; પિતા, પુત્ર અને પવિત્ર આત્મા. ત્રિએક ઈશ્વરમાં સમાયેલ દરેક વ્યક્તિને આપણે ઓળખીએ એ જરૂરી છે અને ઈશ્વરનું વચન જે રીતે આપણને શીખવે છે તેમ એ દરેક વ્યક્તિ સાથે આપણે યોગ્ય સંબંધ જાળવી રાખીએ.

પવિત્ર આત્મા સાથેની તમારી પ્રથમ મુલાકાત ત્યારે થઈ કે જ્યારે તેણે તમને તમારા સર્જનહાર સાથેના સંબંધની જરૂરિયાત વિષે જણાવવાનું શરૂ કર્યું. તમે તમારાં પાપમાં મૂએલા હતા ત્યારે પવિત્ર આત્માએ તમને જાગૃત કરીને આત્મિક બાબતો તરફ તમારું ધ્યાન ખેંચ્યું.

તમે જ્યારે ઈસુનો તમારા પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર કરવા માટે પ્રાર્થના કરી હતી ત્યારે જ તમે નવો જન્મ પામ્યા હતા અથવા તો તમે

આત્માથી જન્મ્યા હતા. તમને ઈશ્વર તરફથી દૈવી કે આત્મિક સ્વભાવ વારસામાં મળ્યો અને ઈશ્વરની સાથેના તમારા સંબંધની શરૂઆત થઈ શકી. તમે હવે આત્મિક સત્ય અને જીવનના નવા પરિમાણમાં સંપૂર્ણપણે જીવંત છો.

આ નવું અદૃશ્ય રાજ્ય કુદરતી કે પૃથ્વી પરનું નથી, પરંતુ આત્મિક અને આકાશમાંનું રાજ્ય છે, અને ઈશ્વરના આત્માથી જેઓ જન્મ્યા છે તેઓની સમક્ષ પવિત્ર આત્મા દ્વારા તે પ્રગટ કરવામાં આવે છે. એકવાર એક ખૂબ જ ધાર્મિક વ્યક્તિની સાથે વાત કરતી વખતે ઈસુએ આ પ્રમાણે કહ્યું હતું,

**"હું તને એક સત્ય જણાવું છું કે, જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે ઈશ્વરનું રાજ્ય જોઈ શકતું નથી." એ માણસે પૂછ્યું, "માણસ ઘરડો થઈને જન્મ કેવી રીતે પામી શકે? તે શું બીજી વાર પોતાની માના ઉદરમાં પેસીને જન્મ લઈ શકે છે?"**

**ઈસુએ તેને જવાબ આપ્યો, "હું તને ખચીત ખચીત કહું છું કે, જો કોઈ માણસ પાણીથી તથા આત્માથી જન્મ્યું ન હોય, તો ઈશ્વરના રાજ્યમાં તે જઈ શકતું નથી. જે દેહથી જન્મેલું છે તે દેહ છે, અને જે આત્માથી જન્મેલું છે, તે આત્મા છે. 'તમારે નવો જન્મ પામવો જ જોઈએ.' મારી આ વાતથી તું આશ્ચર્ય ન પામ.**

**પવન જ્યાં ચાહે છે ત્યાં વાય છે. અને તું તેનો અવાજ સાંભળે છે, પરંતુ તે ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે એ તું જાણતો નથી. હરેક જે આત્માથી જન્મેલું છે તે તેના જેવું જ છે."**

આત્મિક સત્ય ન સમજનારા ધાર્મિક લોકોથી આજે પણ જગત ભરેલું છે. તેઓ ઈશ્વરના રાજ્યને જોઈ શકતા નથી અથવા તો તેમાં પ્રવેશ કરી શકતા નથી. તેઓનાં સર્વ ધાર્મિક કાર્યો, ક્રિયાકાંડો, પરંપરાઓ અને સત્કર્મો વ્યર્થ છે. તેઓએ ઈસુ ખ્રિસ્તનો પોતાના અંગત તારનાર તથા પ્રભુ તરીકે સ્વીકાર કરીને ઈશ્વરના આત્માથી જનમવું જ જોઈએ.

ઈસુએ તેમના પોતાના સંબંધી જે કહ્યું હતું તે હમેશાં યાદ રાખો :

**"માર્ગ, સત્ય તથા જીવન હું છું. મારા આશ્રય વિના પિતાની પાસે**



**કોઈ આવી શકતું નથી."** ઈશ્વર પાસે જવા માટેનો એક માત્ર માર્ગ ઈસુ જ છે!

ધાર્મિક માણસોને પણ તમને, તમારાં નવા જીવનને તથા જીવનશૈલીને સમજવામાં તકલીફ પડશે, અને એથી તમારે નવાઈ પામવાની જરૂર નથી. બાઈબલ જણાવે છે કે :

**ઈશ્વરના આત્મા વિનાનો માણસ ઈશ્વરના આત્માની વાતોનો સ્વીકાર કરતો નથી; કેમ કે એ વાતો તેને મૂર્ખતા સમાન લાગે છે, અને તે વાતોને સમજી શકતો નથી, કારણ કે એ વાતો આધ્યાત્મિક રીતે સમજાય છે. પણ જે માણસ આધ્યાત્મિક છે તે સર્વ વાતોને પારખે છે, પણ પોતે પરખાતો નથી; "કેમ કે પ્રભુનું મન કોણે જાણ્યું છે કે, તે તેમને બોધ કરે?" પણ અમને તો ખ્રિસ્તનું મન છે.**

તેથી, તમે એવી આશા ન રાખો કે કોઈ પોતાના જીવનમાં ઈસુ ખ્રિસ્તનો પોતાના અંગત તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કરીને ઈશ્વરના આત્માથી જન્મેલ ન હોય એવી કોઈ વ્યક્તિ તમે જે રીતે કાર્ય કરો છો તેમ તે કાર્ય કરે કે તમારી જેમ જ અમુક બાબતોને પ્રાધાન્ય આપતી હોય કે વર્તતી હોય. તમારી સમગ્ર જીવનશૈલી અને વિચારસરણી તેઓની દૃષ્ટિમાં મૂર્ખતાસમાન હોઈ શકે છે.

વળી, તેઓની વિચારસરણી કે તેઓની જીવનશૈલી કે વાતો પારખવાની તેઓની શક્તિને તમે આધીન ન થાઓ. હવેથી તમારી પાસે ખ્રિસ્તના જેવું મન છે, અને પવિત્ર આત્મા તમને ઈશ્વરના રાજ્ય સંબંધીના સિધ્ધાંતો અનુસાર જીવન જીવવા માટેની જરૂરી તમામ બાબતો શીખવશે અને એ જીવન જીવવા માટે તે તમને મદદ પણ કરશે.

ઈસુએ કહ્યું છે તેમ, **"પવિત્ર આત્મા તમને સર્વ સત્યમાં દોરી જશે."** એમ પણ લખેલું છે કે, **"ઈશ્વરના આત્મા સિવાય ઈશ્વરની વાતો કોઈ જાણતું નથી."** અને **"પણ અમે જગતનો આત્મા નહિ, પણ જે આત્મા ઈશ્વર તરફથી છે તે પામ્યા છીએ; જેથી ઈશ્વરે જે વાનાં આપણને આપેલાં છે તે અમે જાણીએ."**

વિશ્વાસીઓને ઈશ્વરનાં વચનોમાંથી એવો બોધ કરવામાં આવ્યો છે

કે સત્ય જાણવા માટે તેઓએ લોકો પર નહિ, પરંતુ પવિત્ર આત્મા પર આધાર રાખવો જોઈએ. **"જેઓ તમને ભમાવે છે તેઓ સંબંધી મેં તમને આ લખ્યું છે. વળી તેણે તમને જે અભિષેક કર્યો તે તમારામાં રહે છે, અને કોઈ તમને શીખવે એવી કંઈ અગત્ય નથી; પણ જેમ તેનો અભિષેક તમને સર્વ બાબતો વિષે શીખવે છે; અને તે સત્ય છે, જૂઠો નથી, અને જેમ તેણે તમને શીખવ્યું, તેમ તમે તેનામાં રહો."**

પવિત્ર આત્મા હમેશાં તમને સત્ય વિષે શીખવશે અને સત્ય તથા આપણા શત્રુ શેતાનનાં જૂઠાણાઓ વચ્ચેના તફાવતને પારખતાં શીખવશે. તમારે તમારી પોતાની કે જેની પાસે ઈશ્વરનો આત્મા નથી એવા અન્ય કોઈ વ્યક્તિની સમજશક્તિ પર આધાર રાખવાનો નથી, પરંતુ કેવળ ઈશ્વરના આત્મા પર જ આધાર રાખવાનો છે.

ઈશ્વરનું વચન બાઈબલ લખવાના કાર્યમાં પવિત્ર આત્માએ દોરવણી આપી હતી, અને પવિત્ર આત્મા ઈશ્વરના વિચારો જાણે છે. જે રીતે આપણે આપણા અંતિમ લક્ષ્ય ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો હતો, એ જ રીતે આપણા જીવનની દરેક બાબતો માટે દોરવણી અને માર્ગદર્શન મેળવવા માટે જો આપણે સંપૂર્ણપણે આધીન થઈને તેની પર વિશ્વાસ કરીશું, તો પવિત્ર આત્મા હમેશાં આપણાં મનને સત્ય તરફ દોરી જશે.

પવિત્ર આત્મા સાથેનો આપણો સંબંધ વધુ ગાઢ બનાવવા માટે આપણે આપણી બુધ્ધિ, લાગણીઓ કે શારીરિક શક્તિનો ઉપયોગ કરવાનો નથી, પરંતુ એને બદલે ઈશ્વરના વચન બાઈબલના વાંચન અને મનન દ્વારા ઈશ્વરના આત્મા સાથે વાતચીત કરીને તે વધુ ગાઢ બનાવવા દરરોજ પ્રયત્ન કરવો જોઈએ. ઈશ્વરનું વચન પવિત્ર આત્મા સાથેના આપણા સંબંધનું એક અગત્યનું અને અભિન્ન પાસું છે.

યાદ રાખો કે તમારો શત્રુ શેતાન ભમાવનાર કે કપટી છે, અને તે હમેશાં માણસોને ભમાવવાનું કે ભૂલાવામાં નાખવાનું કાર્ય કરતો હોય છે. તે તેના જૂઠાણાને સત્ય તરીકે રજૂ કરે છે, અને જૂઠાણાને ઓળખી કાઢવા માટેનો એકમાત્ર માર્ગ આપણે સત્ય જાણીએ એ છે. ઈશ્વરનું વચન, જે પવિત્ર આત્માની પ્રેરણાથી લખવામાં આવેલું સત્ય છે, એ વચનને આપણે જો જાણતા



હોઈએ તો જ આપણે શેતાન તરફથી આવતા જૂઠાણાને સત્ય સાથે સરખામણી કરીને એ જૂઠાણાને પારખી શકીશું.

તેથી, ઈશ્વર જ્યારે તેમના આત્મા દ્વારા આપણી સાથે વાત કરી રહ્યા હોય ત્યારે આપણે ઈશ્વરના વચનને જાણતા હોઈએ એ જરૂરી છે. પવિત્ર આત્મા ખ્રિસ્તનું જે કાંઈ છે તેમાંથી લઈને આપણને તે જણાવે છે, અને પિતાનું જે કાંઈ છે તે સર્વ ઈસુનું છે. તેથી પવિત્ર આત્મા જ્યારે આપણા આત્માઓની સાથે વાત કરે છે, ત્યારે તે ઈશ્વરના મનમાં જે કાંઈ છે તે વિષે વાત કરશે, કે જે ઈશ્વરના વચન બાઈબલની સાથે સંપૂર્ણપણે બંધબેસતું હોય. ઈશ્વરનો લખેલ વચનો અને તેમના મુખમાંથી નીકળેલાં વચનો એક જ છે.

જો આપણને એવું લાગે કે પવિત્ર આત્મા કોઈ બાબતમાં આપણને દોરે છે એ બાબત ઈશ્વરના લખેલા વચનથી કોઈપણ રીતે જુદી કે વિરૂધ્ધ છે, તો આપણે જાણવું જોઈએ કે એ વાત ઈશ્વર તરફથી નથી. કદાચ શેતાન આપણને ગૂંચવાડામાં નાખવા કે ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરતો હોય અથવા તો આપણી સ્વાભાવિક બુધ્ધિ કે આપણી લાગણીઓ કે આપણી કુદરતી ઈચ્છાઓ તેમનો માર્ગ મોકળો કરવા પ્રયત્ન કરતા હોય.

એમ લખવામાં આવ્યું છે, **"કેમ કે ઈશ્વરનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે, તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજજાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે."**

દરેક પરિસ્થિતિમાં ઈશ્વરનું વચન આપણું રક્ષણ કરે છે. **"મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે."** ઈશ્વરનું વચન હમેશાં ઈશ્વરની ઈચ્છા આપણી સમક્ષ પ્રગટ કરશે અને તેની ખાતરી પણ કરી આપશે. વળી તે આપણાં જીવનો સંબંધીની તેમની ઉત્તમ, શુભ અને સંપૂર્ણ ઈચ્છા પણ પ્રગટ કરે છે. તેમનું વચન આપણાં હૃદયો, મન, લાગણીઓ અને ઈચ્છાઓમાં રહેલ આત્મિક અને કુદરતી બાબતોને જુદી પાડી બતાવે છે.

જો કે, આપણાં દૈનિક જીવનોમાં ઈશ્વરનું માર્ગદર્શન અને પવિત્ર આત્માની દોરવણી પ્રાપ્ત કરવા માટે આપણે આપણી ઈચ્છાને સંપૂર્ણપણે

ઈશ્વરની ઈચ્છાને આધીન કરવી પડે. આપણાં જીવનો સંબંધી ઈશ્વરની ઈચ્છા શી છે તે આપણે જાણવું જોઈએ. આપણા માટે ઈશ્વરની જે ઈચ્છા છે, તે ઈચ્છાને આપણે આપણી ઈચ્છા માનવી જોઈએ. અને એ પછીથી જ પવિત્ર આત્મા આપણી સાથે વાત કરી શકશે, અને આપણા સંબંધીની ઈશ્વરની ઉત્તમ, સંપૂર્ણ અને શુભ ઈચ્છા કે ઈરાદો આપણામાં પૂરો કરશે.

આપણા માટે જે જીવન ઈશ્વરે તૈયાર કર્યું છે એ જીવન જીવવા જેટલી અજાયબ અને સંતોષજનક બાબત કોઈ નથી. તમારા સર્જનહાર તથા ઉધ્ધારનારની સાથેના સંપૂર્ણ સુમેળભર્યા સંબંધમાં જીવન જીવવું એ સૌથી વધુ શાંતિદાયક અને આનંદભર્યો અનુભવ છે, એ અનુભવ તમે પ્રાપ્ત કરી શકો છો, અને તમારે માટે ઈશ્વરની ઈચ્છા એ જ છે. તમે જ્યારે પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે ચાલો છો ત્યારે તમે પળેપળે તમારા જીવનમાં ઈશ્વરની હાજરી અને શાંતિ તેમ જ તેમના પિતાપણાની લાગણી અનુભવશો.

એમ લખેલું છે કે, **“જેઓ પાપી સ્વભાવ પ્રમાણે જીવન જીવે છે તેઓનાં મન દૈહિક બાબતો પર લાગેલાં છે; પરંતુ જેઓ આત્મિક છે તેઓએ પોતાનાં મન આત્મિક બાબતો પર લગાડેલાં છે. પાપી માણસનું મન તે મરણ છે, પરંતુ આત્મિક મન તે જીવન તથા શાંતિ છે.”, “કેમ કે જેટલા આત્માથી દોરાય છે, તેટલા ઈશ્વરના દીકરા છે.”**

આપણે આપણાં મન આત્માની ઈચ્છા પર લગાડવા જોઈએ અને પવિત્ર આત્માને આપણાં મન પર કબજો લેવા દેવો જોઈએ. અને એ પછીથી જ પવિત્ર આત્માની દોરવણી હેઠળ આપણે ચાલી શકીશું. આપણાં જીવનો સંબંધી ઈશ્વરની ઈચ્છાને આપણી મરજી મુજબ ફેરવવા આપણે ઈશ્વર પર બળજબરી કરી શકતા નથી. આપણે આપણાં પૂર્વનિયોજીત ઈરાદાઓ અને યોજનાઓથી છૂટકારો મેળવવાનો છે, અને આપણી ઈચ્છા ઈશ્વરની ઈચ્છાને આધીન કરવી જોઈએ.

એ પછીની બીજી બાબત, ઈશ્વરની આજ્ઞાને આધીન થવા માટે આપણે તૈયાર રહેવું જોઈએ. જો આપણે ઈશ્વરની આજ્ઞા પાળવા તૈયાર ન હોઈએ તો ઈશ્વર આપણને માર્ગદર્શન અને અજવાળું આપશે નહિ. આ પ્રમાણે કરવાથી આપણે ઈશ્વરની આજ્ઞાનો વધુ ને વધુ ભંગ કરીએ છીએ. ઈશ્વરની ઈચ્છા ગમે



તે હોય, પરંતુ ઈશ્વરની ઈચ્છા જાણવા માટે આપણે ખરા હૃદયથી પ્રયત્ન કરવો જોઈએ કે જેથી કરીને એ પાળવા પાછળનો હેતુ આપણે સમજી શકીએ.

જો આપણે ઈશ્વરની પ્રગટ થયેલી અમુક જ ઈચ્છાઓને આધીન થઈશું તો ઈશ્વરની વાણી સાંભળવામાં આપણે પોતે જ અવરોધરૂપ બનીશું અથવા તો આપણે તેમની વાણી સાંભળી શકીશું નહિ, અને પવિત્ર આત્માની દોરવણી આપણને પ્રાપ્ત થશે નહિ. આપણા ભલા અને ઈશ્વરના મહિમાને ખાતર, ગમે તે અને દરેક પરિસ્થિતિમાં પવિત્ર આત્માની દોરવણી અને માર્ગદર્શનને આધીન થવા માટે આપણે તૈયાર રહેવું પડશે. એ પ્રમાણે કરવાથી, આપણાં કાર્યો દ્વારા આપણે કહી શકીશું કે અમે અમારા આકાશમાંના પિતા પર નિઃસંકોચે અને સંપૂર્ણપણે વિશ્વાસ કરીએ છીએ.

એથી વિશેષ, આપણે પવિત્ર આત્માની દોરવણી પર વિશ્વાસ રાખવો જોઈએ. પવિત્ર આત્મા અમારી સાથે છે અને તે અમને દોરવણી આપી રહ્યો છે, એવો વિશ્વાસ આપણે કરવો જોઈએ. આપણે આપણા પૂરા મનથી સંપૂર્ણપણે તેમની પર આધાર રાખવો જોઈએ અને તેમના મુખ તરફ દૃષ્ટિ કરવી જોઈએ તથા તે આપણા પ્રત્યે વિશ્વાસુ છે એવી આશા આપણે રાખવી જોઈએ. બાઈબલ આ બાબતને આ રીતે રજૂ કરે છે :

**“તારા ખરા હૃદયથી યહોવા પર ભરોસો રાખ, અને તારી પોતાની અક્કલ પર આધાર ન રાખ. તારા સર્વ માર્ગોમાં તેમની આણ સ્વીકાર, એટલે તે તારા રસ્તાઓ પાધરા કરશે.”** વળી એમ પણ લખેલું છે કે, **“જે પુરુષ યહોવા પર શ્રધ્ધા રાખે છે, અને જેનો આધાર યહોવા છે તે આશીર્વાદિત છે. તે પાણીની પાસે રોપેલા વૃક્ષના જેવો થશે, જે નદીની પાસે પોતાનાં મૂળ ફેલાવે છે, અને ગરમીનો વખત આવશે ત્યારે તેને કંઈ ડર રહેશે નહિ, પરંતુ તેનાં પાંદડાં લીલાં રહેશે; અને સુકવણાના વર્ષમાં તે ચિંતાતુર થશે નહિ, અને તે ફળ આપ્યા વિના રહેશે નહિ.”**

આપણી દૃષ્ટિએ કદાચ યોગ્ય ન હોય એવી દિશામાં પવિત્ર આત્મા આપણને દોરી જતો હોય તો પણ આપણે ચિંતા કરવાની જરૂર નથી. તેના મનમાં આપણે માટે હમેશાં ઉત્તમ ઈરાદા જ હોય છે. તે ઈશ્વરનું મન સારી રીતે જાણે છે, વળી તે આદિથી અંત સુધી બધું જ જાણે છે તેમ જ તે ક્યારેય

ભૂલ કરતો નથી. તેની પર સંપૂર્ણ ભરોસો રાખતા શીખો. આ પ્રકારનો વિશ્વાસ અને શ્રધ્ધા રાખવાની બાબત રાતોરાત પ્રાપ્ત થઈ જતાં નથી. વારંવાર પ્રયત્ન કરવાથી આપણે તે શીખી શકીએ છીએ. ઈશ્વર એ બાબત સારી રીતે સમજે છે અને તે આપણા માટે ધીરજ રાખે છે.

પ્રભુની સાથે ચાલતી વખતે આપણે ઘણીવાર ડગમગી જઈએ છીએ, પરંતુ તે આપણને પડી જવા દેશે નહિ, અને વિશેષ કરીને ત્યારે કે જ્યારે તે જાણતા હોય છે કે આપણે તેમની ઈચ્છા અને તેમના માર્ગો જાણવા માગીએ છીએ, અને આપણે તેમની પાછળ ચાલવાની ઈચ્છા રાખીએ છીએ, અને તેમના નામને ગૌરવ આપવા ઈચ્છતા હોઈએ છીએ ત્યારે. ઈશ્વર આપણી ભૂલો દ્વારા આપણને શીખવામાં મદદરૂપ બનશે, જેથી કરીને ભવિષ્યમાં આપણે તેમની વાણી અને તેમની દોરવણી પારખી શકીએ.

જે રીતે આપણે આપણાં શારીરિક જીવનોમાં કરીએ છીએ તેમ આપણાં આત્મિક જીવનોમાં પણ નાનાં બાળકોની જેમ આપણે શરૂઆત કરીએ છીએ. પહેલાં ઘૂંટણે પડતાં, એ પછી ઊભા રહેતાં અને ત્યાર પછી ચાલતાં શીખવામાં સમય લાગે છે. એ જ રીતે આત્મામાં ચાલતાં શીખતાં સારો એવો સમય લાગે છે, અને એ પછીથી જ યોગ્ય રીતે ચાલી શકાય છે.

આત્મામાં ચાલવું એટલે ઈશ્વરને પસંદ પડે એવું જીવન જીવવું. ઈશ્વરનાં બાળકો તરીકે આપણે એવી રીતે જીવન જીવવું જોઈએ કે એ દ્વારા આપણા આકાશમાંના પિતાને મહિમા મળે, વળી એ દ્વારા બીજાંઓ સમક્ષ ઈસુ ખ્રિસ્તનું જીવન પણ પ્રગટ થઇ શકે. આત્મામાં ચાલવાથી આ બાબત પળેપળે થઈ શકે છે.

બાઈબલ જણાવે છે કે, **"આત્માથી ચાલો, એટલે તમે પાપી સ્વભાવની ઈચ્છાઓ તૃપ્ત કરશો નહિં.", "એ માટે તમે પ્રભુનાં પ્રિય બાળકો તરીકે ઈશ્વરનું અનુકરણ કરનારા થાઓ; અને પ્રેમમાં ચાલો, જેમ ઈસુ ખ્રિસ્તે તમારા પર પ્રેમ રાખ્યો, અને ઈશ્વરની આગળ સુવાસને અર્થે, આપણી ખાતર સ્વાર્પણ કરીને પોતાનું બલિદાન આપ્યું તેમ."**

આપણે જ્યારે પાપ અને શેતાનના બંધનમાં હતા ત્યારે જે જીવન આપણે જીવતા હતા, તે જીવન તમારે હવે જીવવાનું નથી. એમ લખેલું છે કે,



**"ખ્રિસ્તે આપણને સ્વતંત્રતાને સારુ સ્વતંત્ર કર્યા; માટે દૃઢ રહો, અને ફરીથી દાસત્વની ઝૂંસરી તળે ન જોડાઓ."**

આપણે પાપની ગુલામીમાં હતા, પણ આપણે ઈશ્વરની ઈચ્છા મુજબનું સ્વતંત્ર જીવન જીવીએ એ માટે હવે આપણને સ્વતંત્ર કરવામાં આવ્યા છે. ઈસુ જે રીતે જીવ્યા હતા તેમ હવેથી આપણે જીવી શકીશું, અને ઈસુના જેવું જીવન કેવી રીતે જીવી શકાય એ જાણવા પવિત્ર આત્મા આપણને મદદ કરશે, અને ઈસુ જે રીતે જીવ્યા હતા એ રીતે જીવન જીવવા માટે તે આપણને તૈયાર અને સામર્થ્યવાન બનાવશે.

બાઈબલ જણાવે છે કે, **"જેઓ ખ્રિસ્તના છે, તેઓએ પાપી સ્વભાવને તેના વિષયો અને ઈચ્છાઓ સુધ્ધાં વધસ્તંભે જડ્યો છે. જો આપણે આત્માથી જીવીએ છીએ તો આત્માથી ચાલવું પણ જોઈએ."**

આપણે હવેથી આપણા પાપી સ્વભાવની ઈચ્છાઓ પ્રમાણે જીવન જીવવાનું નથી. જો આપણે પવિત્ર આત્મા સાથે કદમ મિલાવીશું તો તે આપણી સમક્ષ હંમેશા ઈસુનું જીવન પ્રગટ કરશે.

આત્માથી ચાલવું અને આત્મા સાથે કદમ મિલાવવા, એ બંને બાબતો સંબંધી આપણે પળેપળે દરરોજ નિર્ણયો લેવાના છે. પવિત્ર આત્મા આપણી મારફતે હમેશાં ઈસુનું જીવન જીવવા પ્રયત્ન કરી રહ્યો છે. ઈસુનું જીવન પ્રેમનું જીવન છે. ઈશ્વર પ્રેમ છે, અને પ્રેમ શબ્દ સિવાય બીજા કોઈ શબ્દ દ્વારા ઈસુ ખ્રિસ્તના જીવનનું વર્ણન થઇ શકે નહિ.

**ઈસુ ખ્રિસ્ત સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને તથા ઘણા લોકોની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવા આવ્યા હતા.** એ જ રીતે, પવિત્ર આત્માની દોરવણી અને સામર્થ્ય દ્વારા આપણે ઈશ્વરના પ્રેમથી ભરેલું જીવન જીવવાનું છે.

ઈશ્વરના સમગ્ર નિયમશાસ્ત્રનો સાર ઈસુના આ શબ્દોમાં આવી જાય છેઃ **" તારા પૂરા હૃદયથી, અને તારા પૂરા સામર્થ્યથી, પ્રભુ તારા ઈશ્વર પર તું પ્રેમ રાખ. જેમ તું પોતા પર પ્રેમ રાખે છે તેમ તારા પાડોશી પર પ્રેમ રાખ."** અને **" જેમ તમે ચાહો છો કે માણસો તમારા પ્રત્યે વર્તે તેમ જ તમે પણ તેઓ પ્રત્યે વર્તો."**

**" પવિત્ર આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઇ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે."** જો તમે પવિત્ર આત્માને આધીન થશો અને તેની દોરવણી પ્રમાણે ચાલશો, તો તે તમારા જીવનમાં પ્રેમનું ફળ ઉપજાવશે.

**" પ્રેમ સહનશીલ તથા પરોપકારી છ; પ્રેમ અદેખાઈ કરતો નથી; પ્રેમ આપવડાઇ કરતો નથી, ફુલાઇ જતો નથી, અયોગ્ય રીતે વર્તતો નથી, પોતાનું જ હિત જોતો નથી, પણ સત્યમાં હરખાય છે; તે સઘળું ખમે છે, સઘળું ખરું માને છે, સઘળાની આશા રાખે છે, સઘળું સહન કરે છે. પ્રેમ કદી ખૂટતો નથી."**

**" પવિત્ર આત્માથી ઈશ્વરનો પ્રેમ આપણાં અંતઃકરણોમાં વહેવડાવવામાં આવ્યો છે."** અને તેથી જ, હવે આપણે ઈશ્વર પર સર્વોચ્ચ પ્રેમ દર્શાવી શકીએ છીએ, અને જેવો પ્રેમ આપણાં પોતા પર તેવો બીજાઓ પર આપણે રાખી શકીએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો, દરેક પરિસ્થિતિમાં ઈસુ કાંઈક ને કાંઈક કરશે જ એવો વિશ્વાસ રાખીને આપણે દરેક બાબતમાં પવિત્ર આત્માની દોરવણી હેઠળ કાર્ય કરવા લાગીએ છીએ, અને એ પછીથી આપણું શરીર કે લાગણીઓને મહત્વ ન આપતાં આપણે આપણી જાતે જ કાર્ય કરીએ છીએ.

તમારી વિપરીત પરિસ્થિતિમાં જે રીતે તમે કોઇના તરફથી મદદની આશા રાખો છો, એ જ રીતે તમારે પણ વિપરીત પરિસ્થિતિમાં આવી પડેલા અન્ય લોકોને મદદ કરવી જોઇએ. જેઓ વ્યવહાર તમે તમારી પોતાની જાત સાથે રાખો છો, એવો જ વ્યવહાર તમારે બીજા લોકોની સાથે પણ રાખવો જોઇએ.

તમારે સર્વ બાબતોમાં તમારી જાતને જ પ્રથમ સ્થાન ન આપવું જોઇએ, કારણ કે ખ્રિસ્તે તમને સંપૂર્ણ કર્યા છે અને તમારા જીવનના ખાલીપણાને ભરી દીધું છે. હવેથી તમારે ઈશ્વરને જ દરેક બાબતમાં પ્રથમ સ્થાન આપવાનું છે, અને બીજાંઓને એ પછીથી અને સૌથી છેલ્લે તમારી જાતને સ્થાન આપવાનું છે. ઈશ્વરના વચનમાંથી નીચેનો શાસ્ત્રભાગ વાંચો, એ પર મનન કરો અને તેને અમલમાં મૂકો.



**એ માટે જો ખ્રિસ્તમાં કંઇ ઉત્તેજન, જો પ્રેમનો કંઇ દિલાસો, જો પવિત્ર આત્માની કંઇ સંગત, જો કંઇ હૃદયની કરૂણા તથા દયા હોય, તો મારો આનંદ એવી રીતે સંપૂર્ણ કરો કે, તમે એક જ મનના થાઓ, એક સરખો પ્રેમ રાખો.**

**પક્ષાપક્ષીથી કે મિથ્યાભિમાનથી કંઇ ન કરો, દરેકે નમ્રભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા. તમે દરેક પોતાના હિત પર જ નહિ, પણ બીજાઓના હિત પર પણ લક્ષ રાખો. ખ્રિસ્ત ઈસુનું મન જેવું હતું, તેવું તમે પણ રાખો.**

**પોતે ઈશ્વરના રૂપમાં છતાં, તેમણે ઈશ્વર સમાન હોવાનું પકડી રાખવાને ઇચ્છયું નહિ. પણ તેમણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યા. અને માણસના આકારમાં પ્રગટ થઈને, મરણને, હા, વધસ્તંભના મરણને, આધીને થઈને, પોતાને નમ્ર કર્યા !**

**એને લીધે, ઈશ્વરે તેમને ઘણા ઊંચા કર્યા, અને સર્વ નામો કરતાં ઈશ્વરે તેમને એવું શ્રેષ્ઠ નામ આપ્યું કે, આકાશમાંના, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે; અને ઈશ્વરપિતાના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે.**

ઈસુએ કહેલાં નીચેનાં વચનો વાંચો તથા વચનોને આધીન થાઓ, અને તમને આશીર્વાદો પ્રાપ્ત થશે :

**" પણ હું તમ સાંભળનારાઓને કહું છું કે, તમારા વૈરીઓ પર પ્રેમ કરો, જેઓ તમારો દ્વેષ કરે છે તેઓનું ભલું કરો. જેઓ તમને શાપ આપે છે તેઓને આશીર્વાદ આપો, જેઓ તમારું અપમાન કરે છે તેઓને સારુ પ્રાર્થના કરો.**

**જો કોઇ તને એક ગાલ પર તમાચો મારે, તો તેની આગળ બીજો પણ ધર; વળી જો કોઇ તારો અંગરખો લઇ લે, તો તેનાથી તારું બદન પણ પાછું ન રાખ. જે કોઇ તારી પાસે કંઇ માગે, તો તેને તે આપ; અને જે કોઇ તારો માલ લઇ જાય તેની પાસેથી તું પાછો માગીશ નહિ. અને જેમ તમે ચાહો છો કે માણસો તમારા પ્રત્યે વર્તે તેમ જ તમે પણ તેઓ પ્રત્યે વર્તો.**

**તમારા પર જેઓ પ્રેમ રાખે છે તેઓના પર જો તમે પ્રેમ રાખો, તો**

**તેમાં તમારી મહેરબાની શાની? કેમ કે પાપીઓ પણ તેમના પર પ્રેમ રાખનારા પર પ્રેમ રાખે છે. જેઓ તમારું ભલું કરે છે તેઓનું ભલું જો તમે કરો, તો તેમાં તમારી મહેરબાની શાની? કેમ કે પાપીઓ પણ એમ જ કરે છે. વળી જેઓની પાસેથી તમે પાછું લેવાની આશા રાખો છો, તેઓને જો તમે ઉછીનું આપો છો, તો તેમાં તમારી મહેરબાની શાની? કેમ કે પાછું લેવા સારુ પાપીઓ પણ પાપીઓને ઉછીનું આપે છે.**

**પણ તમે તમારા વૈરીઓ પર પ્રેમ રાખો, તેઓનું ભલું કરો, અને કચવાયા વગર ઉછીનું આપો; એથી તમને ઘણું પ્રતિફળ મળશે, અને તમે પરાત્પરના દીકરાઓ થશો; કેમ કે અનુપકારીઓ પર તથા ભૂંડાઓ પર ઈશ્વર માયાળુ છે. માટે જેવા તમારા પિતા દયાળુ છે, તેવા તમે દયાળુ થાઓ.**

**કોઈનો ઈન્સાફ ન કરો; એટલે તમારો ઈન્સાફ નહિ કરાશે; કોઈને દોષિત ન ઠરાવો, અને તમને કોઈ દોષિત નહિ ઠરાવશે; છોડો અને તમે છોડાશો; આપો અને તમને અપાશે; સારું માપ દાબેલું અને હલાવેલું તથા ઊભરાતું તમારા ખોળામાં તેઓ ઠાલવી દેશે, કેમ કે જે માપથી તમે માપી આપો છો, તેથી તમને પાછું માપી આપવામાં આવશે.''**

પવિત્ર આત્મા આપણને હમેશાં દોરવણી આપશે અને આપણાં જીવનોમાં દરરોજ ઈસુ ખ્રિસ્તના જેવા બનવા આપણને પ્રેરણા આપશે, તથા તેમણે આપેલા શિક્ષણને આધીન થવા માટે આપણને ઉત્તેજન આપશે. પવિત્ર આત્માને આધીન થાઓ, અને જ્યાં સુધી તમારા સ્વર્ગીય પિતા, ઈસુ અને પવિત્ર આત્મા સાથેનો તમારો સંબંધ ગાઢ બનશે નહિ ત્યાં સુધી તમે તમારા જીવનમાં પવિત્ર આત્માની હાજરી અને દોરવણીનો વધુ ને વધુ અનુભવ કરતા જશો.

યાદ રાખો કે પવિત્ર આત્મા ત્રિએક ઈશ્વરનો એક ભાગ છે, તે એક એવી વ્યક્તિ સ્વરૂપે છે કે તમે તેને જોઈ શક્તા નથી, પરંતુ તમે સ્પર્શી શકો કે જોઈ શકો એવી વ્યક્તિ કરતાં પણ તે વિશેષ છે. તે તમારી પર બળજબરી કરશે નહિ. તમારા જીવનમાં તેની હાજરી સંબંધી તમારે સજાગ રહેવાનું છે, અને તેને તમારી આગળ ઈસુની ઓળખ કરાવવા દો.



ઈશ્વરના એક બાળક તરીકે તમે કેવી રીતે જીવન જીવો છો, એ બાબત મહત્વની છે. ઈશ્વરના વચનમાંથી નીચે જણાવેલા શાસ્ત્રભાગો તમને અમુક બાબતો સમજાવશે અને પવિત્ર આત્માને દુઃખી નહિ કરવા અંગેની બાબત સમજવા તમને મદદરૂપ બનશે.

**તમારા મુખમાંથી કંઈ મલિન વચન નહિ, પણ જે ઉન્નતિને સારૂ આવશ્યક હોય તે જ નીકળે કે, તેથી સાંભળનારાઓનું કલ્યાણ થાય.**

**વળી ઉધ્ધારના દહાડાને સારૂ તમને મુદ્રાંકિત કરનાર ઈશ્વરના પવિત્ર આત્માને તમે ખિન્ન ન કરો. સર્વ પ્રકારની કડવાશ, ક્રોધ, કોપ, ઘોંઘાટ તથા નિંદા, તેમ જ સર્વ પ્રકારની ખુન્નસ તમારામાંથી દૂર કરો. પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ તથા કરૂણાળુ થાઓ, અને જેમ ખ્રિસ્તમાં ઈશ્વરે પણ તમને માફી બક્ષી તેમ તમે એકબીજાને ક્ષમા કરો.**

**એ માટે તમે પ્રભુનાં પ્રિય બાળકો તરીકે ઈશ્વરનું અનુકરણ કરનારાં થાઓ; અને પ્રેમમાં ચાલો, જેમ ખ્રિસ્તે તમારા પ્રત્યે પ્રેમ રાખ્યો, અને ઈશ્વરની આગળ સુવાસને અર્થે, આપણી ખાતર સ્વાર્પણ કરીને પોતાનું બલિદાન આપ્યું તેમ.**

**વ્યભિચાર તથા સર્વ પ્રકારની મલિનતા અથવા લોભ, એઓનાં નામ સરખાં તમારે લેવાં, કેમ કે સંતોને એ જ શોભે છે; નિર્લજ્જ તથા મૂર્ખતાભરેલી વાત અથવા ઠઠ્ઠામશ્કરી તમારામાં ન થાય, કેમ કે એ ઘટિત નથી; પણ એને બદલે આભારસ્તુતિ કરવી.**

**કેમ કે આ તો તમે ખાતરીપૂર્વક જાણો છો કે, કોઈપણ વ્યભિચારી અથવા દુરાચરણી અથવા દ્રવ્યલોભી, એટલે મૂર્તિપૂજક, એઓને ખ્રિસ્તના તથા ઈશ્વરના રાજ્યમાં કંઈ વારસો નથી. તમને કોઈ નિરર્થક વાતોથી ન ભુલાવે; કેમ કે એવાં કામોને લીધે ઈશ્વરનો કોપ આજ્ઞાભંગ કરનારા પર આવે છે. એ માટે તમે તેઓના સાથી ભાગીદાર ન થાઓ.**

**કેમ કે તમે પહેલાં અંધકારરૂપ હતા, પણ હવે પ્રભુમાં પ્રકાશરૂપ છો; પ્રકાશનાં સંતાનોને ઘટે તેમ ચાલો. (કેમકે પ્રકાશનું ફળ સર્વ પ્રકારની ભલાઈમાં તથા ન્યાયીપણામાં તથા સત્યમાં છે.) પ્રભુને પસંદ પડતું શું છે, તે પારખી લો; વળી અંધકારના નિષ્ફળ કામોના સોબતીઓ ન થાઓ, પણ ઊલટું તેઓને વખોડો.**

આ પ્રકરણમાં તમે એ જાણવાની શરૂઆત કરી છે કે પવિત્ર આત્મા કોણ છે, અને તેની સાથે ગાઢ સંબંધ કેવી રીતે બાંધી શકાય, અને તેને પરિણામે તમે સાચા સુખનો અનુભવ કરો. હવે પછીના પ્રકરણમાં તમારા જીવનમાં પવિત્ર આત્મા દ્વારા કરવામાં આવતા કાર્યની બીજી અન્ય બાબતો વિશે તમે શીખશો. તમે પ્રાર્થના કરો એ પહેલાં ઈસુ ખ્રિસ્તે કહેલા આ શબ્દો વાંચો :

**"હું તમને કહું છું કે, માગો, તો તમને આપવામાં આવશે; શોધો, તો તમને જડશે; ઠોકો, તો તમારે સારૂ ઉઘાડવામાં આવશે. કેમ કે જે કોઈ માગે છે તે પામે છે, જે કોઈ શોધે છે તેને જડે છે, અને જે ઠોકે છે તેને સારૂ ઉઘાડવામાં આવશે. વળી તમારામાંના કોઈ પિતાની પાસેથી જો તેનો છોકરો રોટલી માગે તો શું તે તેને પથ્થર આપશે? અથવા જો માછલી માગે તો શું માછલીને બદલે તે તેને સાપ આપશે? અથવા તે ઈંડું માગે તો શું તે તેને વીંછુ આપશે? માટે જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો, તો આકાશમાંના પિતાની પાસેથી જેઓ માગે, તેમને તે પવિત્ર આત્મા આપશે, તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે !**

પવિત્ર આત્મા સાથેના તમારા સંબંધમાં આગળ વધવા માટે નીચે જણાવેલી પ્રાર્થના તમને મદદરૂપ બનશે.

*વહાલા સ્વર્ગીય પિતાજી,*

*પવિત્ર આત્મા દ્વારા તમે મને તમારી પાસે લાવ્યા છો તે માટે તથા મને નવો જન્મ આપીને અનંતજીવનની ભેટ આપી છે, એ માટે હું તમારો આભાર માનવા માગું છું. જે કોઈ પવિત્ર આત્મા માગે તેને તે આપવાનું વચન તમે આપ્યું છે, એ માટે હું તમારો આભાર માનું છું. અને તેથી, અત્યારે જ હું પ્રાર્થના કરું છું કે પવિત્ર આત્મા મારા જીવનમાં આવે, મને દોરવણી અને માર્ગદર્શન આપે, મારા જીવનના દરેક ક્ષેત્રને ભરી દે અને પોતાના નિયંત્રણ હેઠળ રાખે કે જેથી કરીને તે મારી સમક્ષ ઈસુને પ્રગટ કરી શકે, અને તમારે માટે મારે કેવી રીતે જીવન જીવવું એ મને જણાવે.*

*તમે આપેલું વચન તમે હમેશાં પાળો છો તે માટે તમારો આભાર. વળી, પવિત્ર આત્મા અત્યારે મારા જીવનમાં રહીને ઈસુની ઓળખ વધુ નજીકથી આપી રહ્યો છે, તે માટે પણ હું તમારો આભાર માનું છું. પવિત્ર*



*આત્મા સંબંધી સજાગ રહેવા અને તે કોઈપણ પ્રકારે દુઃખી ન થાય તેની કાળજી રાખવા મારી સહાય કરો. તેથી હું મારા જીવનમાં તેની હાજરીની નોંધ લઉં છું. પવિત્ર આત્મા મને માર્ગદર્શન આપશે અને સર્વ સત્ય તરફ દોરી જશે, અને મારામાં અને મારા જીવન દ્વારા દરરોજ ઈસુને પ્રગટ કરશે, એવો મને તમારા પર ભરોસો છે.*

*હે ઈશ્વર, સત્યના આત્મા માટે, હવેથી મારા અંતઃકરણમાં ખ્રિસ્ત વસે છે તે માટે તથા એને કારણે સત્ય અને જૂઠાણા વચ્ચેનો ભેદ હું પારખી શકું છું એ માટે હું તમારો આભારી છું. હે ઈશ્વર, હું તમારો આભાર માનું છું કે હું તમારા વચન વડે હમેશાં આત્માની પારખ કરી શું છું કે તમે મને દોરો છો કે બીજો કોઈ આત્મા મને ગેરમાર્ગે દોરી રહ્યો છે. હમેશાં તમારી ઈચ્છા જાણવા અને તેને આધીન થઈને કાર્ય કરવા હું ઈચ્છું છું.*

*પવિત્ર આત્મા મારફતે તમે તમારો પ્રેમ મારા હૃદયમાં વહેવડાવી રહ્યા છો એ માટે, તથા તમારી પ્રત્યે તેમજ અન્ય લોકો પ્રત્યે પ્રેમ દર્શાવીને હું જીવન જીવી શકું છું તે માટે હે પિતાજી, હું તમારો આભાર માનું છું. હું જાણું છું કે ઈસુમાં મને સંપૂર્ણ કરવામાં આવ્યો છે, અને તેને લીધે જ હું મારી જાત કરતાં વિશેષ તમને અને અન્ય લોકોને પ્રાધાન્ય આપું છું.*

*હું મારી જાતને પવિત્ર આત્માની આધીનતામાં લાવું છું, અને મારા જીવનમાં હું આત્માનું ફળ પ્રગટ થયેલું જોવા ઈચ્છું છું, જેથી કરીને મારામાં અને મારા દ્વારા તમારો મહિમા થાય, અને મારા જીવનથી બીજાઓને આશીર્વાદ પ્રાપ્ત થઈ શકે.*

*હે પ્રભુ, મારી ઈચ્છા છે કે તમારા દ્વારા મારા જીવનનો ઉપયોગ થાય. મને તમારું ઉપયોગી પાત્ર બનાવવા માટે મારામાં જરૂરી ફેરફાર તમે કરશો અને મને સામર્થ્યથી ભરશો એવો વિશ્વાસ હું તમારા પર કરું છું. હે ઈશ્વર, હું તમને ચાહું છું, અને હું તમારો છું તેથી, હું તમારો ખૂબ જ આભાર માનું છું !*

*ઈસુના નામમાં મારી આ પ્રાર્થના છે, આમેન !*

# પ્રકરણ-સાત

# સાચું સુખ એટલે ઈશ્વરની સાથે ભાગીદારી



*સાચું સુખ એટલે ઈશ્વરની સાથે ભાગીદારી! આપણા સર્જનહારની સાથે ભાગીદારીમાં રહીને જીવન જીવવું એ આપણા જીવનના અનુભવોમાંનો સૌથી મહત્વનો અનુભવ છે. આ રીતે જ ઈશ્વરનાં બાળકો તરીકે આપણે આપણી સંપૂર્ણ સંભવિતતા અને સર્વોચ્ચ હેતુ સુધી પહોંચી શકીએ છીએ.*

*આપણે જ્યારે ઈશ્વરની સાથે ભાગીદારી કરીને જીવન જીવીએ છીએ ત્યારના એ સમયગાળાની સાથે આપણા જીવનકાળનો કોઈપણ અનુભવ સરખાવી શકાય નહિ. આપણાં જીવનો તથા આપણા સંપર્કમાં આવતા અન્ય લોકોનાં જીવનો સંબંધી ઈશ્વરની યોજનાઓ અને હેતુઓ પરિપૂર્ણ કરવાની*



*બાબતે ઈશ્વર સાથેની આપણી રોજીંદી ભાગીદારી આપણે માટે મહા આનંદ અને સાચું સુખ લાવે છે.*

*ઈશ્વર સાથેના સંબંધ અને તેમની ભાગીદારી વિનાનું જીવન જીવવાથી તમારું જીવન ખાલી અને નિરર્થક બની જાય છે, પરંતુ તમે જ્યારે ઈસુનો સ્વીકાર કર્યો અને નવો જન્મ પામ્યા ત્યારે ઈશ્વરની સાથેની તમારી ભાગીદારીની શરૂઆત થઈ. પવિત્ર આત્માના સામર્થ્ય વડે ઈશ્વરની સાથે હાથમાં હાથ મિલાવીને આધ્યાત્મિક જીવન જીવવા માટે તમે તૈયાર થયા છો.*

*શિષ્યોએ બહાર જઈને સર્વત્ર ફરીને બોધ કર્યો, અને પ્રભુએ તેમનામાં કાર્ય કર્યું અને તેમના વચનને ચમત્કારો કરીને સત્ય સાબિત કરી બતાવ્યું, અને પ્રભુ હવે તમારામાં કાર્ય કરવાની ઈચ્છા રાખે છે.*

***સાચું સુખ એટલે ઈશ્વરની સાથે ભાગીદારી...***

આ પ્રકરણની અગાઉના પ્રકરણમાં, તમારા જીવનમાં પવિત્ર આત્મા દ્વારા કરવામાં આવતા કાર્યની કેટલીક બાબતો વિશે આપણે ચર્ચા કરી હતી, અને તેમાં પણ વિશેષ કરીને એ બાબતો કે જગત, દેહ અને શેતાન પર તમારા વ્યક્તિગત વિજયમાં તમારા જીવન જીવવા સંબંધી તથા તમારા જીવનમાં પળે પળે પ્રાપ્ત થતી પવિત્ર આત્માની દોરવણી. હવે આપણે તમારા ખ્રિસ્તી જીવનના સંભવિત સૌથી મહત્વના ભાગ તરફ આગળ વધવા માગીએ છીએ.

જીવનનો હેતુ ઈશ્વર અને માણસો વચ્ચે આ રીતે વહેંચાયેલો છે : ઈશ્વર તેમના ઈરાદાઓ કે હેતુઓ આ પૃથ્વી પર પરિપૂર્ણ કરવા માટે માણસો સાથે રહીને કાર્ય કરે છે. પ્રકરણ-એક માં રજૂ કરવામાં આવેલી વાતને યાદ કરો :

"પોતાના સર્જનહારની સાથે રહીને આદમ અને હવા પૃથ્વી પર અમલ ચલાવતાં હતાં, તેથી તેઓનું જીવન અજાયબ આશીર્વાદોથી ભરેલું હતું. ઈશ્વરે એ બંને જણાને પૃથ્વી પરની સર્વ જીવંત વસ્તુઓ પર અમલ ચલાવવાનો અધિકાર આપ્યો, અને તેઓને સફળ થઈને વૃધ્ધિ પામવાનું તથા પૃથ્વીને ભરપૂર કરવાનું અને વશ કરવાનું જણાવ્યું. ઈશ્વરે એ બંને જણાને સર્વ બાબતો પર અધિકાર આપીને સર્વ પ્રાણીઓનાં નામ પાડવાનું તેઓને જણાવ્યું."

ઈશ્વરનાં બાળકો તરીકે આપણને હવે એથી પણ વિશેષ ઊંચું તેડું આપવામાં આવ્યું છે અને આપણે કેટલાક ખાસ હેતુઓ પરિપૂર્ણ કરવાના છે. આપણા વતી પોતાનો જીવન આપીને તથા તેમના અમૂલ્ય રક્ત વડે કિંમત ચૂકવીને ઈસુએ આપણને પાછા ખરીદી લીધા છે અને આપણો ઉધ્ધાર કર્યો છે, તેથી આપણી જાત પર હવે આપણો પોતાનો કોઈ હક્ક રહેતો નથી, પરંતુ બીજાંઓને ઈસુ ખ્રિસ્તની ઓળખ પમાડવા માટે મદદરૂપ થવાના ઉચ્ચ અને પવિત્ર હેતુસર આપણને અલગ કરવામાં આવ્યા છે.

ઈસુ જ્યારે આ પૃથ્વી પર હતા ત્યારે તેમના દ્વારા ઈશ્વર તેમનું પોતાનું જીવન જે રીતે જીવ્યા હતા, એ જ રીતે આપણા દ્વારા પણ ઈશ્વરને તેમનું જીવન જીવવા દઈને આપણે એ બાબત કરી શકીએ છીએ. માનવજાત સમક્ષ ઈશ્વરની ઓળખ આપવાનું આધ્યાત્મિક કાર્ય કેવળ પવિત્ર આત્મા દ્વારા થઈ શકે છે. જે પવિત્ર આત્માએ ઈસુ ખ્રિસ્ત મારફતે કાર્ય કર્યું હતું, એ જ પવિત્ર આત્મા દરેક જગ્યાના લોકોની સમક્ષ આપણી મારફતે ઈશ્વરને પ્રગટ કરવાની ઈચ્છા રાખે છે.

ઈસુ જ્યારે સ્વર્ગમાં તેમના પિતાની પાસે પાછા ગયા ત્યારે તેમણે તેમના શિષ્યોને આજ્ઞા આપી હતી કે જગતમાં જઈને સર્વ દેશના લોકોની સમક્ષ તેમના વિષેનો શુભસંદેશ પ્રગટ કરો કે જેથી કરીને એ લોકો પણ વિશ્વાસ કરીને તેમનો સ્વીકાર કરે અને આપણી જેમ તારણ પામે. એ આજ્ઞા આજે આપણને પણ આપવામાં આવી છે.

બાઈબલ જણાવે છે કે, **"જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે. પણ જેમના ઉપર તેઓએ વિશ્વાસ કર્યો નથી, તેમને તેઓ કેમ વિનંતી કરશે? વળી જેમના વિષે તેઓએ સાંભળ્યું નથી, તેમના ઉપર તેઓ કેમ વિશ્વાસ કરશે? વળી ઉપદેશક વગર તેઓ કેમ સાંભળશે?"**

બીજાંઓને ઈસુની ઓળખ આપવા માટે તમે ઈશ્વરની યોજનાના એક મહત્વપૂર્ણ સાધન છો. તમારી આસપાસના લોકો સમક્ષ ઈસુ વિષેનો શુભસંદેશ પ્રગટ કરવા માટે ઈશ્વર તમારી સાથે ભાગીદારી કરવા ઈચ્છે છે, અને એ કાર્ય તમારી સાથેની ભાગીદારી દ્વારા થઈ શકે છે. હવે તમે જ્યારે તારણ પામી ચૂક્યા છો, અને ઈસુને ઓળખો છો ત્યારે તમારા જીવનનો હેતુ



બીજાઓની સમક્ષ ઈસુ વિષેની વાત કરીને તેઓને ઈસુ ખ્રિસ્તની ઓળખ પમાડવાનો હોવો જોઈએ.

આ બધા આશીર્વાદો પ્રાપ્ત કર્યા પછી પણ જો તમે તમારા સંપર્કમાં આવનાર લોકોને એ આશીર્વાદમાં ભાગીદાર ન બનાવો તો એ બાબત યોગ્ય નથી. ઈસુ ખ્રિસ્ત દરેક વ્યક્તિનાં પાપોને સારૂ મરણ પામ્યા હતા. તેથી આ શુભસંદેશ એકેએક વ્યક્તિએ જાણવો જ જોઈએ. ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવાની જે તક તમને પ્રાપ્ત થઈ હતી, એ તક પ્રાપ્ત કરાવ્યા વિના તમે કોઈ પણ વ્યક્તિને પાપમાં મરવા દઈ શકતા નથી અને સદાકાળ માટે નરકમાં જવા દઈ શકતા નથી.

પ્રેમ પ્રગટ કરતું સૌથી મોટું કાર્ય જો કોઈ માણસ અન્ય માણસ માટે કરી શકતો હોય તો, એ કાર્ય એ છે કે તે તેઓને ઈસુ ખ્રિસ્ત વિષેનો શુભસંદેશ જણાવે, જેથી કરીને તેઓ પણ વિશ્વાસ કરીને તારણ પામે. પરંતુ તેઓનાં સર્વ પાપોને સારૂ કિંમત ચૂકવવા ઈસુ તેઓના વતી મરણ પામ્યા હતા, અને તેઓના સર્જનહાર ઈશ્વરની પાસે પાછા જવાનો એકમાત્ર માર્ગ ઈસુ જ છે, આ શુભસંદેશ જો તેઓએ સાંભળ્યો જ ન હોય તો તેઓ કેમ કરીને ઈસુને નામે વિનંતી કરશે.

અત્યારે તમને સ્વર્ગમાં ન લઈ જઈને પૃથ્વી પર જ રાખવા પાછળનું મુખ્ય કારણ એ છે કે તમે બીજાઓને ઈસુ વિષે જણાવી શકો. તમને સુવાર્તા આપવા માટે ઈશ્વરે જેમ કોઈકનો ઉપયોગ કર્યો હતો, એ જ રીતે ઈશ્વર તમારી મારફતે બીજાઓ સુધી સુવાર્તા પહોંચાડવાની ઈચ્છા રાખે છે.

આપણે ઈશ્વરના વચનમાંથી નીચે જણાવેલા શાસ્ત્રભાગનો અભ્યાસ કરીએ, એ શાસ્ત્રભાગમાં તમારી મારફતે બીજાઓ સમક્ષ ઈશ્વરની ઈચ્છા પ્રગટ કરવા સંબંધી ઘણું બધું લખવામાં આવ્યું છે :

**માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે; જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે. પણ સર્વ ઈશ્વર તરફથી છે, જેમણે ખ્રિસ્તની મારફતે આપણું સમાધાન પોતાની સાથે કરાવ્યું, અને સમાધાન પ્રગટ કરવાની સેવા અમને સોંપી; એટલે, ઈશ્વર ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું**

**સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતા નથી, અને તેમણે અમને સમાધાનનો સંદેશો સોંપેલો છે.**

**એ માટે અમે ખ્રિસ્તના એલચી છીએ, જાણે કે ઈશ્વર અમારી મારફતે વિનંતી કરતા હોય તેમ; અને ખ્રિસ્ત તરફથી તમારી આજીજી કરીએ છીએ કે, ઈશ્વરની સાથે સમાધાન કરો. આપણે તેમનામાં ઈશ્વરના ન્યાયીપણારૂપ થઈએ, માટે જેમણે પાપ જાણ્યું નહોતું તેમને તેમણે આપણે વાસ્તે પાપરૂપ કર્યા.**

આ શાસ્ત્રભાગની શરૂઆતમાં આપણને યાદ દેવડાવવામાં આવ્યું છે કે તમે ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ છો. તમારું જૂનું જીવન જતું રહ્યું છે. તમને હવે સંપૂર્ણપણે નવું જીવન પ્રાપ્ત થયું છે. અને એ જીવન તમને ઈશ્વર તરફથી મળ્યું છે. ઈશ્વરે પોતાની સાથે તમારું સમાધાન કરાવ્યું છે. ઈશ્વરે તમને કેવળ તેમની પાસે બોલાવ્યા જ નથી, પરંતુ તેમણે તમારું જીવન બદલી નાખ્યું છે, જેથી કરીને તમે તેમની સંગતમાં રહીને તેમની સાથે ભાગીદારીમાં રહીને જીવન જીવી શકો.

ઈશ્વરે તમારું તેમની સાથે કેવળ સમાધાન જ નથી કરાવ્યું, પરંતુ એ સમાધાન કર્યા પછી બીજાઓ સાથે પણ તેમનું સમાધાન કરાવવા તેમણે તમને એક જવાબદારી સોંપી છે. આ એક એવી સેવા છે કે જે તમે ઈસુ ખ્રિસ્ત વતી અને તેમના મહિમાને સારૂ બીજાઓના હિત માટે કરી શકો છો.

હવે તમે ખ્રિસ્તના એક એલચી અને ઈશ્વરના એક પ્રતિનિધિ છો. આ એક અદ્‌ભૂત લહાવો અને ઈશ્વર તરફથી તમારી પર વરસાવવામાં આવેલ અધિકાર છે. તમે જ્યાં કહીં પણ જાઓ છો ત્યાંના ખોવાયેલા અને મરણ પામી રહેલા જીવો માટે તમે આશા, શાંતિ અને જીવનના એક દૂત છો. ખ્રિસ્તના એક એલચી તરીકે સમાધાનનું કાર્ય પરિપૂર્ણ કરવા માટે જરૂરી તમામ બાબતો તમને આપવામાં આવી છે. બીજાંઓને ખ્રિસ્તની ઓળખ આધ્યાત્મિક રીતે આપવા માટે ઈશ્વર તમારી મારફતે કાર્ય કરશે, એવી આશા સાથે તમે ઈસુના નામમાં જઈ શકો છો. ઈશ્વરે તેમનો અધિકાર હવે તમને આપ્યો છે.

ઈશ્વરે તમને કેવળ સમાધાન કરાવવાની જ સેવા સોંપી નથી, પરંતુ તેમણે સમાધાન કરાવવા માટેનો સંદેશ પણ તમને આપ્યો છે : **"એટલે, ઈશ્વર ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતા નથી."** આ સંદેશ તમારે બીજાઓને કહેવાનો છે, જેથી કરીને તેઓ પણ ઈશ્વરની ભલાઈ અને તેમની ભેટ તેમના પુત્ર ઈસુ વિષે સાંભળે. અને આ વાત ત્યારે જ શક્ય બને કે તેઓ આ શુભસંદેશ સાંભળે - એ શુભસંદેશ એ છે કે તેઓ હવે તેઓના સર્જનહાર પાસે પાછા આવી શકે છે.



મોટાભાગના લોકોને તેઓનાં પાપોની ખબર હોય છે, અને એ કારણે જ તેઓ ઈશ્વરથી દૂર ભાગતા ફરે છે. તેઓએ હજી સુધી સાંભળ્યું નથી કે ઈશ્વર ઈસુ ખ્રિસ્તની મારફતે પોતાની સાથે તેઓનું સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતા નથી. લોકો જો આ અદ્‌ભૂત સમાચાર સાંભળશે તો ઈશ્વરની પાસે પાછા આવવાની તથા ઈશ્વરના બાળક તરીકે તેઓનું અધિકૃત સ્થાન લેવાની તેઓને ઈચ્છા થશે.

પરંતુ તેઓએ આ સમાચાર સાંભળવા જરૂરી છે, અને એ સમાચાર તેઓની આગળ પ્રગટ કરવા માટે ઈશ્વરે તમને પસંદ કર્યા છે - એ સંદેશ કે સમાચારમાં ઈસુ વિષેની સુવાર્તા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ઈસુ તેઓના વતી વધસ્તંભ પર મરણ પામ્યા અને તેમણે તેઓની શિક્ષા સહન કરી, જેથી કરીને તેઓને સહન કરવાનો વારો ન આવે. તેઓનાં પાપોની કિંમત ચૂકવવા સારૂ તથા પાપની ગુલામીના બજારમાંથી તેઓને ફરી પાછા ખરીદી લેવા માટે ઈસુએ વહેવડાવેલા તેમના અમૂલ્ય રક્ત વિષે તેઓએ તમારી પાસેથી સાંભળવું જ પડશે. જેમના વિષે તેઓએ સાંભળ્યું જ નથી, તો તેઓ તેમની પર વિશ્વાસ કરી શકે નહિ.

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જ જોઈએ કે, **"ઈશ્વર ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતા નથી."**

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જરૂરી છે કે, **"આપણે તેમનામાં ઈશ્વરના ન્યાયીપણારૂપ થઈએ, માટે જેમણે પાપ જાણ્યું ન હતું તેમને ઈશ્વરે આપણે વાસ્તે પાપરૂપ કર્યા."**

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જ જોઈએ કે, **"કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો**

**આપ્યો, એ સારૂ કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. કેમ કે જગતનો ન્યાય કરવા સારૂ નહિ, પણ તેમનાથી જગતનું તારણ થાય, એ માટે ઈશ્વરે પોતાના દીકરાને જગતમાં મોકલ્યો છે.''**

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જ જોઈએ કે, **''કેમ કે પાપનો મુસારો મરણ છે, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે.''**

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જ જોઈએ કે, **''કેમ કે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો; અને એ તમારાથી નથી, એ તો ઈશ્વરનું દાન છે - કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે.''**

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જ જોઈએ કે, **''જેને ઈશ્વરનો પુત્ર છે તેને જીવન છે; જેને ઈશ્વરનો પુત્ર નથી, તેને જીવન નથી.''**

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જ જોઈએ કે, **''જો તું તારે મોઢે 'ઈસુને પ્રભુ' તરીકે કબૂલ કરીશ, અને ઈશ્વરે તેમને મૂએલાંમાંથી પાછા ઊઠાડ્યા, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ.''**

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જ જોઈએ કે, **''જે કોઈ યહોવાને નામે વિંનતી કરશે, તે તારણ પામશે.''**

તેઓએ આ વાત તમારી પાસેથી સાંભળવી જ જોઈએ કે, **''પણ જેટલાંએ તેમનો (ઈસુનો) અંગીકાર કર્યો, એટલે જેટલાં તેમના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેમણે ઈશ્વરનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો, તેઓ લોહીથી નહિ કે, દેહની ઈચ્છાથી નહિ કે, માણસની ઈચ્છાથી નહિ, પણ ઈશ્વરથી જન્મ પામ્યાં.''**

યાદ રાખો, **''સંદેશો સાંભળવાથી વિશ્વાસ થાય છે, અને ઈશ્વરના વચન દ્વારા સંદેશો સાંભળવામાં આવે છે.''** તેથી, તમારા સંપર્કમાં આવનાર લોકો સમક્ષ ઈશ્વરના વચનમાંનું સત્ય તમારે રોજેરોજ પ્રગટ કરવું જ જોઈએ. ઈસુ કોણ છે અને તેઓના માટે ઈસુએ શું કર્યું છે, એ વિષે તેઓ જ્યારે સાંભળશે ત્યારે તેઓ ઈશ્વર તરફ દોડી આવશે અને તેઓનાં પાપ અને



શેતાનના કપટને લીધે આમતેમ દોડાદોડ કરવાને બદલે તથા ઈશ્વરથી પોતાની જાતને છુપાવવાને બદલે તેઓ ઈશ્વર પાસે દોડી આવશે.

ઈશ્વર વ્યક્તિઓનું માન જાળવે છે. તેમણે જે કાંઈ તમારે માટે કર્યું છે, એ જ બાબત તે તમારા દ્વારા બીજાઓ માટે કરવા ઈચ્છે છે. તમારું તારણ કર્યા પછી તમને આ પૃથ્વી પર રાખવા પાછળનું મુખ્ય કારણ એ છે કે તમે ઈશ્વરની સાથે રહીને તમારા સંપર્કમાં આવનાર અન્ય લોકોની સમક્ષ ઈસુ વિષેની સુવાર્તા જણાવી શકો. **''તમે મફત પામ્યા, તેથી તમે પણ બીજાઓને મફત આપો.''**

એમ લખેલું છે કે, **''આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના ઈશ્વર તથા પિતા, જે કરૂણાના પિતા તથા સર્વ દિલાસાના ઈશ્વર છે, તેમની સ્તુતિ થાઓ; તે અમારી સર્વ વિપત્તિઓમાં અમને દિલાસો આપે છે, જેથી અમને પોતાને ઈશ્વર તરફથી જે દિલાસો મળે છે, તે વડે જેઓ ગમે તેવી વિપત્તિમાં હોય તેઓને અમે દિલાસો આપવાને શક્તિમાન થઈએ.''**

જે કૃપા, દયા, શાંતિ અને માફી ઈશ્વર તરફથી તમને પ્રાપ્ત થયેલ છે, એ સર્વ તમારે હવે બીજાંઓને આપવાનાં છે. તમારા જીવન સંબંધી ઈશ્વરની ઈચ્છા અને હેતુ આ જ છે; ઈશ્વરે જે કાંઈ તમને આપ્યું છે, એ સર્વ તમે બીજાંઓને આપો. બીજાંઓને સુખ આપવાની બાબતમાં તમે જ્યારે એક માધ્યમ કે સાધન બનો છો ત્યારે તમે તમારા જીવનમાં સાચા સુખનો અનુભવ કરશો.

સૃષ્ટિનું સર્જન કરવામાં આવ્યું ત્યારે **''ઈશ્વરે તેઓને આશીર્વાદ આપીને કહ્યું, 'સફળ થાઓ અને વધો'''** વળી ઈસુ ખ્રિસ્તે પણ કહ્યું કે, **''તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, અને તમને નીમ્યા છે કે, તમે જઈને ફળ આપો; અને તમારાં ફળ કાયમ રહે; જેથી તમે મારે નામે જે કંઈ પિતાની પાસે માગો તે તમને તે આપશે.''**

ઈશ્વર હમેશાં એવું ઈચ્છે છે કે તેમનાં બાળકો તેમના તરફથી આશીર્વાદ પ્રાપ્ત કરે અને તેઓ એ આશીર્વાદોમાં બીજાંઓને ભાગીદાર બનાવે. ઈશ્વર તમારા દ્વારા તેમનું પોતાનું જીવન જીવવા માગે છે; વળી, ઈસુ મારફતે જે કાર્યો તેમણે કર્યા છે, એ કાર્યો તે તમારી મારફતે કરાવવાની ઈચ્છા

રાખે છે. જે શુભસંદેશ પર તમે વિશ્વાસ કરો છો એ શુભસંદેશ જો તમે બીજાંઓની આગળ પ્રગટ કરશો, તો તેઓ પણ એ શુભસંદેશ પર વિશ્વાસ કરશે, અને તેઓના પ્રભુ તથા તારનાર તરીકે તેઓ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરશે.

ઈસુએ કહ્યું છે, **"હું તમને ખચીત ખચીત કહું છું કે, હું જે કાર્યો કરું છું તે જ મારા પર વિશ્વાસ રાખનાર પણ કરશે, અને એના કરતાં પણ મોટાં કામ કરશે, કેમ કે હું પિતાની પાસે જાઉં છું. અને જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ, જેથી પિતા દીકરામાં મહિમાવાન થાય. જો તમે મારે નામે કંઈ મારી પાસે માગશો, તો તે હું કરીશ."**

**ઈસુએ એ પણ કહ્યું છે કે, "તમે મારામાં રહો, અને હું તમારામાં રહીશ. જેમ ડાળી વેલામાં રહ્યા વિના પોતાની મેળે ફળ આપી નથી શકતી , તેમ તમે પણ મારામાં રહ્યા વિના ફળ આપી શકતા નથી. હું તો દ્રાક્ષાવેલો છું, અને તમે ડાળીઓ છો; જે મારામાં રહે છે, અને હું તેનામાં, તે જ ઘણાં ફળ આપે છે; કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી."**

જો આપણે ખ્રિસ્તમાં રહીએ અને આપણને સામર્થ્ય આપવા તથા આપણા દ્વારા ઈસુ ખ્રિસ્તનાં જેવું જીવન જીવવા માટે પવિત્ર આત્મા પર આપણે વિશ્વાસ રાખીશું, તો એ માટે જરૂરી એવું સામર્થ્ય, પ્રેમ અને હિંમત પવિત્ર આત્મા તરફથી આપણી તરફ આવશે. જે કાર્યો ઈસુએ કર્યાં છે એ કાર્યો આપણે આપણી પોતાની શક્તિ કે સામર્થ્યથી કરી શકતા નથી. **ઈસુ વિના આપણે કશું જ કરી શકતા નથી.** આપણે તેમનામાં રહીએ, એ જરૂરી છે.

ઈસુએ તેમના શિષ્યોને જે છેલ્લી આજ્ઞાઓ આપી હતી, એમાંની એક આજ્ઞા આ હતી :

**ઈસુએ તેઓને કહ્યું, "આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો. જે કોઈ વિશ્વાસ કરે તથા બાપ્તિસ્મા લે, તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે.**

**વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે : મારે નામે તેઓ ભૂતો કાઢશે, નવી બોલીઓ બોલશે; સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કંઈ**



**પ્રાણઘાતક વસ્તુ પીએ, તો તેઓને કંઈ ઈજા થશે નહિ; તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે."**

**પ્રભુ ઈસુ તેઓની સાથે બોલી રહ્યા પછી આકાશમાં લઈ લેવાયા, અને ઈશ્વરને જમણે હાથે બેઠા. તેઓએ ત્યાંથી જઈને બધે ઠેકાણે સુવાર્તા પ્રગટ કરી; પ્રભુ તેઓના કામમાં સહાય કરતા, અને તેઓને હાથે થયેલા ચમત્કારોથી સુવાર્તાની સત્યતા સાબિત કરતા.**

ઈસુએ તેમના શિષ્યોને સર્વત્ર જઈને એકેએક વ્યક્તિને સુવાર્તા આપવાની આજ્ઞા આપી, વળી સુવાર્તા પ્રગટ કરાયા પછી ઈસુએ સ્વર્ગમાં રહીને જ ચમત્કારો વડે કાર્ય કરીને સુવાર્તાની સત્યતા કેવી રીતે સાબિત કરી એ બધી વાતો વાંચતી વખતે આપણે રોમાંચ અનુભવીએ છીએ. આ બધામાં પવિત્ર આત્માની ભૂમિકા તથા ખ્રિસ્તના એલચીઓ તરીકેની આપણી સફળતા માટે પવિત્ર આત્મા કેટલો જરૂરી છે, એ વાત સમજવા માટે નીચેના શાસ્ત્રભાગો આપણને મદદરૂપ બને છે.

**"યરૂશાલેમથી જતા ના, પણ પિતાનું જે વચન તમે મારા મુખથી સાંભળ્યું છે તેની વાટ જોતા રહેજો; કેમ કે યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું; પણ થોડા દિવસ પછી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો.", "પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો; અને યરૂશાલેમમાં, આખા યહુદિયામાં, સમરૂનમાં, તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો." એ વાતો કહી રહ્યા પછી તેઓના દેખતા તેમને ઉપર લઈ જવામાં આવ્યા; અને વાદળાએ તેઓની દૃષ્ટિથી તેમને ઢાંકી દીધા."**

ઈસુ ખ્રિસ્તના પ્રથમ શિષ્યોએ ઈસુ ખ્રિસ્તે તેઓને જે કરવા માટે જણાવ્યું હતું તે પ્રમાણે જ કાર્ય કર્યું. તેઓએ યરૂશાલેમમાં રોકાઈને રાહ જોઈ અને પ્રાર્થના કરી, અને ઈશ્વરે પોતે આપેલા વચન મુજબ જ કાર્ય કર્યું. આ બાબત કેવી રીતે બની, તેની નોંધ ઈશ્વરના વચનમાં આ રીતે કરવામાં આવી છે :

**"પચાસમાનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક સ્થળે એકઠા થયા હતા. ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જ્યાં બેઠા હતા, તે આખું ઘર ગાજી રહ્યું. અગ્નિના જેવી**

છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી, અને તેઓમાંના દરેક ઉપર એક એક બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા.

હવે આકાશ તળેના દરેક દેશમાંથી ધાર્મિક યહૂદીઓ યરૂશાલેમમાં રહેતા હતા. તે અવાજ સાંભળવામાં આવ્યો ત્યારે ઘણા લોકો ભેગા થયા, અને નવાઈ પામ્યા. કેમ કે તેઓમાંના દરેકે પોતપોતાની ભાષામાં તેઓને બોલતાં સાંભળ્યા.

તેઓ સર્વ વિસ્મિત થયા, અને આશ્ચર્ય પામીને એકબીજાને કહેવા લાગ્યા કે, જુઓ, શું આ સઘળા બોલનારા ગાલીલના નથી ? તો આપણે આપણી માતૃભાષામાં તેઓને બોલતાં કેમ સાંભળીએ છીએ ? પાર્થીઓ, માદીઓ, એલામીઓ, મેસોપોતામિયાના, યહૂદિયાના, કપ્પદોકિયાના, પોન્તસના, આશિયાના, ફ્રુગિયાના, પામ્ફુલિયાના, મિસરના તથા કુરેની પાસેના લિબિયાના પ્રાંતોમાંના રહેવાસીઓ તથા રોમન પ્રવાસીઓ પોતપોતાની ભાષાઓમાં ઈશ્વરનાં મોટાં કામો વિષે તેઓને બોલતાં સાંભળીએ છીએ!''

પવિત્ર આત્માના સામર્થ્યથી ભરપૂર સામાન્ય માણસો દ્વારા ઈસુ વિષેનો શુભસંદેશ આખા જગતના લોકો સમક્ષ પ્રગટ કરવામાં આવ્યો. સુવાર્તા પ્રગટ કરીને તેઓ ઈસુ વિષેના સાક્ષીઓ બન્યા, એ પછીથી શું બન્યું તેની નોંધ ઈશ્વરના વચનમાં આ પ્રમાણે કરવામાં આવી છે :

''હે ઈસ્રાએલી માણસો, તમે આ વાતો સાંભળો : ઈસુ નાઝારી, જેમની મારફતે ઈશ્વરે તમારામાં જે પરાક્રમો તથા આશ્ચર્યો તથા ચમત્કારો કરાવ્યા, જે વિષે તમે પોતે પણ જાણો છો, તેઓ વડે તે માણસ ઈશ્વરને પસંદ પડેલા છે, એવું તમારી આગળ સાબિત થયું છતાં, ઈશ્વરના સંકલ્પ તથા પૂર્વજ્ઞાન પ્રમાણે તેમને પરસ્વાધીન કરવામાં આવ્યા, તેમને તમે પકડીને દુષ્ટોની હસ્તક વધસ્તંભે જડાવીને મારી નાખ્યા; તેમને ઈશ્વરે મરણની વેદનાથી છોડાવીને ઉઠાડ્યા; કેમ કે મરણથી તે બંધાઈ રહે એ અશકય હતું.''

''એ ઈસુને ઈશ્વરે ઉઠાડ્યા છે, અને તે વિષે અમે સર્વ સાક્ષી છીએ. માટે ઈશ્વરને જમણે હાથે તેમને ઉપર લઈ લેવામાં આવ્યા, અને પિતા પાસેથી પવિત્ર આત્માનું વચન પામીને, આ જે તમે જુઓ છો તથા સાંભળો છો, તે



તેમણે રેડ્યું છે.'', ''એ માટે ઈસ્રાએલના તમામ લોકોએ નિશ્ચે જાણવું કે, જે ઈસુને તમે વધસ્તંભ પર મારી નાખ્યા, તેમને ઈશ્વરે પ્રભુ તથા ખ્રિસ્ત બનાવ્યા છે.''

હવે આ સાંભળીને તેઓનાં મન વીંધાઈ ગયાં, અને તેઓએ પિતરને તથા બીજા પ્રેરિતોને કહ્યું કે, ''ભાઈઓ, અમે શું કરીએ?'' ત્યારે પિતરે તેઓને કહ્યું કે, ''પસ્તાવો કરો, અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય; અને તમને પવિત્ર આત્માનું દાન મળશે. કેમ કે તે વચન તમારે સારુ, તમારાં છોકરાંને સારુ તથા જેઓ દૂર છે તેઓને સારુ, એટલે આપણા ઈશ્વર પ્રભુ જેટલાંને પોતાની પાસે બોલાવશે તેઓ સર્વને સારુ છે.''

તેણે બીજી ઘણી વાતો કહીને સાક્ષી આપી તથા બોધ કર્યો કે, ''તમે આ જમાનાના આડા લોકથી બચી જાઓ.'' ત્યારે જેઓએ તેની વાત સ્વીકારી તેઓ બાપ્તિસ્મા પામ્યાં, અને તે જ દિવસે ત્રણેક હજાર માણસ ઉમેરાયાં.

તેઓ પ્રેરિતોના બોધમાં, સંગતમાં, રોટલી ભાંગવામાં તથા પ્રાર્થનામાં દઢતાથી લાગુ રહ્યાં. બધાં ભયભીત હતાં, અને પ્રેરિતોથી ઘણાં અદ્‌ભૂત કૃત્યો, તથા ચમત્કારો થયાં. સર્વ વિશ્વાસ કરનારાઓ ભેગા રહેતા હતા, અને તેઓની બધી મિલ્કત સામાન્ય હતી. તેઓ પોતાની મિલ્કત તથા સરસામાન વેચી નાખતા, અને દરેકની અગત્ય પ્રમાણે સર્વને વહેંચી આપતા. તેઓ નિત્ય મંદિરમાં એકચિત્તે હાજર રહેતા, અને ઘેરઘેર રોટલી ભાંગીને ઉમંગથી તથા નિખાલસ મનથી ભોજન કરતા હતા, અને તેઓ ઈશ્વરની સ્તુતિ કરતા હતા, અને સર્વ લોકો તેમના પર પ્રસન્ન હતા.

ખ્રિસ્તી ધર્મની શરૂઆતની બાઈબલ આધારિત નોંધ આપણે અહીં વાંચીએ છીએ. હજારોની સંખ્યામાં લોકો ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીને બાપ્તિસ્મા પામતા હતા અને મંડળીમાં ઉમેરાતા હતા. (આ પુસ્તકના પરિશિષ્ટ વિભાગમાં બાપ્તિસ્મા અને મંડળી સંબંધી વધારે માહિતી તમે વાંચી શકશો) લોકોનાં જીવનો સદાકાળ માટે બદલાણ પામતાં હતાં. ઈસુના નામે ચિહ્નો, અદ્‌ભૂત કૃત્યો અને ચમત્કારો થતાં હતાં, અને દરેક જણ દહેશતમાં રહેતું હતું. ઈસુ જ્યારે આ પૃથ્વી પર હતા ત્યારે પવિત્ર આત્મા તેમની મારફતે જે

કાર્ય કરતો હતો, એવાં જ કાર્યો તે અત્યારે વિશ્વાસીઓ મારફતે કરી રહ્યો છે, અને એ કાર્ય ચાલુ જ છે.

પ્રાર્થનાની વેળાએ, બપોરે ત્રણ વાગે, પિતર તથા યોહાન મંદિરમાં જતા હતા. એક જન્મથી લંગડા માણસને લોક ઊંચકીને લઈ જતા હતા, અને તેને મંદિરમાં જનારાની પાસે ભીખ માગવા સારૂ મંદિરના સુંદર નામના દરવાજા આગળ નિત્ય બેસાડતા હતા. તેણે પિતરને તથા યોહાનને મંદિરમાં જતા જોઈને ભીખ માગી, ત્યારે પિતરે તથા યોહાને તેની સામું એકી નજરે જોઈને કહ્યું કે, "અમારી તરફ જો." તેઓની પાસેથી કંઈ મળશે એવી આશાથી તેણે તેઓ પર ધ્યાન આપ્યું. પણ પિતરે કહ્યું કે, "સોનુંરૂપું તો મારી પાસે નથી; પણ મારી પાસે જે છે તે હું તને આપું છું. ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા."

તેણે તેનો જમણો હાથ પકડીને તેને ઉઠાડ્યો; એટલે તરત જ તેના પગમાં તથા ઘૂંટીઓમાં જોર આવ્યું. તે કૂદીને ઊભો થયો, અને ચાલવા લાગ્યો, ચાલતો ને કૂદતો, તથા ઈશ્વરની સ્તુતિ કરતો તે તેઓની સાથે મંદિરમાં ગયો. સર્વ લોકોએ તેને ચાલતો તથા ઈશ્વરની સ્તુતિ કરતો જોયો; અને તેઓએ તેને ઓળખ્યો કે મંદિરના સુંદર નામના દરવાજા આગળ જે ભીખ માગવાને બેસતો હતો તે એ જ છે; અને તેને જે થયું હતું તેથી તેઓ બહુ આશ્ચર્ય પામ્યા. તે માણસ પિતર તથા યોહાનને પકડી રહ્યો હતો, એટલામાં બધા લોક બહુ વિસ્મય પામીને સુલેમાનની કહેવાતી પરસાળમાં તેઓની પાસે દોડી આવ્યા.

તે જોઈને પિતરે લોકોને ઉત્તર આપ્યો કે, ઈસ્રાએલી માણસો, આને જોઈને તમે કેમ આશ્ચર્ય પામો છો? અને અમે જાણે કે અમારા પોતાના સામર્થ્યથી અથવા ધાર્મિકપણાથી તેને ચાલતો કર્યો હોય તેમ શા માટે અમને ધારીધારીને જોઈ રહ્યા છો? ઈશ્વરે તેમના સેવક ઈસુને મહિમાવાન કર્યા છે, જેમને તમે પકડાવ્યા, અને પિલાતે તેમને છોડી દેવાનું ઠરાવ્યું હતું ત્યારે તમે તેની આગળ તેમનો નકાર કર્યો. પણ તમે તે પવિત્ર તથા ન્યાયીનો નકાર કર્યો, અને આપણે સારૂ એક ખૂનીને છોડી દેવામાં આવે એવું માગીને તમે જીવનના અધિકારીને મારી નાખ્યા; તેમને ઈશ્વરે મૂએલામાંથી ઉઠાડ્યા છે અને અમે તેના સાક્ષી છીએ.



ઈસુના નામ પરના વિશ્વાસથી આ માણસ જેને તમે જુઓ છો અને ઓળખો છો, તેને ઈસુના નામે શક્તિમાન કર્યો; હા, તેમના પરના વિશ્વાસે તમો સર્વની આગળ તેને સંપૂર્ણ સાજાપણું આપ્યું છે. "હવે ભાઈઓ, તમે તેમ જ તમારા અધિકારીઓએ પણ અજ્ઞાનપણાથી તે કામ કર્યું એ હું જાણું છું. પણ ઈશ્વરે બધા પ્રબોધકોનાં મુખ દ્વારા આગળથી જે કહ્યું હતું કે, તેમનો ખ્રિસ્ત દુઃખ સહેશે, તે એ રીતે તેમણે પૂર્ણ કર્યું. માટે તમે પસ્તાવો કરો, અને ફરો, જેથી તમારાં પાપ ભૂંસી નાખવામાં આવે; અને એમ પ્રભુની હજૂરમાંથી તાજગીના સમયો આવે; અને ખ્રિસ્ત, જેમને તમારે સારૂ ઠરાવવામાં આવ્યા છે, તેમને, એટલે ઈસુને, તે મોકલે."

એ પછી એ સમયના ધાર્મિક આગેવાનો દ્વારા પિતર અને યોહાનની ધરપકડ કરવામાં આવી. **તો પણ જેઓએ વાત સાંભળી હતી તેઓમાંના ઘણાએ વિશ્વાસ કર્યો, અને વિશ્વાસ કરનારાઓની સંખ્યા આશરે પાંચ હજારની થઈ.** સતાવણી અને વિરોધ છતાં વિશ્વાસ કરનારાઓની સંખ્યા સતત વધતી રહી.

બીજા દિવસે અધિકારીઓ સમક્ષ પિતર અને યોહાનને લાવવામાં આવ્યા અને તેઓ પિતર અને યોહાનને પ્રશ્નો પૂછવા લાગ્યા : "તમે કયા પરાક્રમથી કે કયા નામથી આ કાર્ય કર્યું છે?" ત્યારે પિતરે પવિત્ર આત્માથી ભરપૂર થઈને તેઓને ઉત્તર આપ્યો, "હે લોકોના અધિકારીઓ અને વડીલો, જે સારું કામ એક લંગડા માણસના હકમાં થયું છે કે, તે શાથી સાજો થયો છે, તે વિષે જો આજ અમારી તપાસ થાય છે, તો તમો સર્વને તથા સર્વ ઈસ્રાએલી લોકોને માલૂમ થાય કે, ઈસુ ખ્રિસ્ત નાઝારી, જેમને તમે વધસ્તંભ પર મારી નાખ્યા, અને જેમને ઈશ્વરે મૂએલાંમાંથી ઉઠાડ્યા, તેમના નામથી આ માણસ સાજો થઈને અહીં તમારી આગળ ઊભો રહ્યો છે.

બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી." ત્યારે પિતર તથા યોહાનની હિંમત જોઈને તથા તેઓ અભણ તથા અજ્ઞાન માણસો છે, એ ધ્યાનમાં લઈને તેઓ આશ્ચર્ય પામ્યા; અને તેઓને ઓળખ્યા કે આ માણસો ઈસુની સાથે હતા. તે સાજા થયેલા માણસને તેઓની સાથે ઊભો રહેલો જોઈને તેઓથી કંઈ વિરૂધ્ધ બોલી શકાયું નહિ.

બોધ કરતી વખતે તેઓએ હવેથી ઈસુનું નામ ન લેવું એવો હુકમ કરીને અધિકારીઓએ છેવટે તેઓને છોડી દીધા, પરંતુ પિતર અને યોહાન બીજા વિશ્વાસીઓ પાસે પાછા ગયા અને તેઓની સાથે પ્રાર્થનામાં જોડાયા.

**"હવે, હે પ્રભુ, તમે તેઓની ધમકીઓ ધ્યાનમાં લો, અને તમારા સેવકોને તમારી વાત પૂરેપૂરી હિંમતથી કહેવાનું સામર્થ્ય આપો. એ દરમિયાન તમે લોકોને નીરોગી કરવાને તમારો હાથ લાંબો કરો; અને તમારા પવિત્ર સેવક ઈસુને નામે ચમત્કારો તથા અદ્ભૂત કામો કરાવ."**

**તેઓ પ્રાર્થના કરી રહ્યા ત્યારે જે મકાનમાં તેઓ ભેગા થયા હતા તે હાલ્યું. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને ઈશ્વરની વાત હિંમતથી બોલવા લાગ્યા. બધા જ વિશ્વાસીઓ એક મનના તથા એક જીવના હતા, અને પોતાનાં જે વાનાં હતાં તેમાંનું કંઈ મારું પોતાનું છે એવું કોઈ કહેતું નહિ, પણ સઘળી વસ્તુઓ તેઓ સર્વને સામાન્ય હતી.**

**પ્રેરિતોએ મહા પરાક્રમથી પ્રભુ ઈસુના પુનરૂત્થાનની સાક્ષી પૂરી, અને તેઓ સર્વના ઉપર ઘણી કૃપા હતી. તેઓમાંના કોઈને કશાની અછત નહોતી, કારણ કે જેટલાની પાસે જમીન કે ઘર હતાં તેટલાએ તે વેચી નાખ્યાં. તેઓ વેચેલી વસ્તુઓનું મૂલ્ય લાવીને પ્રેરિતોના પગ આગળ મૂકતા, અને જેની જેને અગત્ય હતી તે પ્રમાણે તેને વહેંચી આપવામાં આવતું હતું.**

ઈસુ આ પૃથ્વી પર હતા ત્યારે જે પવિત્ર આત્માએ ઈશ્વર તથા તેમના પરાક્રમી સામર્થ્યને આ જગત સમક્ષ પ્રગટ કર્યાં હતા, એ જ પવિત્ર આત્માએ ઈસુના સ્વર્ગારોહણ પછી વિશ્વાસ કરનારાઓનાં જીવનોમાં તથા જીવનો દ્વારા એ જ બાબત પ્રગટ કરી હતી.

એમ લખેલું છે કે, **"ઈસુ ખ્રિસ્ત ગઈકાલે, આજે અને સદાસર્વકાળ એવાને એવા જ છે."** અને **"જે આત્માએ ખ્રિસ્ત ઈસુને મૂએલાંમાંથી ઉઠાડ્યા, એ જ આત્મા તમારાં મર્ત્ય શરીરોને પણ સજીવન કરશે."** એ જ પવિત્ર આત્મા, જે અત્યારે તમારામાં વાસો કરે છે, તે આજે તમારી મારફતે ઈસુ ખ્રિસ્તનું જીવન પ્રગટ કરવા ઈચ્છે છે.



ખ્રિસ્તી ધર્મના શરૂઆતના દિવસોમાં પવિત્ર આત્મા જ વિશ્વાસીઓને હિંમત, પ્રેમ અને સામર્થ્ય પૂરું પાડતો હતો, અને એ જ હિંમત, પ્રેમ અને સામર્થ્ય તમારે માટે અને મારે માટે આજે પણ ઉપલબ્ધ છે, જેથી કરીને આપણે પણ આપણા સંપર્કમાં આવતા લોકો મધ્યે, આપણી પેઢીના લોકો મધ્યે, આપણાં કુટુંબોમાં, આપણા મિત્રો મધ્યે ઈશ્વરની ઈચ્છા મુજબના સાક્ષીઓ બની શકીએ.

"સાચું સુખ એટલે ઈશ્વરની સાથે ભાગીદારી." આપણે ઈશ્વરની સાથે ભાગીદારી કરીએ છીએ, અને બીજાંઓ પાસે જઈને તેઓની સમક્ષ આપણે જ્યારે ઈસુ વિષેનો શુભસંદેશ પ્રગટ કરીએ છીએ ત્યારે અને પવિત્ર આત્માને આપણે જ્યારે આપણામાં તથા આપણા દ્વારા કાર્ય કરવા દઈએ છીએ ત્યારે ઈશ્વર આપણી સાથે ભાગીદારી કરે છે. ઈશ્વર એ પછીથી જ ચમત્કારો દ્વારા તેમના વચનની સત્યતા સાબિત કરીને આપણી સાથે કાર્ય કરે છે.

તમે તમારા જીવનકાળ દરમિયાન તમારા જીવન સંબંધી ઈશ્વરના ઈરાદાઓ ઈશ્વરને પરિપૂર્ણ કરવા દો છો ત્યારે વર્ણવી ન શકાય એવા આનંદથી તમે ભરપૂર થઈ જશો કે જે સાચું સુખ પ્રાપ્ત કરવું અગાઉ તમને અશક્ય લાગતું હતું, એ સાચું સુખ તમને પ્રાપ્ત થશે. તેમ છતાં તમે જ્યારે સ્વર્ગમાં ઈસુની પાસે આવી પહોંચશો અને તેમને પ્રત્યક્ષ નજરોનજર જોશો અને ઈસુ જ્યારે તમને આ પ્રમાણે કહેશે કે, **"શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે; હું તને ઘણા પર ઠરાવીશ. આવ અને તારા પ્રભુના આનંદમાં ભાગીદાર થા !"** એ દિવસે જે મહિમાનો અનુભવ તમે કરશો તેની સાથે પણ આ સાચા સુખની શરૂઆતને સરખાવી શકાય નહિ.

તમારા જીવનના ખાલીપણાને ભરવા માટે જ તમે કદાચ આ પુસ્તક વાંચવાની શરૂઆત કરી હશે, પરંતુ હવે તમે એક એવા જીવન સંબંધી જાણતા થયા છો કે જે જીવન, તમારી કલ્પના કે ધારણા કરતાં પણ વિશેષ મહિમાવંતુ જીવન એ હશે. એ બધું જ ઈસુને કારણે જ છે. આ સુંદર તકને તમારા હાથમાંથી સરકી જવા દેશો નહિ, અને તમને શેતાન છેતરી જાય એ માટે તેને કોઈ તક આપશો નહિ.

જે બાબતને સારૂ ઈશ્વરે તમને પકડી રાખ્યા છે એ બાબતને તમે પકડી રાખો. જે હેતુ માટે ઈશ્વર તમને અહીં સુધી દોરી લાવ્યા છે એ હેતુને

પૂરેપૂરો સંપન્ન કરવા પ્રયત્ન કરો. સંપૂર્ણ અનંતજીવન જીવો. **તમે ઈશ્વરની પાસે જાઓ અને ઈશ્વર તમારી પાસે આવશે.**

પરિશિષ્ટ વિભાગ વાંચ્યા પછી ઈશ્વરનું વચન (બાઈબલ) ની એક નકલ મફત મેળવવા માટે તમે વિનંતી કરી શકશો, જેથી કરીને તમે તે વાંચી શકો અને તેનો અભ્યાસ કરી શકો અને એ પછીથી તમે જઈને બાઈબલ જે કહે છે તે કરી શકશો, પરંતુ તમે જે કાંઈ વાંચ્યું છે તથા શીખ્યા છો એ કરવા માટે અત્યારથી જ તમારે કાર્ય કરવાની શરૂઆત કરવી પડશે. આ પુસ્તક વારંવાર વાંચતા રહો અને તેની વધારે ને વધારે નકલો મફત મેળવો, જેથી કરીને જે લોકો હજુ સુધી ઈસુને ઓળખતા નથી તેવા લોકોને તમે તે આપી શકો. યાદ રાખો, **તમે મફત પામ્યા, માટે બીજાઓને પણ મફત આપો.**

અહીં એક પ્રાર્થના આપવામાં આવી છે કે જે ઈશ્વર સાથેની ભાગીદારીમાં રહીને સેવાકીય જીવન જીવવા માટે તમારી જાતને ઈશ્વરને માટે અલગ કરવામાં તમને હમણાં જ મદદરૂપ બનશે.

*વહાલા સ્વર્ગીય પિતાજી,*

*તમારો આભાર માનું છું કે તમે મારા વતી મરણ પામવાને માટે તમારા પુત્ર ઈસુને આપી દીધા, જેથી કરીને હું તમારી પાસે પાછો આવી શકું અને તમારું બાળક બની શકું. મારા જીવનની તમામ બાબતો માટે તમારા પ્રેમ અને યોજનાઓ માટે હું તમારો આભાર માનું છું. તમે મારું રક્ષણ કરો છો અને મારી સર્વ જરૂરિયાતો તમે ભરપૂરપણે પૂરી કરો છો એ માટે તમારો આભાર.*

*પણ હે પ્રભુ, હવે હું સમજી શકું છું કે તમે કેવળ હું તારણ પામું એટલા માટે જ મારું તારણ કર્યું નથી, પરંતુ પવિત્ર આત્માથી મારી મારફતે તમે જીવી શકો એ માટે તથા તમે મને જે આપ્યું છે તે બીજાંઓ પણ પ્રાપ્ત કરી શકે એ માટે પણ મારું તારણ તમે કર્યું છે.*

*હું જાણું છું કે ખ્રિસ્તના એલચી બનવું એ એક વિશિષ્ટ લહાવો છે, અને એ જવાબદારી હું કેવળ તમારા સામર્થ્ય વડે જ નિભાવી શકીશ, એવું જાણીને જ વિનમ્રતાથી હું તમારા તરફથી મળતા તેડાનો આજે સ્વીકાર કરું છું.*



*તેથી, જે બનવા માટે તમે મને તેડું આપ્યું છે, એ પ્રમાણેનું પાત્ર બનવા માટે જરૂરી બધી જ બાબતો મને જણાવીને તમારા પવિત્ર આત્માથી હમણાં જ મને ભરી દો, એવી મારી નમ્ર વિનંતી છે. હે પવિત્ર આત્મા, હું મારું જીવન હમણાં જ તમારે માટે ખુલ્લું કરું છું, અને તમે મારા જીવનમાં આવીને મને ભરી દો, મારા જીવનનો કબજો લો, અને તમારું સામર્થ્ય આપો કે જેથી કરીને હું જ્યારે બીજાઓની આગળ ઈસુ ખ્રિસ્તને પ્રગટ કરતો હોઉં ત્યારે ઈસુ ખ્રિસ્ત મારા જીવનમાં અને મારા જીવન દ્વારા મહિમાવાન થાય.*

*હે ઈસુ, તમે વચન આપ્યું હતું તે પ્રમાણે પવિત્ર આત્માથી તમે મને બાપ્તિસ્મા આપ્યું છે એ માટે હું તમારો આભાર માનું છું. તમારા વચન પર વિશ્વાસ કરીને હું અત્યારે જ પવિત્ર આત્માનો સ્વીકાર કરું છું, અને ઈસુના નામમાં બીજાઓની સેવા કરવા માટે ઈશ્વરે મને સામર્થ્ય પૂરું પાડ્યું છે, એવો હું વિશ્વાસ કરું છું. વળી ઈસુ વિષેનો શુભસંદેશ બીજાંઓને કહેવા, તથા ઈસુના નામે માંદાઓ પર હાથ મૂકવા તથા ભૂતો કાઢવા માટે તમે મને સામર્થ્યવાન બનાવ્યો છે, તેવો વિશ્વાસ પણ હું કરું છું. ચમત્કારો અને ચિહ્નોથી તમારા વચનની સત્યતા સાબિત કરીને તમે મારી સાથે કાર્ય કરશો એવો મારો વિશ્વાસ છે.*

*જો હું આત્માથી ચાલીશ અને પવિત્ર આત્માની સાથે કદમ મિલાવીશ તો આત્માનું ફળ મારામાં તથા મારા જીવન દ્વારા પ્રગટ થશે, એવો મને વિશ્વાસ છે. હું વચન આપું છું કે હું મારા પૂરા મનથી ઈશ્વર પર પ્રેમ રાખીશ, અને જેવો મારા પર તેવો મારા પાડોશી પર પ્રેમ રાખીશ.*

*પવિત્ર આત્મા, તમે મારા જીવનનો તમારી ઈચ્છા મુજબ ગમે તે રીતે, ગમે ત્યારે અને ગમે ત્યાં ઉપયોગ કરો. હું જ્યારે તમારી દોરવણી માટે પ્રાર્થના કરું છું અને ઈશ્વરે જે બનવા માટે મને તેડું આપ્યું છે તે બનું છું ત્યારે મારા જીવન દ્વારા તમારાં કૃપાદાનો અને ઈસુનું જીવન પ્રગટ કરો.*

*ઈસુના નામમાં, આમેન !*

# પરિશિષ્ટ

એક ફળવંત ખ્રિસ્તી વ્યક્તિ અને ઈસુનું યોગ્ય રીતે પ્રતિનિધિત્વ કરી શકે એવા ખ્રિસ્તના એલચી બનવામાં તમને મદદરૂપ થઇ શકે એવા બીજા કેટલાક મુદ્દાઓનો ઉલ્લેખ આ પરિશિષ્ટમાં કરવાની જરૂર છે.

આપણે જે મુદ્દાનો પ્રથમ ઉલ્લેખ કરવાના છીએ તે તો બાપ્તિસ્મા છે. બાઈબલ પ્રમાણે, માણસોને જ્યારે બાપ્તિસ્મા આપવામાં આવે છે ત્યારે તેઓને ટૂંક ક્ષણ પૂરતાં પાણીની અંદર ડૂબાડવામાં આવે છે. અને પછીથી તેઓને પાછા પાણીની બહાર ઉપર લઇ લેવામાં આવે છે. ઈસુએ તેમના શિષ્યોને આપેલી આજ્ઞાને આધીન થઇને આ કરવામાં આવે છેઃ

**ઈસુએ તેઓને કહ્યું,''આખા જગતમાં જઇને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો. જે કોઇ વિશ્વાસ કરે તથા બાપ્તિસ્મા લે, તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે.''**

**અને ઈસુએ ત્યાં આવીને તેઓને કહ્યું, કે, ''આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. એ માટે તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો; પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ; અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.''**

બાપ્તિસ્મા દ્વારા નવો ખ્રિસ્તી વ્યક્તિ જાહેરમાં પ્રગટ કરે છે કે તેણે ઈસુ ખ્રિસ્તનો પોતાના તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કર્યો છે. નવા વિશ્વાસી વ્યક્તિના આંતરિક અને આત્મિક જીવનમાં જે કાંઇ બન્યું છે તે બાહ્ય સ્વરૂપે બાપ્તિસ્મા દ્વારા પ્રગટ થાય છે.

બાઈબલમાંના નીચેના શાસ્ત્રભાગો એ વાત પ્રગટ કરે છે કે સામાન્ય રીતે લોકો વિશ્વાસ કર્યા પછીથી બાપ્તિસ્મા લેતા હતા :



**ત્યારે પિતરે તેઓને કહ્યું કે, ''પસ્તાવો કરો, અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય, અને તમને પવિત્ર આત્માનું દાન મળશે.'' ત્યારે જેઓએ તેની વાત સ્વીકારી તેઓ બાપ્તિસ્મા પામ્યાં, અને તે જ દિવસે ત્રણેક હજાર માણસ ઉમેરાયા.**

**પણ ફિલિપ ઈશ્વરના રાજ્ય તથા ઈસુ ખ્રિસ્તના નામ વિષે સુવાર્તા પ્રગટ કરતો હતો તેવામાં તેઓનો વિશ્વાસ તેના પર બેઠો, અને પુરુષોએ તેમ જ સ્ત્રીઓએ પણ બાપ્તિસ્મા લીધું,**

**ત્યારે ફિલિપે બોલવાનું શરૂ કર્યું, અને શાસ્ત્રની એ વાતથી આરંભ કરીને તેન ઈસુ વિષેની સુવાર્તા પ્રગટ કરી. તેઓ માર્ગે ચાલતાં એક જળાશય પાસે આવી પહોંચ્યા; ત્યારે ખોજાએ કહ્યું કે, ''જો અહીં પાણી છે; મારે બાપ્તિસ્મા પામવાને શી અડચણ છે?'' ત્યારે ફિલિપે કહ્યું કે, '' જો તું તારા પૂરા મનથી વિશ્વાસ કરે છે તો એ ઉચિત છે.'' તેણે ઉત્તર આપ્યો કે, ''ઈસુ ખ્રિસ્ત તે ઈશ્વરપુત્ર છે, એવું હું માનું છું.'' પછી તેણે રથ ઊભો રાખવાનો હુકમ કર્યો, અને ફિલિપ અને ખોજો બંને પાણીમાં ઉતર્યા, અને તેણે તેને બાપ્તિસ્મા આપ્યું.**

**પિતરે ઉત્તર આપ્યો કે, ''આપણી પેઠે તેઓ પણ પવિત્ર આત્મા પામ્યા છે, તો તેઓને બાપ્તિસ્મા આપવાને પાણીની મના કોણ કરી શકે?'' તેણે ઈસુ ખ્રિસ્તને નામે તેઓને બાપ્તિસ્મા આપવાની આજ્ઞા આપી. પછી તેઓએ તેને કેટલાએક દિવસ ત્યાં રહેવાને માટે વિનંતી કરી.**

**સભાસ્થાનના આગેવાન ક્રિસપસ અને તેના ઘરનાં સર્વએ પ્રભુ પર વિશ્વાસ કર્યો; અને ઘણા કરિંથીઓએ પણ વાત સાંભળીને વિશ્વાસ કર્યો અને બાપ્તિસ્મા પામ્યા.**

બાપ્તિસ્માના સંસ્કાર દ્વારા વિશ્વાસી વ્યક્તિ પોતાની ઓળખ આપતા જણાવે છે કે તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે મરણ પામ્યો, દટાયો અને સજીવન થયો.

**'' શું તમે નથી જાણતા કે, આપણે જેઓ ખ્રિસ્ત ઈસુમાં બાપ્તિસ્મા પામ્યા, તેઓ સર્વ તેના મરણમાં બાપ્તિસ્મા પામ્યા? તે માટે આપણે બાપ્તિસ્મા દ્વારા તેમની સાથે મરણમાં દટાયા કે, જેમ ખ્રિસ્તને પિતાના મહિમાથી**

**મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યા તેમ જ આપણે પણ નવા જીવનમાં ચાલીએ.''**

તેથી, બાપ્તિસ્મા પામવા માટેની ખ્રિસ્તે આપેલી આજ્ઞાને તમારે આધીન થવાનું છે. બીજાંઓની સમક્ષ ખ્રિસ્તમાં તમારા નવા જીવનને જાહેર કરવાની આ એક અદ્દ્ભુત રીત છે. ઈશ્વર તમને એવી કોઇ સાથી વિશ્વાસી વ્યક્તિ બતાવે કે જેના દ્વારા તમારું બાપ્તિસ્મા થાય, કદાચ એ વ્યક્તિ પણ હોય કે જેણે તમને આ પુસ્તક આપ્યું હતું.

ઈસુ ખ્રિસ્તના અન્ય અનુયાયીઓની નિયમિત સંગતમાં રહેવું એ પણ તમારે માટે અગત્યનું છે. ઈસુ તથા તેમના વચન પર પ્રેમ રાખનાર અન્ય ખ્રિસ્તી વ્યક્તિઓ સાથેની સંગત તમને અને તેઓને દૃઢ અને મજબૂત બનાવવામાં મદદરૂપ બની શકે છે. ઈશ્વરે તમારે માટે ખ્રિસ્તમાં જે કાર્ય કર્યું છે તે અન્ય વિશ્વાસીઓ માટે એક મોટું ઉત્તેજમ બની શકે છે, વળી બીજા વિશ્વાસીઓનાં જીવનોમાં ઈશ્વરે જે કાર્ય કર્યું છે તે તમારે માટે ઉત્તેજન અને આશીર્વાદરૂપ બનશે.

સાતમા પ્રકરણમાં તમે વાંચ્યું છે તે પ્રમાણે, નવા વિશ્વાસીઓ સંગત અને પ્રાર્થના કરવા માટે, સાથે મળીને ભોજન કરવા માટે, ઈશ્વરનાં વચનો સાંભળવા તથા શીખવા માટે, ઈશ્વરની સ્તુતિ કરવા માટે, એકબીજાની ભૌતિક અને આત્મિક જરૂરિયાતો પૂરી પાડવા માટે, અને જેઓએ હજી સુધી ઈસુ વિષેનો શુભ સંદેશ સાંભળ્યો ન હતો એવા લોકો પાસે જઈને એ શુભસંદેશ સંબંધી વાત કરવા માટે દરરોજ નિયમિત રીતે ભેગા મળતા હતા.

**'' અને તેઓ ઈશ્વરની સ્તુતિ કરતા હતા, અને સર્વ લોકો તેમના પર પ્રસન્‍ન હતા. વળી પ્રભુ રોજેરોજ તારણ પામનારાઓને તેઓમાં ઉમેરતા હતા.''** (પ્રે.કૃ. ૨:૪૭)

**'' તેથી પિતરને બંદીખાનામાં પૂરવામાં આવ્યો, પણ મંડળી તેને સારૂ આગ્રહથી ઈશ્વરને પ્રાર્થના કરતી હતી.''**

વિશ્વાસીઓ જુદી જુદી જગ્યાઓએ જુદા જુદા સમયે મળતા હતા. તેઓ ક્યાં ભેગા મળતા હતા, તે અગત્યનું ન હતું, પણ નિયમિત મળતા હતા એ જરૂરી હતું, કારણ કે એ રીતે મળવાથી વિશ્વાસમાં દૃઢ લોકો વિશ્વાસમાં જે



નબળા હતા એવા લોકોને મદદરૂપ બનતા હતા. જેઓને ઈશ્વર તરફથી જે કૃપાદાનો મળ્યાં હતા એવા લોકો જરૂરિયાતમંદ સાથી વિશ્વાસી ભાઈબહેનોને મદદ કરતા હતા.

આજના સમયમાં વિશ્વાસીઓ જે સ્થળે ભેગા થાય છે તેને મંડળી તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ બાઈબલ શીખવે છે કે મંડળી એટલે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારા લોકોનું એક જૂથ. મંડળી એટલે લોકો, નહિ કે કોઈ મકાન કે ઘર જ્યાં લોકો ભેગા મળતા હોય.

**'' જે ઈશ્વરે જગત તથા તેમાંનું સઘળું ઉત્પન્‍ન કર્યું, તે આકાશ તથા પૃથ્વીના પ્રભુ હોવાથી હાથે બાંધેલાં મંદિરોમાં રહેતા નથી.''**

ઈસુએ કહ્યું, **''જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હશે ત્યાં તેઓની મધ્યે હું છું.''** પ્રભુની સાથે ચાલવાની બાબતમાં એકબીજાને ઉત્તેજન આપવા માટે ઈસુના નામે ઈશ્વરનું ભજન કરવા માટે તમે જ્યારે એકઠા મળો છો ત્યારે ઈશ્વરનો આત્મા તમારી મધ્યે વિશેષ સ્વરૂપે હાજર રહેશે.

તમે પવિત્ર આત્માનું મંદિર છો, આ વાત પણ યાદ રાખવી તમારે માટે જરૂરી છે. ઈશ્વર તેમના આત્મા સ્વરૂપે તમારી અંદર જીવે છે અને નિવાસ કરે છે. તે એવા પ્રેમાળ અને અંગત ઈશ્વર છે. તમે જ્યારે એકલા હો ત્યારે જ નહિ, પણ તમે જ્યારે અન્ય વિશ્વાસીઓની સંગતમાં ભેગા થાઓ છો ત્યારે પણ તમારામાં રહેતા ઈશ્વરના આત્મા પ્રત્યે તમે ખૂબ જ સંવેદનશીલ રહો. તમારા શરીર વડે પણ ઈશ્વરને મહિમા આપો.

**''તમારામાં જે પવિત્ર આત્મા છે, જે તમને ઈશ્વર પાસેથી મળેલો છે તેનું મંદિર તમારું શરીર છે, એ તમે નથી જાણતા ? તમને તમારા પોતાના પર અધિકાર નથી, કેમ કે તમને મૂલ્ય આપીને ખરીદવામાં આવ્યા છે, તેથી તમારા શરીર વડે ઈશ્વરને મહિમા આપો.''**

સાતમા પ્રકરણમાં તમે વાંચ્યું છે કે પવિત્ર આત્માએ ઈસુના શરૂઆતના અનુયાયીઓ મારફતે કેવી રીતે કાર્ય કર્યું હતું. તેઓ જ્યાં પણ ગયા, એ સર્વ જગ્યાએ તેઓએ ઈસુને અવિશ્વાસીઓ સમક્ષ પ્રગટ કર્યા. આ પ્રમાણે તેઓ દરરોજ ઈસુને પ્રગટ કરતા હતા. તેઓ એકબીજાની સંગતમાં

રહેતા હતા, એકબીજાની જરૂરિયાતો પૂરી પાડતા હતા, એકબીજાને ઉત્તેજન આપતા હતા અને એ પછીથી તેઓ બહાર જઈને અન્ય લોકોની સમક્ષ ઈસુ વિષેનો શુભસંદેશ પ્રગટ કરતા હતા.

તમારું જીવન અત્યારે એ માટે જ છે : તમારાં વાણી અને કાર્યોમાં બીજાઓની સમક્ષ ઈસુની ઓળખ આપવી. તમે ઈશ્વરનું પસંદ કરેલું પાત્ર છો, ઈશ્વર તમારામાં કેવળ રહેવા જ નથી માગતા, પરંતુ તમારી મારફતે જીવવાની ઈચ્છા પણ રાખે છે. ઈસુ, જે હવેથી તમારી અંદર રહે છે તે તમારા સંપર્કમાં આવનાર લોકો માટે એક આશા છે. તમે ખાસ વ્યક્તિ છો, અને પૃથ્વી પર પોતાની ઈચ્છા અને યોજના પૂરી કરવા માટે ઈશ્વરને તમારી જરૂર છે.

ઈશ્વરને માટે જીવવા સારૂ તમે તમારી જાતને સંપૂર્ણપણે સોંપી દો. એ પ્રમાણે જીવવું હમેશાં સરળ હોતું નથી, પરંતુ એ પ્રમાણે જીવવું હમેશાં યોગ્ય રહેશે. જેમ ઘણા ખ્રિસ્તીઓની સતાવણી કરવામાં આવે છે, એમ તમારી પણ સતાવણી થઈ શકે છે, પરંતુ જે મહિમા તમારામાં પ્રગટ થશે એ મહિમા જૂજ અને ક્ષણિક વિપત્તિ કરતાં ચડિયાતા હશે. ઈશ્વરના એક મહાન સેવકે નોંધેલા શબ્દો વાંચો :

**''કેમ કે અમે ઉપદેશ કરતાં પોતાને પ્રગટ કરતા નથી, પણ ખ્રિસ્ત ઈસુ પ્રભુ છે અને અમે પોતે ઈસુને લીધે તમારા દાસો છીએ, એવું અમે પ્રગટ કરીએ છીએ. કેમ કે જે ઈશ્વરે અંધારામાંથી અજવાળાને પ્રકાશવાનું ફરમાવ્યું, તેમણે આપણાં હૃદયમાં પ્રકાશ પાડ્યો છે કે, જેથી તે ઈસુ ખ્રિસ્તના મુખ પર ઈશ્વરનો જે મહિમા છે તેના જ્ઞાનનો પ્રકાશ પાડે. પણ અમારી પાસે આ ખજાનો માટીનાં પાત્રોમાં રહેલો છે કે, જેથી પરાક્રમની અધિકતા ઈશ્વરીય છે અને અમારામાંથી નથી એ જાણવામાં આવે.**

**ચોતરફથી અમારા પર દબાણ છતાં અમે દબાઈ ગયેલા નથી; ગૂંચવાયા છતાં નિરાશ થયેલા નથી; સતાવણી પામ્યા છતાં તજાયેલા નથી; નીચે પટકાયેલા છતાં નાશ પામેલા નથી. અમારા શરીરમાં ઈસુનું મરણ સદા ઊંચકીને ફરીએ છીએ, જેથી ઈસુનું જીવન પણ અમારા શરીરમાં પ્રગટ કરવામાં આવે.**



**પણ અમારામાં એ ને એ જ વિશ્વાસનો આત્મા હોવાથી (''મને વિશ્વાસ હતો માટે હું બોલ્યો'' એ લેખ પ્રમાણે), અમને પણ વિશ્વાસ છે, અને તેથી અમે બોલીએ છીએ; અને એવું જાણીએ છીએ કે જેણે પ્રભુ ઈસુને ઉઠાડ્યા, તે અમને પણ ઈસુની સાથે ઉઠાડશે, અને તમારી સાથે અમને રજૂ કરશે.**

**કેમ કે સઘળાં વાનાં તમારે સારૂ છે, જેથી ઘણાની મારફતે જે કૃપા પુષ્કળ થઈ, તે ઈશ્વરના મહિમાને અર્થે વિશેષ આભારસ્તુતિ કરાવે. એ કારણથી અમે નાહિંમત થતા નથી; પણ જો કે અમારું બાહ્ય મનુષ્યત્વ ક્ષય પામે છે, તો પણ અમારું આંતરિક મનુષ્યત્વ રોજેરોજ નવું થતું જાય છે.**

**કેમ કે અમારી જૂજ અને ક્ષણિક વિપત્તિ અમારે સારૂ અત્યંત વધારે સદાકાલિક તથા ભારે મહિમા ઉત્પન્ન કરે છે. કેમ કે જે વસ્તુઓ દૃશ્ય છે તેમના પર નજર ન રાખતાં જે અદૃશ્ય છે તેમના પર અમે લક્ષ રાખીએ છીએ. કેમ કે જે દૃશ્ય છે તે ક્ષણિક છે; પણ જે અદૃશ્ય છે તે સદાકાલિક છે.''**

તેથી જ્યારે આપણે મુશ્કેલીઓ, સતાવણીઓ અને પરીક્ષણોનો સામનો કરવાનો આવે છે ત્યારે :

**''આપણે આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ઈસુની તરફ લક્ષ રાખીએ કે, જેમણે પોતાની આગળ મૂકેલા આનંદને લીધે શરમને તૂચ્છ ગણીને મરણસ્તંભનું દુ:ખ સહન કર્યું; અને જે ઈશ્વરના રાજ્યાસનની જમણી તરફ બેઠેલા છે.''**

**''મારા ભાઈઓ, જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો. કેમ કે તમે જાણો છો કે તમારા વિશ્વાસની પરીક્ષામાં પાર ઊતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે. તમે પરિપક્વ તથા સંપૂર્ણ થાઓ, અને કશામાં અપૂર્ણ રહો નહિ, માટે ધીરજને પોતાનું કામ પૂરેપુરું કરવા દો.''**

ધીરજ આપણા ખ્રિસ્તી અનુભવનો એક ખૂબ જ અગત્યનો ભાગ છે, આપણાં જીવનોમાં આ સદ્‌ગુણને આપણે વિકસાવવો જ જોઈએ, કારણ કે ધીરજ વિના આપણો વિશ્વાસ પરિપક્વ અને સંપૂર્ણ થઈ શકતો નથી.

**''તો સારું કરતાં આપણે થાકવું નહિ, કેમ કે જો કાયર ન થઈએ, તો યોગ્ય સમયે લણીશું.''**

**"તેથી તમારા વિશ્વાસનો જે મોટો બદલો મળવાનો છે, તેને નાખી ન દો. કેમકે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે વર્ત્યા પછી તમને વચનનું ફળ મળે, એ માટે તમારે ધીરજ રાખવાની જરૂર છે."**

ઈસુની સાથે રોજેરોજ ચાલવામાં પાયારૂપ બાબત **"પ્રેમ દ્વારા પ્રગટ થતો વિશ્વાસ" છે.** પરિસ્થિતિ ગમે તેટલી મુશ્કેલ જણાતી કેમ ન હોય, ઈશ્વરના વચન પર વિશ્વાસ કરવાનું તમે બંધ કરી શક્તા નથી, વળી પ્રેમસભર જીવન જીવવાનું પણ તમે બંધ કરી શકો નહિ. ઈશ્વરે આપેલાં વચનોથી તમે દૂર ચાલ્યા જઈ શક્તા નથી.

ઘણી વખત તમને કદાચ એવું લાગતું હોય કે ઈશ્વરનાં વચન કામનાં નથી, પરંતુ એવા સમયે તો તમારે હિંમત હારવાને બદલે ધીરજ રાખવાની જરૂર છે. જ્યારે તમારી સાથે અન્ય લોકો ખરાબ વ્યવહાર કરતા હોય, તો પણ તેઓ પર પ્રેમ દર્શાવવાનું તમે છોડી દેશો નહિ, અને **"ભૂંડાઈની સામે ભૂંડાઈ ન કરો, પણ સારી બાબત કરીને ભૂંડાઈનો પરાજય કરો."**

**" છેવટે, પ્રભુમાં તથા તેમના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ. શેતાનની કુયુક્તિઓની સામે તમે દૃઢ રહી શકો માટે ઈશ્વરનાં સર્વ હથિયારો સજો. કેમ કે આપણું આ યુધ્ધ રક્ત અને માંસની સામે નથી, પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં આત્મિક લશ્કરોની સામે છે.**

**એ માટે તમે ઈશ્વરના સર્વ હથિયારો સજી લો કે, તમે ભૂંડે દહાડે સામા થઈ શકો, અને બને તેટલું સર્વ કરીને તેની સામે ટકી શકો. માટે સત્યથી તમારી કમર બાંધીને તથા ન્યાયીપણાનું બખતર પહેરીને તથા શાંતિની સુવાર્તાની તૈયારીરૂપી જોડાં પહેરીને ઊભા રહો. આ સર્વ ઉપરાંત, વિશ્વાસની ઢાલ ધારણ કરો, જેથી તમે દુષ્ટના બળતા ભાલાઓ હોલવી શકશો. વળી, તારણનો ટોપ પહેરો, તથા આત્માની તરવાર, જે ઈશ્વરનું વચન છે, તે લો. આત્મામાં સર્વ પ્રકારે અને સર્વ સમયે પ્રાર્થના તથા વિનંતી કરો, અને તેને અર્થે સઘળા સંતોને માટે સંપૂર્ણ આગ્રહથી વિનંતી કરીને જાગૃત રહો."**

યાદ રાખો કે, **" હવેથી તમે ખોવાયેલા અને નાશ પામી રહેલા જગતને માટે ખ્રિસ્તના એલચી છો. વળી તમે ઈશ્વરના સૈન્યના એક યોધ્ધા પણ છો.**



**તમે વિશ્વાસની સારી લડાઈ લડો. જો ઈશ્વર તમારા પક્ષમાં હોય તો તમારી સામે કોણ થઈ શકે? કેમ કે જગતમાં જે છે તેના કરતાં તમારામાં જે છે તે મોટા છે. જેમણે તમારા પર પ્રેમ રાખ્યો છે તેમના દ્વારા તમે એક વિજેતા કરતાં પણ વિશેષ છો. જેને સારૂ ખ્રિસ્ત ઈસુએ તમને પકડી લીધા છે, એ બાબતને તમે પકડી લો. તમે તમારા વેરીઓ પર પ્રેમ રાખો, તમને સતાવનારાઓને આશીર્વાદ આપો અને તમારી ઈર્ષ્યા કરનારને માટે પ્રાર્થના કરો.**

આપનાર બનો. ઈશ્વરે તમને જે આપ્યું છે તેમાંથી તમારા કરતાં જેની પાસે ઓછું છે તેઓને વહેંચી આપો. **તમે મફત પામ્યા, તેથી તમે પણ બીજાઓને મફત આપો. લેવા કરતાં આપવામાં વધુ ધન્યતા છે.** તમે જ્યારે જરૂરિયાતમંદ વ્યક્તિઓને જુઓ, ત્યારે તમે અચકાશો નહિ, તેઓની જરૂરિયાત ઈસુના નામમાં પૂરી પાડો.

**ઈસુ વહેલા આવી રહ્યા છે!** તે જ્યારે આ પૃથ્વી પર હતા, ત્યારે તેમણે તેમના શિષ્યોને કહ્યું હતું, **" મારા પિતાના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત; કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ; જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો."**

**એ માટે જો તમને ખ્રિસ્તની સાથે ઉઠાડવામાં આવ્યા હોય, તો જ્યાં ખ્રિસ્ત ઈશ્વરને જમણે હાથે બેઠેલા છે ત્યાંની, એટલે ઉપરની, વાતો શોધો. ઉપરની વાતો પર ચિત્ત લગાડો, પૃથ્વી પરની વાતો પર નહિ. કેમ કે તમે મૂઆ છો, અને તમારું જીવન ખ્રિસ્તની સાથે ઈશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે. ખ્રિસ્ત જે આપણું જીવન છે, તે જ્યારે પ્રગટ થશે, ત્યારે તમે પણ તેમની સાથે મહિમામાં પ્રગટ થશો.**

# ઇશ્વરનું વચન



આ આખું પુસ્તક, બાઈબલ કે જે ઈશ્વરનું વચન છે, તેના પાયા ઉપર તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં લખવામાં આવેલ એકેએક બાબત ઈશ્વરનાં વચનમાં નોંધવામાં આવેલ સત્ય પર આધારિત છે. બાઈબલમાં ઈશ્વરને લગતી, ઈશ્વરના સ્વભાવ સંબંધી નોંધ લખવામાં આવી છે, વળી ઈશ્વરે માનવજાત સમક્ષ પોતાની જાતને બાઈબલમાં પ્રગટ કરી છે.

આ પુસ્તકમાં બાઈબલમાંથી ઘણા શાસ્ત્રભાગો લેવામાં આવ્યા છે. સમગ્ર પુસ્તકમાં એ શાસ્ત્રભાગો **મોટા અને ઘટ્ટ અક્ષરોમાં** લખવામાં આવ્યા છે. તમે જ્યારે એ ફરી વાંચો ત્યારે બાઈબલમાંના એ શબ્દો પર વિશેષ ધ્યાન આપો. બાઈબલ તેના પોતાના સંબંધી જે બાબતો જણાવે છે, તે અહીં રજૂ કરવામાં આવી છે :



**" પ્રથમ તમારે એ જાણવું કે, પવિત્ર લેખમાંનુ કોઈપણ ભવિષ્યવચન મનુષ્યપ્રેરિત નથી. કેમ કે ભવિષ્યવચન માણસની ઈચ્છા પ્રમાણે કદી આવ્યું નથી; પણ પવિત્ર આત્માની પ્રેરણાથી માણસો ઈશ્વરનાં વચનો બોલ્યા."**

**" વળી તું બાળપણથી પવિત્રશાસ્ત્ર જાણે છે, તે પવિત્રશાસ્ત્ર ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા તારણને સારૂ તને જ્ઞાન આપી શકે છે, તે પણ તું જાણે છે. દરેક શાસ્ત્ર ઈશ્વર પ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે. જેથી ઈશ્વરભક્ત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને સારુ તૈયાર થાય."**

ઈશ્વરનાં વચનો લખવા તથા કહેવા માટે ઈશ્વરે જે માણસોને પસંદ કર્યા હતા, એ માણસોએ ખરેખર પવિત્ર આત્માની દોરવણી હેઠળ એ કામ કર્યું હતું, અને પવિત્ર આત્માએ ઈશ્વરનાં એ વચનો તેઓના મુખમાં મૂક્યાં હતાં. બાઈબલ ઈશ્વરનું વચન છે, માણસનું નથી; અને તેમ છતાં એ વચનોની નોંધ કરવા માટે ઈશ્વરે માણસોનો એક સાધન તરીકે ઉપયોગ કર્યો હતો. એ વચનો ક્યારેય જતાં રહેશે નહિ. જેમ ઈશ્વર અનંત છે તેમ આ વચનો પણ અનંતકાળ સુધી ટકી રહેશે.

**" હે યહોવા, તમારું વચન આકાશમાં સદા સ્થિર છે."**

**" આકાશ તથા પૃથ્વી જતાં રહેશે; પણ મારી વાતો જતી રહેશે નહિ."**

**" ઘાસ સૂકાઈ જાય છે, ફૂલ ચીમળાય છે; પણ આપણા ઈશ્વરનું વચન સર્વકાળ સુધી કાયમ રહેશે."**

**" પરમેશ્વરનું વચન પરખેલું છે; જેઓ તેના પર ભરોસો રાખે છે તેમની તે ઢાલ છે."**

**"કેમ કે ઈશ્વરનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે, તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજ્જાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે."**

**"કેમ કે જેટલું અગાઉ લખવામાં આવ્યું હતું, તે આપણને શિખામણ મળવાને માટે લખવામાં આવ્યું હતું કે ધીરજથી તથા પવિત્રશાસ્ત્રમાંના**

**દિલાસાથી આપણે આશા રાખીએ.''**

તમે જે કાંઈ વાંચો છો, એ બધામાં ઈશ્વરનું વચન હમેશાં સૌથી મહત્વની બાબત છે. આ પુસ્તક તમે વારંવાર વાંચશો અને તેનો અભ્યાસ કરતા જશો, તેમ તેમ મોટા અક્ષરોમાં લખવામાં આવેલ પવિત્રશાસ્ત્રમાંના સત્યનો પાયો તમને સમજાવા લાગશે, પરંતુ અમે તમને નવા કરારની એક નકલ પણ આપવા માગીએ છીએ, જે બાઈબલનો એક ભાગ છે જેમાં ઈશ્વરના લખવામાં આવેલાં વચનોનો સમાવેશ થયેલ છે; એ વચનોની શરૂઆત ઈસુ ખ્રિસ્તના જન્મને લગતી વાતથી કરવામાં આવી છે.

બાઈબલમાંથી ઘણી બધી કલમોનો સમાવેશ આ પુસ્તક ''તમે પણ સાચું સુખ પ્રાપ્ત કરી શકો છો'' માં કરવામાં આવ્યો હોવા છતાં આ પુસ્તક ઈશ્વરનું વચન નથી. નવા કરારની તમારી પોતાની નકલ મેળવવા માટે તમે અમને પત્ર લખો, એ માટે અમે તમને ઉત્તેજન આપીએ છીએ, એ નકલ અમે આપની પર મફત મોકલી આપીશું.

હવે, પછીના પૃષ્ઠ પર તમને એક ઓર્ડર ફોર્મ જોવા મળશે. એ ઓર્ડર ફોર્મ ભરીને તમે અમારી પર મોકલી આપો. અમે તમારી પર નવા કરારની એક નકલ મફત મોકલી આપીશું, જે તમને ઈસુમાં વધારે ને વધારે દૃઢ થવા મદદરૂપ બનશે, અને તમે તેમને વધુ નિકટથી ઓળખી શકશો.

વળી, જો તમે તમારા મિત્રોને કે તમારા સંપર્કમાં દરરોજ આવનાર વ્યક્તિઓને કે કુટુંબને માટે આ પુસ્તકની વધારે નકલો મફત મેળવવા ઈચ્છા રાખતા હો તો ઓર્ડર ફોર્મમાં જ એક ખાનામાં માહિતી ભરીને અમને મોકલી આપો. જો આ પુસ્તકથી તમને લાભ થયો છે, તો બીજાઓને પણ તેનાથી લાભ થશે. બીજાંઓને ખ્રિસ્તની ઓળખ આપવા માટે તમે આ પુસ્તકનો એક સાધન તરીકે ઉપયોગ કરી શકો છો.

આ પુસ્તકના છેલ્લાં બે પૃષ્ઠો પર ''તારણ માટે ઈશ્વરની યોજના'' સંબંધી કેટલીક ટૂંકી કલમો આપવામાં આવી છે. ઈસુ ખ્રિસ્તનો પોતાના તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કરાવીને કોઈ વ્યક્તિને ઈશ્વરની સાથે સમાધાનમાં લાવવાના કાર્યમાં તમને મદદરૂપ થવાના હેતુસર એ અહીં આપવામાં આવી છે. તમારા ખ્રિસ્તી જીવનનો સૌથી વધુ અર્થપૂર્ણ સમય એ હશે કે ઈશ્વરપુત્ર



ઈસુ ખ્રિસ્તની મારફતે અન્ય લોકોને તેઓના સર્જનહારની સાથેનો સંબંધ પુનઃસ્થાપિત કરવામાં તમે જ્યારે મદદરૂપ બનશો. જે સાચું સુખ તમને પ્રાપ્ત થયું છે, એ સુખ બીજાઓને પણ પ્રાપ્ત કરાવવામાં તમે મદદરૂપ બનો છો, તેથી ઈશ્વર તમને ખરેખર આશીર્વાદ આપશે.

## ઓર્ડર ફોર્મ

મહેરબાની કરીને નવા કરારની એક મફત નકલ અને આ પુસ્તક **“સાચું સુખ તમે પણ પ્રાપ્ત કરી શકો છો”** ની મફત ..... નકલો મારી પર મોકલી આપશો. (તમારે જેટલી નકલો જોઈતી હશે એટલી નકલો મોકલી આપવા અમે પ્રયત્ન કરીશું.)

નામ : ______________________

સરનામુ : ______________________

શહેર : ______________________

રાજ્ય : ______________________

પીનકોડ : ______________________

દેશ : ______________________

ઉંમર : ______________________

અહીંથી કાપીને આ ઓર્ડર ફોર્મ નીચેના સરનામે મોકલી આપો.


**SOUTH ASIA CO-ORDINATOR**
**DenSu Ministries**
P.O. BOX NO. : 969,
PERAMBUR BARACKS, CHENNAI - 600 012
E-mail : southasia@densu.com

અમારી પર ઈ-મેઈલ મોકલી આપો : book@densu.com
અમારી વેબસાઈટ : http:/www.densu.com


આ ઓર્ડર ફોર્મની પાછળની બાજુ પર અમને લખી જણાવો કે આ પુસ્તક તમને કેવી રીતે પ્રાપ્ત થયું હતું અને તેનાથી તમને કેટલો લાભ થયો છે. ખ્રિસ્તની ઓળખ બીજાઓને કરાવવામાં આ પુસ્તકની મફત નકલોનો ઉપયોગ તમે કેવી રીતે અને ક્યાં કરવાની ઈચ્છા રાખો છો, તે પણ અમને જણાવશો.

# તારણ માટે ઈશ્વરની યોજના



સૃષ્ટિના સર્જનહાર ઈશ્વરે તમે તેમની સાથે નિકટતાના સંબંધમાં વિશ્વાસુ રહીને સાચા અર્થમાં સુખનો અનુભવ પ્રાપ્ત કરી શકો એ હેતુથી તમારું સર્જન કર્યું છે. તેમ છતાં, તમે અને સમસ્ત માનવજાત ઈશ્વરની સાથે વિશ્વાસઘાત કરીને તથા તમારા સર્જનહારથી દૂર જઈને જીવન જીવવાનું પસંદ કરીને પોતપોતાના માર્ગે વળી ગયા છે.

ઈશ્વરના સ્વભાવ સંબંધી જૂઠાણું ફેલાવીને અને ઈશ્વર પર શંકા કરવા તથા તેમની વિરૂધ્ધ પાપ કરવા લલચાવીને શેતાને માનવજાતને પરીક્ષણમાં નાખી. ઈશ્વર દરેક વ્યક્તિને જે આનંદ, શાંતિ અને સાચું સુખ આપવાની ઈચ્છા રાખતા હતા, એ સર્વ બાબતો પાપ, અવિશ્વાસ અને આજ્ઞાભંગને કારણે માનવજાત પાસેથી છીનવાઈ ગઈ.



પાપને કારણે માણસ ઈશ્વરથી છૂટો પડ્યો અને તેને કારણે માણસ શૂન્યતા, અપૂર્ણતા અને ઈશ્વર સિવાય કોઈનાથી ભરી શકાય નહિ એવા ખાલીપણાનો અનુભવ કરવા લાગ્યો. એ ખાલીપણું ભરવા માટે લોકોએ જગત આપી શકે એવી તમામ સારી અને ખરાબ બાબતો, અને ધર્મનો પણ સદીઓથી ઉપયોગ કરવા પ્રયત્ન કર્યો છે, પણ તેઓ હજી સુધી ખાલી, ભયભીત, એકલવાયા, બોજથી લદાયેલા અને ગૂંચવાયેલા જ રહ્યા છે.

પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે માણસજાતનું સર્જન કરનાર ઈશ્વરે માણસજાત પર પ્રેમ દર્શાવવાનું ક્યારેય બંધ કર્યું નથી, પરંતુ એને બદલે માણસજાત તેમની તરફ અને તેઓને માટેની તેમની યોજના તરફ પાછા ફરે, એ માટે તેમણે તેમના પુત્ર ઈસુ ખ્રિસ્ત મારફતે એક માર્ગ તૈયાર કર્યો.

**"કેમ કે ઈશ્વરે જગત પર એટલો બધો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. કેમ કે જગતનો ન્યાય કરવા સારૂ નહિ, પણ તેમનાથી જગતનું તારણ થાય, એ માટે ઈશ્વરે પોતાના દીકરાને જગતમાં મોકલ્યો છે."**

**ઈસુએ તેને કહ્યું, "માર્ગ તથા સત્ય તથા જીવન હું છું; મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવતું નથી."**

**"આપણે તેમનામાં (ઈસુમાં) ઈશ્વરના ન્યાયીપણારૂપ થઈએ, માટે જેમણે પાપ જાણ્યું ન હતું તેમને (ઈસુને) ઈશ્વરે આપણે વાસ્તે પાપરૂપ કર્યા."**

**"કેમ કે ખ્રિસ્ત પણ એક વેળા પાપોને સારૂ, એટલે કે ન્યાયીએ અન્યાયીઓને બદલે મરણ પામ્યા, જેથી કરીને તે તમને ઈશ્વરની પાસે પહોંચાડે.", "કેમ કે જે મને પ્રાપ્ત થયું તે મેં પ્રથમ તમને કહી સંભળાવ્યું કે ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણાં પાપને સારૂ મરણ પામ્યા, અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તેમને દાટવામાં આવ્યા અને ત્રીજે દહાડે તેમનું ઉત્થાન થયું."**

તમારાં પાપ માફ થાય, તમારા સર્જનહાર ઈશ્વર સાથે તમે યોગ્ય સંબંધમાં આવી શકો અને ઈસુની મારફતે હમણાં અને સદાકાળ સુધી સાચા

સુખનો તમે અનુભવ કરી શકો એ માટે ઈસુ ખ્રિસ્ત તમારે સારૂ મરણ પામ્યા.

**ઈસુએ કહ્યું, "તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે એ માટે હું આવ્યો છું."**

**ઈસુએ કહ્યું, "ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ. મારી ઝૂંસરી તમે પોતા પર લો, અને મારી પાસેથી શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, અને તમે તમારા જીવમાં વિસામો પામશો."**

**ઈસુએ કહ્યું, "જે કોઈ મારા પર વિશ્વાસ રાખે છે તે અંધારામાં ન રહે, માટે જગતમાં હું પ્રકાશરૂપે આવ્યો છું."**

**"કેમ કે પાપનો મુસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે."**

**"પણ જેટલાંએ તેમનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેમના પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેમણે ઈશ્વરનાં બાળકો થવાનો અધિકાર આપ્યો."**

**"જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, ઈશ્વરે તેમને મૂએલાંમાંથી પાછા ઉઠાડ્યા, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ."**

**"જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે."**

તમે અત્યારે જ પ્રભુને નામે વિનંતી કરી શકો છો અને નીચે મુજબની પ્રાર્થના કરીને ઈસુ ખ્રિસ્તનો તમારા અંગત તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કરી શકો છો :

*વહાલા ઈશ્વર,*

*હું વિશ્વાસ કરું છું કે ઈસુ મારાં પાપોને લીધે મરણ પામ્યા, અને તમે તેમને મૂએલાંમાંથી પાછા ઉઠાડ્યા છે. મારે માટે તમે તમારો દીકરો આપી દીધો એ માટે હું તમારો આભાર માનું છું. અત્યારે જ હું ઈસુના નામે વિનંતી કરીને મારા અંતઃકરણમાં તેમનો મારા તારનાર અને મારા જીવનના પ્રભુ તરીકે સ્વીકાર કરું છું.*



*હે ઈશ્વર, તમે મને મારાં પાપમાંથી બચાવ્યો છે એ માટે તથા તમારી સાથેના યોગ્ય સંબંધમાં તમે મને પુનઃસ્થાપિત કર્યો છે એ માટે હું તમારો આભાર માનું છું. દરરોજ હું તમને વધુ સારી રીતે ઓળખી શકું એ માટે તથા દરેક પ્રકારે તમને પસંદ પડે એવું જીવન જીવવા મારી સહાય કરો. મારા જીવનના દરેક ક્ષેત્રમાં તમારી પર વિશ્વાસ રાખવા તથા તમને આધીન થવાની ઈચ્છા હું રાખું છું. હું તમને ચાહું છું!*

*ઈસુના નામમાં, આમેન !*